MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શનિવાર । તા. ૩૦-૦૫-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 પેરિસ કોરોનાના રેડ ઝોનમાંથી બહાર: જૂનથી રેસ્ટોરાં, બાર અને કાફે ખોલવાની પરવાનગી અપાશે

5 લોકડાઉન-૫ અંગે પીએમ મોદી અને એચએમ શાહ વચ્ચે મહામંથન

7 જૂનથી ગુજરાતમાં મંદિરો સાથે ધાર્મિક સ્થળોને ખોલવામાં આવે તેવી સંભાવના

12 નર્મદા જિલ્લા સેવાસદનમાં કાર્યરત બાળ સુરક્ષા વિભાગની કચેરીમાં કર્મચારીઓના માથે મંડરાતું જોખમ

કેન્દ્રીય ગૃહમંત્રી અને ગૃહ સચિવે તમામ રાજ્યો સાથે મંત્રણા કરી

દેશ લોકડાઉન-૫.૦ માટે તૈયાર રહે, ૧૩ શહેરોને બાદ કરતાં બાકી બધે મળશે છૂટછાટો

અમદાવાદ-મુંબઈ-દિલ્હી સહિત ૧૩ શહેરોમાં જ મોટાભાગના પ્રતિબંધો રહેશે,આજે જારી થશે નવી ગાઈડલાઈન

નવી દિલ્હી

કોરોના મહામારીને રોકવા અમલમાં મૂકાયેલા રાષ્ટ્રવ્યાપી લોકડાઉન ૪.૦ની મુદત રવિવારે સમાપ્ત થઈ રહી હોવાથી કેન્દ્ર સરકારે લોકડાઉન ૫.૦ની તૈયારી શરૂ કરી દીધી હોવાનું જાણવા મળે છે. .કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ સંબંધમાં તમામ મુખ્યમંત્રીઓ સાથે ફોન ઉપર વાતચીત કરી છે અને ૩૧મી પછી લોકડાઉન વધારવા પર તેમના વિચારો જાણ્યા હતા. આ ઘટનાક્રમમાં ગઈકાલે કેબીનેટ સચિવ રાજીવ ગૌબાએ રાજ્યોના મુખ્ય સચિવો અને સ્વાસ્થ્ય સચિવો સાથે વાત કરી હતી.

સૂત્રોએ કહ્યું કે, જેમા કોરોનાથી સૌથી વધુ અસરગ્રસ્ત ૧૩ શહેરોના કમિશ્નરો, કલેકટરો અને એસપીને સામેલ કરી સરકારે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે લોકડાઉન ૫.૦ દરમિયાન મુખ્ય ભાર હોટસ્પોટ પર રહેશે અને દેશના બાકી ભાગોમાં પહેલેથી વધુ છૂટછાટ અપાશે.

૩૧મી પછી મોટાભાગના રાજ્યો માત્ર કન્ટેન્મેન્ટ ઝોનમાં જ પ્રતિબંધો ઈચ્છે છે. જો કેન્દ્ર સરકાર મંજુરી આપે તો પછી રાજય સરકારો પહેલા કરતા વધુ બજારો ખોલવા, એક રાજ્યથી બીજા રાજ્ય સુધી પરિવહન સુવિધાને વધુ સુગમ બનાવવા, સોશ્યલ ડીસ્ટન્સીંગ સાથે ધાર્મિક સ્થળો ખોલવા જેવા નિર્ણયો લઈ શકે છે. અમુક રાજ્યો મહિનાની અંદર સ્કૂલો ફરીથી ખોલવા ઈચ્છે છે.

લોકડાઉનના ચોથા તબક્કામાં કેન્દ્રએ રાજ્યોને ઝોન અંગે નિર્ણય લેવા જણાવ્યુ હતું. અનેક રાજ્યોમાં દુકાનો ખુલી ગઈ છે. રેલ્વે અને વિમાન સેવા પણ શરતોને આધીન શરૂ થયા છે. કોરોનાના કેસની ઝડપથી વધતી સંખ્યા સરકાર માટે ચિંતાની બાબત છે, પરંતુ

અનુસંધાન પાના નં. ૫

લોકડાઉન-૫ અમલમાં આવશે કે નહીં તે અંગે કોઈ નિર્ણય લેવાયો નથી

ગુજરાતમાં ૧ જૂનથી લોકડાઉન-૫ એ માત્ર એક અફવા: રૂપાણી

ગાંધીનગર

કોરોના મહામારીને પગલે ગુજરાત સહિત સમગ્ર દેશમાં લોકડાઉન-૪ ચાલી રહ્યું છે. આ લોકાઉન આગામી ૩૧મી મેના રોજ પૂર્ણ થઈ રહ્યું છે. એક તરફ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા રાજ્યોના મુખ્યમંત્રીઓ પાસે લોકડાઉન-૫ને લઈને ચર્ચા કરવામાં આવી રહી છે અને તેમની સૂચનો મંગાવાય રહ્યા છે, ત્યારે ગુજરાતમાં આગામી પહેલી જૂનથી લોકડાઉન-૫ અમલમાં આવશે અને ફરીથી બંધું બંધ કરી દેવામાં આવશે, તેવી અફવા ઉડી હતી.

આજે મુખ્યમંત્રી રૂપાણીએ જણાવ્યું છે કે, રાજ્યમાં કેટલાક લોકો આગામી ૧ જૂનથી લોકડાઉન-૫ અમલમાં આવશે અને ફરીથી બધું બંધ કરી દેવામાં આવશે, એવી અફવા ફેલાવી રહ્યા છે. આ વાતો તદ્દન ખોટી છે અને અફવાથી વિશેષ કંઈ નથી. ગુજરાત સરકારે આ પહેલા અપાયેલી કોઈ પણ છૂટછાટ પાછી લેવાનો કોઈ નિર્ણય લીધો નથી.

આ સંજોગોમાં નાગરિકો આવી ખોટી અફવાઓથી દૂર

અનુસંધાન પાના નં. ૫

મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧૬ પોલીસકર્મીઓનાં કોરોના રિપોર્ટ પોઝિટિવ

મુંબઈ

ભારતમાં કોરોના મહામારીથી લોકોનાં જીવન પર ખરાબ અસર થઈ રહી છે. આ રોગચાળોનો સૌથી વધુ ફેલાવો દેશાનાં મહારાષ્ટ્ર રાજ્યમાં જોવા મળી રહ્યો છે. મહારાષ્ટ્રમાં આ જીવલેણ વાયરસનાં ઝપટમાં આવ્યા બાદ અત્યાર સુધી ૧,૯૮૨ લોકો મૃત્યુ પામ્યા છે, જ્યારે રાજ્યમાં ૫૯,૫૪૬ લોકો હજી પણ જીવન અને મૃત્યુ સાથે લડી રહ્યા છે. દરમિયાન મહારાષ્ટ્ર પોલીસમાં આ નવા કેસો સાથે કોરોનાની ઝપટમાં આવનારા કર્મચારીઓની કુલ સંખ્યા વધીને ૨,૨૧૧ થઈ ગઈ છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧૬ પોલીસકર્મીઓનાં કોરોના રિપોર્ટ આવ્યા છે. પોઝિટિવવળી આ ખતરનાક વાયરસને કારણે અત્યારસુધીમાં ૨૫ કર્મચારીઓનાં મોત પણ નીપજ્યાં છે. ઉલ્લખનિય છેકે, મહારાષ્ટ્ર, તામિલનાડુ, દિલ્હી અને ગુજરાતમાં કોરોનાનાં સૌથી વધુ કેસ જોવા મળ્યા છે. મહારાષ્ટ્રમાં આ જીવલેણ વાયરસનાં કારણે અત્યાર સુધી ૧,૯૮૨ લોકો મૃત્યુ પામ્યા છે, જ્યારે રાજ્યમાં હજી પણ ૫૯,૫૪૬ લોકો આ રોગચાળા સામે લડી રહ્યા છે. રાજ્યનાં લોકો માટે રાહતની વાત એ છે કે આ ખતરનાક વાયરસથી અત્યાર સુધીમાં ૧૮,૬૧૬ લોકો સંપૂર્ણ રીતે ઠીક થઈ ચુક્યા છે.

ભારત સંક્રમણના કેસમાં એશિયામાં પહેલા અને દુનિયામાં ૯માં સ્થાને

દેશમાં કોરોનાનો પ્રકોપ: ૨૪ કલાકમાં ૭૪૬૬ કેસો, ૧૭૫ના મોત

- **કુલ સંક્રમિતોનો આંકડો ૧.૬૫ લાખને પાર,મૃત્યુઆંક ૪૭૦૬એ પહોંચ્યો: કુલ ૮૯,૯૮૭ એક્ટિવ કેસ, રિકવરી દર વધીને ૪૨.૮૮ ટકા સુધી પહોંચ્યો,૭૧૧૦૫ દર્દી સાજા થયા**
- **દિલ્હીમાં એક દિવસમાં સૌથી વધારે ૧૦૨૪ સંક્રમિત મળ્યા, ૧૩ના મોત, ૨૩૧ સાજા થયા**
- **સૌથી વધારે કેસમાં મહારાષ્ટ્ર પહેલા, તમિલનાડૂ બીજા અને દિલ્હી ત્રીજા અને ગુજરાત ચોથા ક્રમ પર**

નવી દિલ્હી

કોરોના વાયરસના સંક્રમણની અસર ભારતમાં ઝડપથી વધી રહી છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડાઓ અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં એટલે કે આજે શુક્રવારે પૂરા થયેલા છેલ્લાં ૨૪ કલાકમાં સમગ્ર દેશમાં કોરોનાના ૭૪૬૬ નવા કેસ સામે આવ્યા છે. જે અત્યારસુધીમાં ૨૪ કલાકમાં નોંધાયેલા કેસોમાં સૌથી વધારે છે. એ જ રીતે છેલ્લાં ૨૪ કલાકમાં કોરોનાથી વધુ ૧૭૫ લોકેના મોત થયા છે. તે સાથે જ કુલ મૃત્યુઆંક વધીને ૪,૭૦૬ પર પહોંચી ગયો છે. ભારત હવે કોરોના સંક્રમણના કેસમાં એશિયામાં પ્રથમ સ્થાને અને દુનિયામાં ૯મા સ્થાને પહોંચી ગયું છે.

ભારતમાં કોરોના લોકડાઉન-૪ની મુદત પૂરી થવામાં છે. ૩૧ મેના રોજ લોકડાઉન-૪ પૂર્ણ થયા બાદ તેમાં વધારો કરવાની શક્યતા જોવામાં આવી રહી છે. જેમાં વધારે છૂટછાટ આપવાની સંભાવના વચ્ચે રેજેરોજ કોરોનાના કેસો વધી રહ્યાં છે. એક જ દિવસમાં ૭ હજાર કરતાં વધુ કેસો નોંધાયા હોય તેવુ બીજી વાર બન્યુ છે. અને ૬ હજાર કરતાં વધારે કેસો નોંધાયા હોય તેવું છેલ્લાં એક સપ્તાહથી થઈ રહ્યું છે. એક તરફ કેસોમાં વધારો થઈ રહ્યો છે તો બીજી તરફ લોકડાઉન-૫ની જાહેરાત વખતે વધુ છૂટછાટો અપાશે તો હજુ કેસો વધવાની શક્યતા જોવામાં આવી રહી છે. અલબત્ત, કેન્દ્ર સરકાર પાસે અર્થતંત્રને ધમધમતુ કરવા માટે લોકડાઉનમાં વધારે છૂટછાટો આપવા સિવાય અન્ય કોઈ વિકલ્પ પણ નથી. તેથી કડક

અનુસંધાન પાના નં. ૫

રેલવેમાં હવે ૩ મહિના પહેલા કરાવી શકાશે એડવાન્સ બુકીંગ

રેલવે ટિકિટ રિઝર્વેશન નિયમોમાં મંત્રાલય દ્વારા કરાયો મહત્વનો ફેરફાર

નવી દિલ્હી

૧ જૂનથી ભારતીય રેલવે મુસાફરો માટે ૨૦૦ વધુ ટ્રેનો દોડાવવા જઈ રહ્યું છે. આવામાં દરેકને કન્ફર્મ ટિકિટની ઈચ્છા હોય છે જેથી કરીને મુસાફરીમાં કોઈ તકલીફ પડે નહીં. હવે તમારી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ભારતીય રેલવેએ ટિકિટના એડવાન્સ બુકિંગના નિયમોમાં ફેરફાર કર્યો છે.

ભારતીય રેલવેએ, રેલવે મુસાફરોના હકમાં એક મોટો નિર્ણય લીધો છે. મુસાફરો હવે ૩ મહિના પહેલા જ પોતાની મુસાફરી માટેની ટિકિટ એડવાન્સમાં બુક કરાવી શકે છે. તેનાથી ટિકિટ મળવામાં અને મુસાફરીની યોજના બનાવવામાં મદદ મળશે. અત્રે જણાવવાનું કે અત્યાર સુધી તમે ફક્ત એક મહિના પહેલા જ એડવાન્સ બુકિંગ કરાવી શકતા હતાં. ૩ મહિના અગાઉટિકિટ બુક કરાવવાની સાથે રેલવેએ આ ટ્રેનમાં કરન્ટ સીટ બુકિંગ, તત્કાળ કોટા બુકિંગ અને વચ્ચેના સ્ટેશનોથી પણ ટિકિટ બુક કરાવવાની સેવાઓ શરૂ કરવાનો નિર્ણય લીધો છે.

સૂત્રોએ કહ્યું કે, હાલ ૨૩૦ સ્પેશિયલ ટ્રેનમાં મુસાફરી માટે ઓનલાઈન

અનુસંધાન પાના નં. ૫

જોગીને કાર્ડિયક અરેસ્ટ પછી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા

છત્તીસગઢના પ્રથમ મુખ્યમંત્રી અજીત જોગીનું ૭૪ વર્ષની વયે નિધન

રાયપુર

છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી અજીત જોગીનું ૭૪ વર્ષની ઉંમરે નિધિન થયું છે. આજે તેમણે છેલ્લા શ્વાસ લીધા. અજીત જોગીને કાર્ડિયક અરેસ્ટ પછી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તે ૯ મેથી હોસ્પિટલમાં દાખલ હતા. અજીત જોગીને વેન્ટીલેટરની મદદથી શ્વાસ આપવામાં આવતો હતો. પણ તેમના મગજની ગતિવિધિઓ ઓછી થઈ રહી હતી. અને થોડાક સમયથી તેમની સ્થિતિ નાજુક હતી. લગભગ ૨૦ દિવસ સુધી જોગી કોમામાં રહ્યા હતા. બુધવારે રાત્રે તેમને ફરી કાર્ડિયક અરેસ્ટ આવ્યો.



અને શુક્રવારે તેમની તબિયત વધુ બગડવા લાગી. જે બાદ તેમને મૃત જાહેર કરવામાં આવ્યા.

નોંધનીય છે કે ૯ મેની સવારે કાર્ડિયક અરેસ્ટ પછી રાયપુરના શ્રી નારાયણા હોસ્પિટલમાં તેમને દાખલ કરવામાં આવ્યા હતા. ડૉક્ટરનું કહેવું છે કે કાર્ડિયક અરેસ્ટ પછી અજીત જોગીના ધબકારા રોકાઇ ગયા હતા. અને તે કોમામાં જતા રહ્યા હતા. અને તે પછી તેમના સ્વાસ્થયમાં કોઇ સુધાર જોવા

અનુસંધાન પાના નં. ૫

બાબરી કેસમાં CBI કોર્ટ ૪ જૂનથી આરોપીઓનાં નિવેદન નોંધશે

વરિષ્ઠ નેતા એલ.કે. અડવાણી સહિત ૩૨ આરોપીઓને હાજર કરાશે

ભાજપના નેતાઓ વિનય કટિયાર, ઉમા ભારતી પણ આરોપી

લખનઉ

બાબરી મસ્જિદ વિવાદ મામલે ઝ્મ્ કોર્ટ ૪ જૂનથી ભાજપના નેતાઓ સહિત તમામ ૩૨ આરોપીઓનાં નિવેદન નોંધશે. બચાવ પક્ષના વકીલને આરોપીઓ માટે ઉપયુક્ત તારીખ કોર્ટને જણાવવા અને આરોપીઓને હાજર કરવાનું શરૂ કરવા કહેવાયું છે.

અગાઉ વિશેષ કોર્ટ(અયોધ્યા કેસ)એ ૧૮ મેના રોજ સીબીઆઈને અમુક નિર્દેશ આપ્યા હતા. તેમાં કહેવાયું હતું કે બાબરી મસ્જિદ વિવાદ મામલે સુનાવણી કરવાના ઉદ્દેશ્યથી કોર્ટરૂમમાં વીડિયો કોન્ફરન્સિંગની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે યુપીના મુખ્ય સચિવને પત્ર મોકલવામાં આવે.

વિવાદિત માળખા મામલે પૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણી, યુપીના પૂર્વ મુખ્યમંત્રી કલ્યાણ સિંહ, ભાજપ નેતા મુરલી મનોહર જોશી, વિનય કટિયાર, ઉમા ભારતી અને વિશ્વ હિન્દુ પરિષદના નેતા ચંપત રાય વગેરે આરોપીઓ છે. વિશેષ જજ એસ.કે.યાદવે તેમના આદેશમાં એ પણ ઉલ્લેખ કર્યો હતો કે સુપ્રીમકોર્ટે ગત આઠ મેના રોજ વિશેષ કોર્ટને

અનુસંધાન પાના નં. ૫

ચીન મુદ્દે ટ્રમ્પનો દાવો બેબુનિયાદ: ભારતનો અમેરિકાને વળતો જવાબ

ટ્રમ્પ અને પીએમ મોદી વચ્ચે છેલ્લે ૪ એપ્રિલ, ૨૦૨૦ના રોજ વાતચીત થઈ હતી,હમણાં નહીં

નવી દિલ્હી

ભારત અને ચીન વચ્ચે શરૂ થયેલા સરહદ વિવાદ અંગે ટ્રમ્પે આપેલા નિવેદન બાદ ભારતે પ્રતિક્રિયા આપી હોવાની માહિતી સામે આવી છે. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે, ભારતે જણાવ્યુ કે, ટ્રમ્પ સાથે પીએમ મોદીએ કોઈપણ પ્રકારની વાતચીત કરી નથી. ભારત સરકારના દાવા પ્રમાણે ટ્રમ્પ અને પીએમ મોદી વચ્ચે ચાર એપ્રીલ, ૨૦૨૦માં અંતિમ વખત વાતચીત થઈ હતી. જે હાઈડ્રોક્સી ક્લોરોક્વિન અંગે કરવામાં આવી હતી.

જ્યારે ટ્રમ્પે જણાવ્યુ હતુ કે, ચીન સાથે ચાલી રહેલા સીમા વિવાદ પર પીએમ મોદી સારા મૂડમાં નથી. ભારત અને ચીન વચ્ચે મોટો સંઘર્ષ ચાલી રહ્યો છે. ૧.૪ બિલિયન વસ્તી ધરાવતા બન્ને દેશની સૈન્ય તાકાત વધારે મજબૂત છે. સીમા વિવાદથી ભારત અને ચીન પણ ખુશ નથી. આ મામલે પીએમ મોદી સાથે મે વાતચીત કરી છે. ત્યારે ટ્રમ્પે મીડિયા બ્રિફિંગ દરમ્યાન આપેલા આ પ્રકારના નિવેદન બાદ ભારત દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી હોવાનું માનવામાં આવી રહ્યુ છે.

ટ્રમ્પે એમ પણ કહ્યું હતું કે, સીમા વિવાદથી ભારત અને ચીન પણ ખુશ નથી. આ મામલે પીએમ મોદી સાથે મે વાતચીત કરી છે. પરંતુ ચીન સાથે જે વિવાદ થયો છે. તેનાથી પીએમ મોદી સારા મૂડમાં નથી. આ ઉપરાંત ટ્રમ્પે પીએમ મોદીના વખાણ કરતા જણાવ્યુ હતુ કે, હું પીએમ મોદીને પસંદ કરુ છુ અને તેઓ સક્ષ્મ પુરૂષ છે.

ભારતે ચીન સાથેના સરહદ વિવાદમાં અમેરીકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના

અનુસંધાન પાના નં. ૫

કોરોનાએ વિશ્વભરમાં લોકોના જીવન પર કરી છે આ અસરો....!

વોશિંગ્ટન

કોરોના વાઇરસને કારણે વિશ્વમાં ૫૮ લાખથી વધુ લોકો બીમાર થયા અને સાડા ત્રણ લાખથી વધુ લોકોનાં મોત થયાં. કોરોના મનુષ્યના જીવન પર છેલ્લા દાયકાઓમાં સૌથી મોટું જોખમ બનીને આવ્યું. આ મહામારીએ વિશ્વભરની દરેક વસ્તુ બદલી નાંખી છે. ખાસ કરીને આપણા રોજિંદા જીવન સાથે સંકળાયેલી ચીજોને મોટા પાયે બદલી નાંખી છે.. જેનો અંદાજ લગાવી શકાય નહીં. છતાં આંકડા તપાસનારા અને આપણી વચ્ચેનું સ્ટેટિસ્ટિક મગજ તેને માપવાનું પ્રયત્ન કરી રહ્યું છે.અમે એવા મોટા કેટલાક ફેરફારોને સમજવાનો પ્રયત્ન કર્યો છે. જે આ મુજબ છે...

આરોગ્યકર્મીઓનું સન્માન, વખાણ વધ્યા

સંકટના સમયમાં હેલ્થ સ્ટાફ મસિહા બનીને આવ્યો. તેઓ પોતાની અને પરિવારની પરવા કર્યા વિના મોરચા પર ટકી રહ્યા. લોકો તાળીઓ, સંગીત વગાડી તેમનું સન્માન કરવા લાગ્યા.

માસ્ક, ડિસ્ટન્સિંગ

જાહેર પરિવહન, દુકાનો અને ભરચક વિસ્તારોમાં લોકો માસ્ક પહેરવા લાગ્યા. સોશિયલ ડિસ્ટન્સિંગ પણ જાળવી રહ્યા છે. સંક્રમણના સમયમાં આ જીવનનો ભાગ બની ગયા છે. આરોગ્યને લઇ જાગરુકતા પણ વધી છે.

બેરોજગારી વધી

કોરોના વાઇરસની અસર રોજગાર પર પણ પડી. અમેરિકામાં બેરોજગારી દર રેકોર્ડ ૧૪ ટકા થઇ ગયો. નિષ્ણાતો મુજબ ૧૯૯૮ બાદ પહેલી વખત ગરીબી વધશે. આશરે ૫૦ કરોડ લોકો ગરીબીનો શિકાર થઇ શકે છે.

અંદાજ કરતાં વધુ મોત

કોરોનામાં વિશ્વભરમાં થયેલાં મોતની સંખ્યા અંદાજ કરતાં ઘણી વધારે છે. સત્તાવાર આંકડા સ્પષ્ટ તસવીર નથી દેખાડતા પરંતુ ૨૪ દેશોના અભ્યાસ બાદ 'ન્યુયોર્ક ટાઇમ્સ'ને જણાયું કે ઘણા દેશોમાં ૭૪ હજાર મોત વધુ થયા છે. તેમાં હોસ્પિટલોમાં સારવાર કરાવવા નહીં ગયેલા પણ સામેલ છે. અમેરિકામાં આશરે ૫૭ હજાર મોત અંદાજથી વધુ થયાં છે.

લોકો વસિયતનામું કરવા લાગ્યા

કસમયના મોતના ડરથી વિલ બનાવવામાં તેજી આવી છે. તેનું કારણ એ પણ છે કે કોરોનાથી સારવાર કે મોત દરમિયાન પરિવાર, મિત્ર કે નજીકના સંબંધીઓને પાસે આવવાની મંજૂરી અપાતી નથી.

પલાયન અને સંક્રમણ વધ્યું

મહામારીને રોકવા માટે માનવ ઇતિહાસના સૌથી મોટા પ્રતિબંધ મૂકવામાં આવ્યા છતાં તે પૂરતા સાબિત થયા નહીં. લાખો લોકોનો કામ-ધંધો બંધ થઇ ગયો તો તેઓ ઘરે પરત થવા લાગ્યા. એકલા વુહાનમાંથી ૭૦ લાખ લોકો શહેર છોડીને જતા રહ્યા. કોરોનાનો પ્રકોપ ફેલાવવાનો એનાથી ખરાબ સમય હોઇ શકે નહીં.

ટ્રાફિક, અકસ્માત ઘટ્યા, સ્પીડ વધી ગઇ

લૉકડાઉન દરમિયાન ટ્રાફિક બંધ હોવાથી માર્ગો પર અકસ્માત ઘટ્યા, પરંતુ વાહનચાલકોએ તેમની સ્પીડ વધારી દીધી. ખાલી માર્ગો પર લોકો પૂરઝડપે વાહન દોડાવવા લાગ્યા.

પર્યાવરણમાં સુધારો

વિશ્વભરમાં ટ્રાફિક અટકી જવાની અસર ગ્રીનહાઉસ ગેસ અને કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જન પર પડી. ફોસિલ ફ્યૂઅલ અને વાહનોનો ઉપયોગ ઘટવાથી તેમાં રેકોર્ડ ઘટાડો થયો. નવા રિસર્ચ મુજબ આ ગેસોનું ઉત્સર્જન આશરે ૮ ટકા સુધી ઘટ્યું.

ગુના ઘટ્યા, ચોરી-છેતરપિંડી વધ્યાં

મોટા ગુનામાં ઘટાડો થયો, પરંતુ ચોરી-છેતરપિંડી વધી ગયા. વિરાન શહેરોનો લાભ ઉઠાવી ચોરોએ દુકાનો, રેસ્ટોરન્ટને નિશાન બનાવ્યા. કોરોનાના નામે ઓનલાઇન છેતરપિંડી વધી ગઇ છે.

દુનિયા ઓનલાઇન થઇ

વર્ક ફ્રોમ હોમ, ઓનલાઇન અભ્યાસ, ટ્રેનિંગનું ચલણ વધ્યું. મોટા ભાગનાં બાળકો ઘરોમાં જ રહ્યાં. જરૂરિયાતની વસ્તુઓની હોમડિલિવરી વધી. ચીજોને અડવાથી બચવા માટે ઓનલાઇન ઓર્ડર પણ વધ્યા. ઇ-લર્નિંગ, ઇ-ગેમિંગ, ઇ-બુક્સ અને ઇ-અટેન્ડન્સનું ચલણ વધ્યું.

સ્ક્રીન ટાઇમ વધ્યો

કોરોના મહામારી પહેલાં અમે ડિજિટલ ડિવાઇસ કે ઉપકરણો પર પસાર કરનારા સમયને ઓછો કરવા કે તેને જોવાથી અટકવાનો દરેક સંભવ પ્રયાસ કર્યો. પરંતુ લૉકડાઉને તેને વધારી દીધો. લોકોએ સ્ક્રીન પર વધુ સમય વિતાવ્યો.

લોટનો વપરાશ વધ્યો, પરંતુ સાથે ખાવાની ટેવ છૂટી ગઇ

લૉકડાઉન દરમિયાન મોટી વસતી ઘરોમાં કેદ થઇ ગઇ. આ સમયનો ઉપયોગ લોકોએ નવા-નવા પ્રયોગો કરવામાં કર્યો. સૌથી વધુ એક્સપેરિમેન્ટ ખાવા-પીવા અંગે થયો. મર્યાદિત સંસાધનો વચ્ચે સૌથી વધુ વપરાશ લોટનો થયો. જોકે સોશિયલ ડિસ્ટન્સિંગને કારણે સાથે મળીને રસોઇ બનાવવા અને ખાવાની ટેવો ઓછી થઇ ગઇ.

પાલઘરમાં મંદિરના પૂજારીઓ પર હુમલો કરી લૂંટ ચલાવીને હુમલાખોરો ફરાર

પાલઘર

મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના બાલીવલીમાં ત્રણ અજાણ્યા હુમલાખોરોએ બે પૂજારીઓ પર હુમલો કર્યો અને મંદિરમાં લૂંટ ચલાવી હતી, એમ પોલીસે શુક્રવારે જણાવ્યું હતું. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, ગુરુવારે સવારે ૧૨.૩૦ વાગ્યે ત્રણ સશસ્ત્ર શખ્સોએ વસઈ તાલુકાના બાલીવલી ખાતે આવેલા જાગૃત મહાદેવ મંદિર અને આશ્રમમાં ઘૂસ્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે ત્રણેય લોકોએ મંદિરના મુખ્ય પૂજારી શંકરનંદ સરસ્વતી અને તેના સહાયક ઉપર હુમલો કર્યો હતો અને રૂ .૬,૮૦૦ ની કિંમતી ચીજવસ્તુઓ સાથે સટ્ટ થઈ હતી. વિરાર પોલીસ સ્ટેશનના સ્ટેશન ગૃહ અધિકારીએ જણાવ્યું હતું કે, ભારતીય દંડ સંહિતાની કલમ ૪ ૪૪ (લૂંટ કરતી વખતે ઘાયલ થવા) અને અન્ય સંબંધિત જોગવાઈ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

શાહ સાથે ફોન પર વાત કર્યા બાદ ગોવાના સીએમનું નિવેદન

૩૧મી પછી લોકડાઉન વધુ ૧૫ દિવસ લંબાઈ શકે છે

નવી દિલ્હી

કેન્દ્ર સરકાર ૩૧ મેના રોજ પૂરું થઈ રહેલા લોકડાઉનને હાલની શરતો સાથે ૧૫ દિવસ લંબાવી શકે છે. ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે આજે આ નિવેદન આપ્યું છે. તેમનું કહેવું છે કે દેશમાં કોરોનાના કેસ વધી રહ્યા છે, તેને રોકવા માટે લોકડાઉન લંબાવવું જરૂરી છે. સાવંતે આ પહેલા ગુરુવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે ફોન ઉપર વાત કરી હતી.

સાવંતે કહ્યું કે અમે ગોવામાં રેસ્ટોરાં, હોટલ, મોલ અને જીમને સોશિયલ ડિસ્ટેંસિંગ સાથે ખોલવાની છૂટ માંગીશું. અમે કેન્દ્રીય ગૃહ મંત્રાલય સામે અમારી વાત રાખીશું. ગૃહ મંત્રાલય આવતીકાલે નવી ગાઈડલાઈન બહાર પાડી શકે છે.

દેશમાં લોકડાઉનનો ચોથો તબક્કો ૧૮ મેથી શરૂ થયો હતો. જે ૩૧ મે સુધી રહેશે. તેમા સૌથી મોટી છૂટ દુકાનો અને બજારોને આપવામાં આવી છે. પહેલીવાર કન્ટેનમેન્ટ ઝોન બહાર તમામ દુકાનો ખોલવાની પરવાનગી અપાઈ છે.આ બધાની વચ્ચે સરકારે ૨૫ મેથી ઘરેલુ ઉડાન પણ શરૂ કરી છે.

શું ચીન ભારત સાથે યુદ્ધની તૈયારીમાં છે...? ભારતની સરહદે તોપો અને ફાઇટર પ્લેનો ગોઠવ્યા

સેટેલાઇટ તસવીરો દર્શાવે છે કે ચીન બોર્ડર પર સેનાની તૈનાતી વધુ મજબૂત કરી રહ્યું છે

નવી દિલ્હી

ભારતના અભિન્ન અંગ પૂર્વ લદાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા એટલે કે ન્હીંક છષ્ઠેઙ્ઘ ઝંહંઙ્મિ-ન્છઝની આસપાસ ચીન અને ભારતીય સેનાની વચ્ચે તણાવ વધતો જઈ રહ્યો છે. બંને દેશોની વચ્ચે ચાલી રહેલા ઘર્ષણની વચ્ચે કેટલીક સેટેલાઇટ તસવીરોથી સ્પષ્ટ થઈ જાય છે કે ચીન આ વખતે ભારત સાથે યુદ્ધની તૈયારીમાં લાગી ગયું છે.

સૂત્રોએ કહ્યું કે, સેટેલાઇટ તસવીરોમાં સ્પષ્ટ થઈ ગયું છે કે ચીન બોર્ડર પર સેનાની તૈનાતી વધુ મજબૂત કરી રહ્યું છે. આ વિસ્તારમાં ઘણી મોટી સંખ્યામાં સુરક્ષા દળ, હેલીપેડ, તોપો, પાવર પ્લાન્ટ યૂનિટ, પીએલએ કેમ્પ અને મોટા ટ્રક જોવા મળ્યા છે. નિયંત્રણ રેખા પર ચીન બંકર તૈયાર કરી રહ્યું છે અને જમીનની અંદર મશીન ગન લગાવતા જોવા મળી રહ્યા છે. સૂત્રો મુજબ ચીનની આ તૈયારીઓથી તેમના ઉદ્દેશ્યો જાણી શકાય છે. દરમ્યાનમાં, ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઝાઓ લિજિયાનના જણાવ્યાં મુજબ, સરહદ પર સ્થિતિ હાલમાં સ્થિર છે અને

પટનામાં હાઈ-વોલ્ટેજ ડ્રામા

લોકડાઉન વચ્ચે તેજસ્વી યાદવ ગોપાલગંજ જવા નિકળ્યા, પોલીસે કારને રોકી

● આરજેડીના યાદવે ગોપાલગંજ હત્યાકાંડમાં JDU ધારાસભ્યની ધરપકડ માંગ કરી

● સરકારે કોરોના સંક્રમિત જવાનોને મોકલ્યા હોવાનો આક્ષેપ

પટના

ગોપાલગંજ ટ્રિપલ મર્ડર કેસમાં રાજનીતિએ વેગ પકડ્યો છે. રાષ્ટ્રીય જનતા દળ (ઇન્ટ્ઢ)ના ધારાસભ્યો સાથે તેજસ્વી યાદવ ગોપાલગંજ જવા શુક્રવાર સવારે ૧૦.૦૫ વાગ્યે ઘર બહાર નિકળ્યા તો તેમની કાર સામે પોલીસ અધિકારીઓ ઉભા રહી ગયા હતા. રાબડી નિવાસ બહાર હાઈ વોલ્ટેજ ડ્રામા ચાલી રહ્યો છે. મોટી સંખ્યામાં પોલીસને અહીં તહેનાત કરાયા છે. તેજસ્વી યાદવે ગોપાલગંજ હત્યાકાંડમાં જેડીયુ ધારાસભ્યની ધરપકડ માંગ કરી છે.

એક કારમાં બેસીને તેજસ્વી યાદવ, ઇન્ટ્ઢના પ્રદેશ અધ્યક્ષ જગદાનંદ સિંહ ગોપાલગંજ જવા નિકળ્યા. ગેટ બહાર આવતા જ પોલીસ અધિકારીઓએ તેમની કારને ઘેરી લીધી હતી. સચિવાલય ડીએસપી કાર સામે ઊભા રહી ગયા. પોલીસ અને સ્થાનિક અધિકારીઓ તેજસ્વી યાદવને યાત્રા ન કરવા સમજાવી રહ્યા છે. તેજસ્વી ગોપાલગંજ જવાની જિદ્દ પકડીને બેઠા છે. તેજસ્વીએ કહ્યું કે લોકડાઉનમાં આરોપીઓને છૂટ છે અને ધારાસભ્યોને પીડિત પરિવારને મળતા રોકવામાં આવી રહ્યા છે.

તેજસ્વી સાથે રાબડી દેવી, તેજ પ્રતાપ યાદવ અને પાર્ટીના ધારાસભ્યો પણ ગોપાલગંજ જવા તૈયાર છે. રાબડી નિવાસ બહાર મોટી સંખ્યામાં લોકો ભેગા થયા છે. પોલીસ અને ઇન્ટ્ઢ ધારાસભ્યો વચ્ચે ઘર્ષણ થઈ રહ્યું છે. ધારાસભ્યોએ બેરિકેડિંગ પછાડી દીધા છે. ત્યાર પછી કારનો કાફલો ધીમે ધીમે આગળ વધ્યો છે. જોકે થોડા સમયમાં જ પોલીસે કાફલાને રોકી દીધો હતો. ઇન્ટ્ઢ નેતા ભોલા યાદવે કહ્યું હતું કે અમે લોકો શાંતિપૂર્ણ રીતે ગોપાલગંજ જવા માંગતા હતા. સરકારે અમને લોકોને અટકાવવા માટે બિહાર સૈન્ય પોલીસના જવાનોને તહેનાત કર્યા છે. બિહાર સૈન્ય પોલીસના મોટાભાગના લોકો સંક્રમિત મળ્યા છે. સરકારે કોરોના સંક્રમિત જવાનોને મોકલ્યા છે, કારણ કે અમને પણ કોરોના થઈ જાય.

ગોપાલગંજ બનાવ શું છે?

૨૪ મેના રોજ ગોપાલગંજ જિલ્લાના હથુઆ પોલીસ સ્ટેશનની હદમાં રુપનચક ગામમાં જેપી યાદવ, તેના પિતા મહેન ચૌધરી, માતા સંકેસિયા દેવી અને ભાઈ શાંતનુ યાદવ ઉપર બાઈક સવાર ચાર આરોપીઓએ ફાયરિંગ કર્યું હતું. મહેશ અને સંકેરિયા દેવીના ઘટના સ્થળે મોત થયા હતા, જ્યારે સારવાર દરમિયાન શાંતનુનું મોત થયું હતું. જેપી યાદવની સારવાર ચાલી રહી છે.

આ કેસમાં જેપી યાદવે નિવેદન આપ્યું છે કે કુચાયકોટના જેડીયુ ધારાસભ્ય અમરેન્દ્ર કુમાર પાંડેય, તેમના ભત્રીજા મુકેશ પાંડેય, ભાઈ સતીશ પાંડેય અને એક અજાણી વ્યક્તિએ તેમના પર હુમલો કર્યો છે. પોલીસે મુકેશ પાંડેય અને તેના પિતા સતિશ પાંડેયની ધરપકડ કરી છે.

મોદી સરકારને આજે એક વર્ષ પૂર્ણ, ગઈ ૩૦મેના રોજ લીધા હતા શપથ

સરકાર ૨.૦માં કોરોના અને લોકડાઉન મોદી માટે પડકાર સમાન

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર પાર્ટ-૨ને આવતીકાલે ૩૦ મેના રોજ એક વર્ષ પૂરૂ થઈ રહ્યું છે. ગયા વર્ષે એપ્રિલ-મેમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ભાજપે ૩૦૨ બેઠકો સાથે પ્રચંડ બહુમતિ મેળવી હતી. અને મોદી ફરીથી પીએમ બન્યા હતા. તેમની સરકાર ૨.૦માં ગુજરાતમાંથી એક પાવરફુલ નેતા અમિત શાહ જોડાયા અને તેમને કેન્દ્ર સરકારમાં ગૃહમંત્રીનો મહત્વનો હોદ્દો અપાયો હતો. હાલમાં શાહ મોદી સરકારમાં પીએમ પછી સૌથી વધુ પાવરફુલ ગણાય છે.

મોદી સરકાર ૨.૦ની શરૂઆતમાં સરકાર પર વિપક્ષો દ્વારા બેકારી, ખરાબ અર્થનીતિ વગેરે.ના આરોપો લાગ્યા હતા,. જો કે ૨૦૨૦ની શરૂઆતમાં ફાટી નિકળેલા વૈશ્વિક મહામારી કોરોના મહામારીએ ભારતમાં પણ પગપેસારો કરતાં છેલ્લા ૩ મહિનાથી સમગ્ર મોદી સરકાર તેની સામે ઝઝુમી રહી છે.

ભારતના ઇતિહાસમાં કદાજ પહેલીવાર આખા દેશને ૬૦ દિવસ કરતાં વધુ સમય સુધી લોકડાઉનમાં કેદ કરી લેવામાં આવ્યું હતું. હાલમાં લોકડાઉન-૪નો તબક્કો ચાલે છે. ૩૧ મેના રોજ તેની મુજત વધારીને લોકડાઉન-૫ની જાહેરાત થઈ શકે તેમ છે. ૩૧ મેના રોજ પીએમ મોદી મનકીબાત કાર્યક્રમમાં લોકડાઉન-૫ અંગે જાહેરાત કરે તેમ માનવામાં આવી રહ્યું છે. વિરોધપક્ષ ખાસ કરીને કોંગ્રેસ દ્વારા મોદી સરકાર પર લોકડાઉન, પ્રવાસી લાચાર મજદૂરો વગેરે.ની સ્થિતુને લઈને આરોપો મૂકવામાં આવ્યાં છે. લોકડાઉનથી અર્થતંત્રને થયેલા નુકશાનમાંથી દેશને ઉગારવા મોદી સરકારે અત્યારસુધીનું સૌથી મોટુ ૨૦ લાખ કરોડનું પેકેજ જાહેર કર્યું છે.

પેરિસ કોરોનાના રેડ ઝોનમાંથી બહાર: જૂનથી રેસ્ટોરાં, બાર અને કાફે ખોલવાની પરવાનગી અપાશે

બ્રિટન સોમવારથી કોરોના પ્રતિબંધો હટાવવાનું શરૂ કરશે

બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસને ગુરુવારે કહ્યું હતું કે દેશમાં સોમવારથી પ્રતિબંધો હટાવવાની શરૂઆત કરાશે. તબક્કાવાર આ પ્રતિબંધ હટાવાશે. તેમણે કહ્યું કે પ્રતિબંધમાં છૂટ એ વાત ઉપર નિર્ભર કરે છે કે વાયરસ નિયંત્રણમાં રહે. આપણે સાથે મળીને સંક્રમણ રોકવામાં સફળતા મેળવી છે તેને બેકાર જવા ન નહીં દઈએ. લોકોએ સાવધાન રહેવાની જરૂર છે. સોશિયલ ડિસ્ટેંસિંગનું પાલન કરવા બદલ ઘરની બહાર એકસાથે છ લોકોને ભેગા થવાની પરવાનગી અપાશે.

દક્ષિણ કોરિયાએ ગત સપ્તાહે ખોલેલી સ્કૂલો ફરી બંધ કરી, મહામારીના કારણે બ્રિક્સ સંમેલન સ્થગિત, ઈટાલીમાં દોઢ લાખથી વધારે લોકોને સારવાર પછી રજા અપાઈ

ન્યૂયોર્ક

વિશ્વભરમાં કોરોના વાઈરસના અત્યાર સુધીમાં ૫૯ લાખ ૫ હજાર ૪૧૫ કેસ નોંધાયા છે. જેમાં ૩.૬૨ લાખ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૨૫.૮૦ લાખ લોકોને સારવાર પછી રજા અપાઈ છે. ફ્રાન્સના પ્રધાનમંત્રી એદુઆર્દ ફિલિપે ગુરુવારે કહ્યું હતું કે રાજધાની પેરિસ કોરોના સંક્રમણમાં રેડ ઝોનમાંથી બહાર આવી ગઈ છે. દેશના અન્ય ભાગમાં પણ સંક્રમણ ઓછું થયું છે. દેશમાં લોકડાઉનમાં રાહત આપવાનો બીજો તબક્કો શરૂ થશે. તે મુજબ જૂનથી રેસ્ટોરાં, બાર અને કાફે ખોલવાની પરવાનગી અપાશે. બીચ અને પાર્કમાં પણ લોકો અવરજવર કરી શકશે. દક્ષિણ કોરિયામાં ગત સપ્તાહે ખોલવામાં આવેલી સ્કૂલોને ફરી બંધ કરાઈ છે. દેશમાં નાયબ શિક્ષણ મંત્રી પાર્ક બેગ બેઓમે કહ્યું કે સંક્રમણના નવા કેસ સામે આવતા નિર્ણય લેવાયો છે. ઈટાલીમાં કોરોના વાઈરસના સંક્રમણનો ભોગ બનેલા દોઢ લાખ લોકોને સારવાર પછી રજા અપાઈ છે. ઈટાલીમાં હાલ એક્ટિવ કેસ ૪૭ હજાર ૯૮૬ છે. અહીં કુલ પોઝિટિવ કેસ ૨.૩૨ લાખ નોંધાયા હતા. જેમાં ૩૩ હજાર ૧૪૨ લોકોએ જીવ ગુમાવ્યા છે. રશિયામાં એક દિવસમાં ૮ હજાર ૩૭૧ કેસ નોંધાયા છે. મહામારીના કારણે રશિયાએ બ્રિક્સ (બ્રાઝીલ, રશિયા, ઈન્ડિયા, ચીન અને દક્ષિણ આફ્રિકા) સમૂહ અને શાંઘાઈ કોર્પોરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ) સમિટ સ્થગિત કરી દીધી છે. આ બન્ને સમિત આ વર્ષે રશિયામાં યોજાનાર હતી. અમેરિકામાં અત્યાર સુધીમાં ૧૭.૬૮ લાખ કેસ નોંધાયા છે. જેમાં ૧ લાખ ૩ હજાર ૩૩૦ લોકોના મોત થયા છે. ૪.૯૯ લાખ લોકોને સારવાર પછી રજા અપાઈ છે

કોરોના મહામારીથી ભોપાલની જનતા પરેશાન, ભાજપના સાંસદ ગાયબ

ભોપાલમાં ભાજપના સાંસદ પ્રજ્ઞા ઠાકુરના 'ખોવાયેલા છે' ના પોસ્ટર લાગ્યા

ભોપાલ

ભાજપ શાસિત મધ્ય પ્રદેશમાં પોસ્ટર પોલિટિક્સ શરૂ થઈ ગયું છે. હવે ભોપાલમાં ભાજપના વિવાદી સાંસદ પ્રજ્ઞા સિંહ ઠાકુર ખોવાયેલા છે.... તેવા પોસ્ટર લાગ્યા છે. આ પોસ્ટર શહેરના અમુક ભાગમાં લગાવાયા છે. ભોપાલની સાંસદ કોરોના સંકટમાં લોકો સામે આવ્યા નથી. તેથી કોઈએ રોષ વ્યક્ત કરવા આવા પોસ્ટરો લગાવ્યા હોવાની આશંકા છે.

પોસ્ટરમાં લખ્યું છે કે કોરોના મહામારીમાં ભોપાલના લોકો પરેશાન, સાંસદ પ્રજ્ઞા ઠાકુર ક્યા ગૂમ છે. જોકે આ પોસ્ટર કોણે લગાવ્યા છે તેનો ખુલાસો થયો નથી. આવું પહેલીવાર નથી બન્યું કે કોઈ નેતાના ખોલાયેલા છે તેવા પોસ્ટર લાગ્યા હોય. આ પહેલા જ્યોતિરાદિત્ય સિંધિયા, પૂર્વ મુખ્યમંત્રી કમલનાથ અને તેના પુત્ર સાંસદ નકુનાથના પણ આ પ્રકારના પોસ્ટરો લાગ્યા હતા. સિંધિયા સમર્થક ઈમરતી દેવીના પણ પોસ્ટરો લાગ્યા હતા. નોંધનીય છે કે ભાજપના આ મહિલા સાંસદ પોતાના વિવાદી નિવેદનોને કારણે માત્ર ભાજપને જ નહીં પરંતુ ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ મુશ્કેલીમાં મૂકી ચૂક્યા છે.

પીએમ મોદી કોરોના સંકટ સામે ઝઝુમી રહ્યાં છે, ભાજપના નેતાને આર્ટિકલ-૩૦ની ચિંતા છે...!

ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ કૈલાશ વિજયવર્ગીયએ બંધારણના 'આર્ટિકલ-૩૦' પર ઉઠાવ્યા સવાલ....

ભોપાલ

હાલમાં સમગ્ર દેશ કોરોના મહામારીના સંકટ સામે લડી રહ્યું છે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકડાઉન-૪ બાદ હવે લોકડાઉન-૫ લગાવવાની તૈયારીમાં છે ત્યારે ભાજપના નેતાને કોરોનાના આ સમયમાં બંધારણની કલમ-૩૦ની ચિંતા સતાવી રહી છે અને ટ્વીટ કરીને કલમ-૩૦ અંગે વિવાદ જગાવવાનો પ્રયાસ કર્યો છે.

ભાજપના મધ્યપ્રદેશના રાષ્ટ્રીય મહાસચિવ કૈલાશ વિજયવર્ગીયએ એકવાર ફરી નવો વિવાદ ઉભો કરી દીધો છે. બંધારણના 'આર્ટિકલ ૩૦'ને લઈ કૈલાશ વિજયવર્ગીયએ સવાલ ઉઠાવ્યા છે. તેમણે ગુરુવારે પોતાના ઓફિશિયલ ટ્વિટર એકાઉન્ટ પર એક ટ્વીટ કરી કે, દેશમાં બંધારણીય સમાનતાના અધિકારને 'આર્ટિકલ ૩૦' સૌથી વધુ નુકસાન પહોંચાડી રહ્યું છે.

કૈલાસ વિજયવર્ગીયએ ટ્વીટમાં લખ્યું કે, "દેશના સંવિધાનિક સમાનતાના અધિકારને 'આર્ટિકલ ૩૦' સૌથી વધુ નુકસાન પહોંચાડી રહ્યું છે. આ અલ્પસંખ્યકોને ધાર્મિક પ્રચાર અને ધાર્મિક શિક્ષણની મંજૂરી આપે છે. જે અન્ય ધર્મોને નથી મળતી. જ્યારે આપણો દેશ ધર્મનિરપેક્ષ છે. તો 'આર્ટિકલ ૩૦'ની શું જરૂર.

જાણો શું છે આર્ટિકલ- ૩૦ અને ૩૦એ...?

આર્ટિકલ ૩૦ લઘુમતી વર્ગો માટે શૈક્ષણિક સંસ્થાની સ્થાપના અને તેમના સંચાલનની વાત કરે છે. જ્યારે આર્ટિકલ ૩૦(૧) અનુસાર તમામ લઘુમતી વર્ગોને તેમની રુચિ પ્રમાણે શિક્ષણ સંસ્થાની સ્થાપના કરવાનો અધિકાર ધર્મ કે ભાષા આધાર પર હશે. ૩૦(૧છ)અનુસાર લઘુમતી વર્ગદ્વારા સ્થાપિત શિક્ષણ સંસ્થા માટે રકમ નિર્ધારિત કરી શકે છે. નોંધનીય છે કે, કોઈ પણ ધાર્મિક ગ્રંથનું નામ બંધારણમાં ક્યાય ઉલ્લેખ નથી. ભારતનું સંવિધાન ધર્મનિરપેક્ષ છે. સાથે તેમાં એવી કોઈ જોગવાઈ નથી જેમાં કહેવામાં આવ્યું હોય કે, સ્કૂલોમાં ગીતા ભણાવવામાં આવે અથવા મદરસોમાં કુરાન.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ડ્રો 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ **MARKET4U (OPC) PVT. LTD.** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U (OPC) PVT. LTD.**ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U (OPC) PVT. LTD.**નું નવું સાહસ **WWW.CONNECTINDIANS.IN**

MARKET4U (OPC) PVT. LTD.ના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને **MARKET4U (OPC) PVT. LTD.** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **MARKET4U (OPC) PVT. LTD.** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

ડર દુર કરવાની જરૂર

જો તમે જીવનમાં એક સફળ વ્યક્તિ બનવા માટે વિચારી રહ્યા છો તો સૌથી પહેલા તો પોતાના સપનાને જીવવા માટે શરૂ કરવાની જરૂર છે. મનના દરેક ડરને દુર કરવાની જરૂર છે. નિષ્ફળતાને લઈને ચિંતા કરવાની કોઈ જરૂર નથી. યોગ્ય પ્લાનિંગની સાથે કામ કરવામાં આવે તો જરૂરી છે. જો આવુ કરવામાં આવશે તો સફળતા તમામ ચરણને સ્પર્શ કરી શકે છે. કહેવત છે કે ડરની આગળ જીત છે. લાઈફમાં માનવીને હમેંશા પોતાની વિચારધારાની મર્યાદાને મોટી રાખવાની જરૂર હોય છે. કહેવામાં આવે છે કે કોઈ પણ લક્ષ્ય માનવીના સાહસથી મોટા નથી. એ જ વ્યક્તિ હારી જાય છે તે વ્યક્તિ ક્યારેય લડતી નથી. ખુબ ઓછા લોકો જાણે છે કે દુનિયાના સૌથી અમીર વ્યક્તિ બિલ ગેટ્સે પોતાના ઘરની પાછળના રૂમથી બિઝનેસની શરૂઆત કરી હતી. પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામે પણ ઘરે ઘરે જઈને અખબાર લોકોને આપવા માટેનુ કામ કર્યુ હતુ. રાઈટ બ્રધર્સના પણ એરોપ્લેનના પ્રોટોટાઈપ પહેલા કેટલીક વખત ફ્લોપ થઈ ગયા હતા. પરંતુ આ તમામની વિચારધારા ખુબ ઉંચી હતી. વિચારો ઉંચા હતા. સપના ઉંચા હતા. સાથે સાથે સખત પરિશ્રમની તાકાત હતી. કઈ કરી બતાવવાની ઈચ્છાશક્તિ તેમનામાં ભરેલી હતી. એવુ નથી કે તેમને કોઈ ચીજના ડર ન હતા. નિષ્ણાંત લોકો કહે છે કે પ્લાનની સાથે જો આગળ વધવામાં આવશે તો ડર નહીં બલ્કે મંજિલ સામે જોઈ શકાશે. જો તમે કોઈ સપના જોઈ રહ્યા છો અને કોપિણ પ્લાનિંગ વગર તમે કોઈ સપનાની પાછળ દોડી રહ્યા છો તો એક દિવસે હતાશા જ હાથ લાગનાર છે. જેથી સૌથી પહેલા હકીકતને સમજીને લઈને તેના મુજબ આગળ વધવા માટેની રણનિતી તૈયાર કરવામાં આવે તે જરૂરી છે. ત્યારબાદ તેના અનુરૂપ સપનાને સાકાર કરવા માટે પ્રયાસ પૂર્ણ તાકાત સાથે કરવાની જરૂર હોય છે. જો તમે કોઈ ઉંચા પર્વતના શિખરને સ્પર્શ કરવા માટે ઈચ્છુક છો તો પહેલા પર્વતારોહણની ટ્રેનિંગ લેવાની જરૂર હોય છે. ત્યાંના હવામાન સહિતની તમામ બાબતો અંગે માહિતી મેળવી લેવી પડશે. ત્યાંની માટી જીવજતુ સહિતની ચીજો અંગે માહિતી મેળવી લેવી પડશે. આવી જગ્યાએ કામમાં આવનાર સાધનોની માહિતી પણ મેળવી લેવી પડશે. સૌથી મહત્વપૂર્ણ બાબત તો આ આપના આરોગ્યની માહિતી મેળવી લેવી પડશે. આંતરિક પ્રેરણાના સ્તરને ધ્યાનમાં લેવાની જરૂર છે. આ તમામ પ્રકારની માહિતી વગર શિખર પર પહોંચી જવાના પ્રયાસ કરવામાં આવશે તો અંતમાં નિરાશા હાથ લાગશે. જીવન એક શિક્ષક તરીકે છે. યાદ રાખવા જેવી બાબત છે કે હકીકત હમેંશા કડવી હોય છે. જીવન દરેક ક્ષણમાં તમારી કસોટી કરે છે. તમારે એ સમજી લેવાની જરૂર નથી કે તે આપના પ્રિયની જેમ કામ કરી રહ્યા છે. સમય આપના કઠોર શિક્ષકની જેમ સતત પરીક્ષા કરે છે. જો તમે આ સારા વિદ્યાર્થીની જેમ જીવનરૂપી શિક્ષકના છત્ર હેઠળ પરીક્ષા આપી રહ્યા છો તો તમને ચોક્કસપણે સફળતા મળી શકે છે. આધુનિક સમયમાં સફળતા હાંસલ કરવા માટે વ્યક્તિ દરેક પ્રકારના પ્રયાસ કરે છે. દિન રાત એક કરે છે. ખુબ મહેનત કરે છે. નિષ્ફળતાની ચિંતા કર્યા વગર સતત શિસ્ત સાથે મહેનત કરવાથી મોટી સફળતા હાંસલ થાય છે આ બાબત નક્કી છે.

સતત શિસ્ત સાથે મહેનત અતિ જરૂરી છે

સમયસર લોકડાઉન છતાં કેસોની સંખ્યા ૧.૬૫ લાખથી વધુ...

કોરોના સતત તબાહી મચાવી શકે

કોરાના વાયરસના કેસો ભારતમાં ચિંતાજનક રીતે વધી રહ્યા છે. લોકડાઉન સહિતના પગલા છતાં કેસોની સંખ્યા ૧.૬૫ લાખથી ઉપર પહોંચી ચુકી છે. ચાર હજારથી વધુના મોત પણ થઈ ચુક્યા છે. હાલમાં દેશમાં લોકડાઉન-૪નો ગાળો ચાલી રહ્યો છે. આના કારણે કેટલીક બાબત ઉભરીને સપાટી પર આવી છે. કોરાના વાયરસને લઈને ભારતની તૈયારી કેટલી રહી છે તે બાબત પણ હાલના કેસોથી સાબિત થાય છે. કોરોના વાયરસના વધતા જતા કેસોની વચ્ચે દેશભરમાં લોકડાઉન ગાળો જારી છે. કોરોના વાયરસના ફેલાવાને રોકવા માટે દુનિયાના દેશોમાં લોકડાઉનની સ્થિતી રહેલી છે. તમામ લોકો ઘરમાં છે. ભારતે કોરોનાને ફેલતા રોકવા માટે સમયસર પગલા લીધા હતા. વિદેશી લોકોની અવરજવર પર બ્રેક મુકી હતી. ટ્રેન અને વિમાની સેવા બંધ કરી હતી. ધાર્મિક સ્થળોને બંધ કરી દીધા હતા. વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા કોરોના વાયરસને ખતરનાક વૈશ્વિક બિમારી જાહેર કરી દીધી છે. કેન્દ્ર સરકારના લોકડાઉન સહિતના તમામ નિર્ણયની ચારેબાજુ પ્રશંસા થઈ રહી છે. અમેરિકા સહિતના વિશ્વના દેશો પહેલાથી જ આવા નિર્ણય લઈ ચુક્યા છે. કોરોના વાયરસ હવે એક એવી બિમારી છે જે દુનિયાના મોટા ભાગના દેશોમાં ફેલાઈ ચુકી છે. ભારતમાં હજુ સુધી કોરોનાના ૧.૬૫ લાખ કેસો નોંધાઈ ચુક્યા છે. જે પૈકી કેટલાક વિદેશી નાગરિકો છે. આ સંખ્યા સતત વધી રહી છે. મોટા ભાગના મામલામાં રોગીઓનો ઈતિહાસ વિદેશ યાત્રા સાથે સંબંધિત છે. જેથી માનવામાં આવે છે કે જો પહેલાથી જ વિદેશી લોકોની અવરજવર પર બ્રેક મુકી દીધી હોત તો દેશમાં કોરોનાના એટલા મામલા સપાટી પર ન આવ્યા હોત. રોગીઓની સંખ્યામાં સતત વધારો દર્શાવે છે કે ચેતવણી અને અલર્ટને લઈને કરવામાં



ભારતમાં જે રીતે કેસોની સંખ્યા વધી છે તે જોતા કહી શકાય છે કે લોકડાઉન અને માર્ગદર્શિકાની સુચનાઓ કઠોર રીતે લાગુ કરાઈ નથી

આવેલી જાહેરાતોને યોગ્ય રીતે અને કઠોર રીતે પાળવામાં આવી નથી. જેથી તેના કેસોમાં વધારો થયો છે. જાણકાર લોકો કહે છે કે ભારતમાં વાતાવરણ ગરમ રહે છે જેથી ગરમી વધવાના કારણે તેની અસર ઘટી શકે છે. જેથી તેના ફેલાવાને જાતે રોકી શકાય છે. જો કે આ ખતરો ટળી જાય તેમ નથી. સાનુકુળ વાતાવરણ રહેવાની સ્થિતીમાં આવનાર વર્ષોમાં કોરોના ફરી હાહાકાર મચાવી શકે છે. જર્મન ચાન્સલર અંગીલા માર્કેલે ત્યાંની સંસદમાં કહ્યુ છે કે આવનાર વર્ષોમાં ૭૦ ટકા વસ્તીમાં આ વાયરસ તેની અસર કરી શકે છે. તેમના આ નિવેદનથી સાંસદોની ચિંતા વધી ગઈ હતી. જર્મનીએ આના માટે મુલ્યાંકનની કામગીરી કરી છે. ભારત આના માટે તૈયાર છે તેવા પ્રશ્ન થઈ રહ્યા છે. માનવીના આરોગ્ય માટે તો કોરોના ઘાતક છે. સાથે સાથે આર્થિક ક્ષેત્ર માટે પણ તે ખતરનાક છે. કોરોના વાયરસ વૈશ્વિક બજારો માટે કહેર બનીને તુટી પડતા ચિંતાનુ મોજુ છે. હવે આ બાબત સ્પષ્ટ થઈ ગઈ છે કે દુનિયાભરની અર્થવ્યવસ્થા તેના સકંજામાં આવી ચુકી છે. સાઉદી અરેબિયાએ રશિયાની સાથે ક્રુડ ઓઈલના ઉપાદન પર સમજુતી તોડીને એક પ્રકારથી કિંમતોને લઈને વોરની જાહેરાત કરી દીધી હતી. જેની અસર દુનિયાના શેરબજારમાં જોવા મળી હતી. કોરોના વાયરસે તેલના ખેલને એક નવા રંગ રૂપ આપી દેતા નવી ચિંતા રહેલી છે. પ્રમુખ તેલ ઉત્પાદક દેશ સાઉદી અરેબિયા પહેલા કિંમતોને સ્થિર કરવા માટે ઉત્પાદનને ઘટાડી દેવા માટે ઈચ્છુક હતુ. જો કે અમેરિકા દ્વારા ચીનને તેલ પુરવઠો આપવાની જાહેરાત બાદ તેના દ્વારા ઉત્પાદનને વધારી દેવાની જાહેરાત કરીને તમામને ચોંકાવી દીધા છે. સાઉદી અરેબિયા દ્વારા છેડવામાં આવેલા પ્રાઈસ વોરની અસર હવે કેટલી રહે છે તે બાબત આવનાર દિવસોમાં નક્કી કરી શકે છે. બદલાઈ રહેલા તમામ સમીકરણ પર અમને હવે નજર રાખવાની જરૂર છે. કોઈ પણ કિંમતે પોતાના હિતોને ધ્યાનમાં રાખીને સર્વોચ્ચ પ્રાથમિકતા સાથે આગળ વધવાની જરૂર છે. તૈયારીને લઈને વધુ કઠોર બનવાની જરૂર છે. કોરોના વાયરસને લઈને હાલમાં તો દુનિયાના દેશો હચમચી ઉઠ્યા છે.વિશ્વભરમાં જીવલેણ સાબિત થઈ રહેલા કોરોના વાયરસના કારણે વિશ્વના ૨૧૩ દેશો હવે સકંજામાં આવી ગયા છે. જ્યારે કુલ કેસોની સંખ્યા વધીને ૬૦ લાખ સુધી પહોંચી ગઈ છે. મોતનો આંકડો વધીને ત્રણ લાખથી ઉપર છે.

વર્ક ફિલ્ડમાં બોસ અને કર્મચારી વચ્ચે સારા સંબંધ ખુબ જરૂરી છે

બોસને રાજી કરવાના તરીકા શુ છે

નોકરી કરનાર દરેક વ્યક્તિ આ બાબત તો નિખાલસ રીતે સ્વીકાર કરે છે કે બોસની સાથ સારી ટ્યુનિંગ જળવાઈ રહે તે જરૂરી હોય છે. આના માટે દરેક કર્મચારી અલગ અલગ તરીકા અજમાવે છે. જો કે કેટલાક તરીકા એવા હોય છે દરેક પ્રકારના બોસને પ્રભાવિત કરે છે. આ તરીકા અજમાવીને કર્મચારીઓ બોસને ખુશ રાખી શકે છે. આના કારણે કર્મચારીને તેની કેરિયર બનાવવામાં ખુબ મદદ મળે છે. બોસને કેટલાક તરીકા અજમાવીને ખુશ રાખી શકાય છે. આજે આ લેખમાં અમે આ વિષય પર વાત કરી રહ્યા છીએ. પોતાના મેનેજરને સમજી લેવાની જરૂર હોય છે. દરેક મેનેજર જુદા જુદા હોય છે. જેથી કામને હેન્ડલ કરવાના તેમના તરીકા પણ જુદા જુદા હોય છે. સૌથી પહેલા તો મેનેજરની કામની પેટર્નને સમજી લેવાની જરૂર હોય છે. આના કારણે તેમના દ્વારા આપને આપવામાં આવેલા ગોલ્સને પૂર્ણ કરવામાં મદદ મળી શકે છે. જ્યારે આવુ થશે ત્યારે ગોલ્સને હાંસલ કરવામાં તમે પણ મહેનત સાથે આગળ વધી શકો છો. કોમ્યુનિકેશન કોઈ પણ સંબંધને મજબુત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. બોસ સાથે પણ કોમ્યુનિકેશન જાળવી રાખવા માટેની બાબત જરૂરી હોય છે. ગોલ્સ અને ટાર્ગેટને લઈને તેમને હમેંશા માહિતીગાર કરવામાં આવે તે જરૂરી હોય છે. આના કારણે બોસને આપની પ્રોગ્રેસ અંગે માહિતી મળતી રહે છે. આવી સ્થિતીમાં જો તમે કોઈ મુશ્કેલીમાં ફસાઈ જાવો છો ત્યારે આપના બોસને મદદ કરવામાં મદદ મળે છે. નાની નાની બાબતોને લઈને બસને પરેશાન કરવાની કોઈ જરૂર નથી. બોસ આપની મદદ માટે હમેંશા તૈયાર રહે છે પરંતુ નાની નાની



નોકરીમાં બોસને ખુશ રાખવા માટે દરેક કર્મચારીઓ અલગ અલગ તરીકા અજમાવે છે : કેટલાક તરીકા તમામ બોસને પસંદ પડે છે

બાબતોને લઈને બોસને હેરાન કરવાની બાબત મુશ્કેલીમાં મુકનાર તરીકે હોય છે. પોતાના લેવલ પર જ તમામ સમસ્યા અને અડચણોને દુર કરવાના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. જો તમને લાગે કે આ બાબતો આગળ ચાલીને તમને હેરાન કરશે અને મોટા ઈશ્યુ તરીકે રહેશે તો આવી સ્થિતીમાં બોસ સાથે વાતચીત કરવામાં આવે તે જરૂરી છે. જો તમને કોઈ જવાબદારી સોંપવામાં આવી છે તો તેને પૂર્ણ કરવાના તમામ પ્રયાસો કરવામાં આવે તે જરૂરીછે. આનાથી ભાગવાના પ્રયાસ કરવા જોઈએ નહીં. કોઈ બહાના કરવાના પ્રયાસ પણ કરવા જોઈએ નહીં. તે બોસ પર ખરાબ અસર કરે છે. બોસની સામે ખરાબ છાપના કારણે તે આપને મુશ્કેલીમાં મુકી શકે છે. પોતાના કામને વહેલી તકે પૂર્ણ કરીને પોતાનુ ૧૦૦ ટકા યોગદાન આપવાના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. કેટલીક વખત એવુ બને છે કે કોઈ મુદ્દા પર બસ આપની સલાહ મેળવે છે. આવી સ્થિતીમાં જો આપને કામ સાથે સંબંધિત માહિતી છે તો તે ઉપયોગી સાબિત થઈ શકે છે. જો કોઈ સ્થિતીમાં જવાબ આપવામાં અસમર્થ રહી જાવો છો તો તે બાબત બોસ પર નેગેટિવ અસર કરે છે. કોઈ માહિતી નથી તો તેના માટે બોસ પાસેથી સમય માંગી શકો છો. એવા કર્મચારી ક્યારેય બનવાના પ્રયાસ કરવા જોઈએ નહીં જે કર્મચારી એક મત રહેતા નથી. બોસ પણ એવા કર્મચારીને મળવાનુ ટાળે છે. કર્મચારીના ઉદેશ્ય શુ છે તે બાબત બોસને આવી સ્થિતીમાં સમજાતી નથી. કર્મચારી શુ વિચારે છે તે બાબત બોસને પણ સમજાતી નથી. જેથી આવા કર્મચારીને બોસ ક્યારેય કોઈ મોટી જવાબદારી આપતા નથી. મહેનત કરતા રહેવાની બાબત દરેક કર્મચારી માટે સૌથી ઉપયોગી હોય છે. કોઈ વ્યક્તિ પ્રશંસા કરીને બોસની પ્રશંસા તો થોડાક દિવસ માટે મેળવી શકે છે પરંતુ આખરે તો કામની જ ગણતરી કરવામાં આવે છે. જેથી કામ પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. આના કારણે બોસની સાથે સાથે સહ કર્મચારીઓની પણ પ્રશસા મળે છે. જો કે ધ્યાન આપવા જેવી બાબત એ છે કેટલા કર્મચારીઓ હમેંશા બોસને બિનજરૂરી રીતે ખુશ કરતા રહે છે. આના કારણે અન્ય કર્મચારીઓ પરેશાન રહે છે. આ પ્રકારના કર્મચારીઓ બોસની સમક્ષ હમેંશા અન્ય કર્મચારીઓની ભુલ રજૂ કરતા રહે છે. આમાં જ તેમને ખુશી મળે છે. જો કે આવા કર્મચારીઓ લાંબા સમય સુધી તમામને પ્રભાવિત કરી શકતા નથી.

મહીસાગર જીલ્લામાં કોરોનાના કુલ ૧૨૦ દર્દીઓમાં ૧૧ સગર્ભા મહિલાઓ

મહીસાગર

મહીસાગર જિલ્લામાં કોરોનાના કહેર યથાવત રહ્યો હતો ગઈકાલે અઢાર કેસ આવ્યા બાદ કોરોનાએ આજે ફરીથી માથું ઉચક્યું હતું. આજે જિલ્લામાં આઠ કેસ વધી જતા કોરોનાના આંક ૧૨૦ પહોંચ્યો હતો જેમા કડાણા તાલુકામાં ૩, લુણાવાડા તાલુકામાં ૧, ખાનપુર તાલુકામા ૧, બાલાસિનોર તાલુકામાં ૨, સંતરામપુર તાલુકામાં ૧ મળી ને કુલ આઠ કેસ નોંધાયા હતા. મહીસાગર જિલ્લામાં કોરોનાનો આંક ૧૨૦ પહોંચી જતા કોરોનાએ મહીસાગર જિલ્લામાં સદી મારીને આગેકૂચ જારી રાખી હતી. જિલ્લા કલેકટર દ્વારા કોરોનાના કેસ આવેલ તમામ વિસ્તારમાં પ્રવેશ બંધી ફરમાવી હતી અને કોરોના પોઝિટિવ આવેલા લોકોના સંપર્કમાં આવેલા લોકોને કોરોન્ટાઈન કરવાની પ્રક્રિયા હાથ ધરી હતી.

મહીસાગર જિલ્લામાં કડાણા તાલુકામાં (૧) ૩૨ વર્ષિય પુરુષ (૨) ૨૮ વર્ષિય પુરુષ (૩) ૪૦ વર્ષિય પુરુષ જ્યારે લુણાવાડા તાલુકામાં એક કેસ નોંધાયો હતો જેમાં ૨૩ વર્ષિય મહિલા નો કેસ પોઝિટિવ આવ્યો હતો. ખાનપુર તાલુકામાં ૩૦ વર્ષિય પુરુષનો કેસ પોઝિટિવ આવ્યો હતો. જ્યારે બાલાસિનોર તાલુકામાં બે કેસ નોંધાયા હતા જેમાં બે ૨૨ વર્ષિય મહિલાઓના કેસ પોઝિટિવ આવ્યા હતા. સંતરામપુર તાલુકામાં એક કેસ પોઝિટિવ આવ્યો હતો જેમાં ૫૩ વર્ષિય પુરુષનો કેસ પોઝિટિવ આવ્યો હતો. આમ મહીસાગર જિલ્લામાં કોરોના પોઝિટિવનો આંકડો ૧૨૦ ઉપર પહોંચી જતા મહીસાગર જિલ્લાવાસીઓમાં ભારે ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

મહીસાગર જિલ્લામાં ૧૧ સગર્ભા મહિલાઓ પોઝિટિવ આવતા જિલ્લા આરોગ્યતંત્ર ચોંકી ઉઠ્યું હતું. જેમાં સંતરામપુર, લુણાવાડા, કડાણા એક-એક-એક એમ ત્રણ, અને બાલાસિનોરની ૮ સગર્ભા મહિલાઓ છે. બાલાસિનોરની ૮ સગર્ભા મહિલાઓ ૨૧ થી ૩૦ વર્ષની હોવાનું જાણવા મળેલ છે.

દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રમાં આગામી ૫ દિવસમાં હળવા વરસાદની આગાહી

શનિવારથી રાજ્યભરમાં ૩ દિવસ સુધી તબક્કાવાર ૩ ડિગ્રી સુધી ઘટવાની શક્યતા

આગામી પાંચ દિવસ દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી

અમદાવાદ

સમગ્ર રાજ્યમાં કોરોનાનાં કારણે લોકો પારાવાર મુશ્કેલીયોનો સામનો કરવો પડ્યો છે.ત્યારે આ પરિસ્થિતિમાં ખેડૂતોની હાલત વધુ કફોડી બની છે. જ્યારે ખેડૂતોને હવે વધુ એક કસોટીનો સામનો કરવો પડી શકે છે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગના અનુસાર 'ગુજરાતમાં હાલ દક્ષિણ- પશ્ચિમથી પશ્ચિમ દિશાનો પવન વહી રહ્યો છે. જેના કારણે આગામી પાંચ દિવસ દરમિયાન સુરત, વલસાડ, નવસારી, દમણ, દાદરા નગર હવેલી, અમરેલી, ગીર સોમનાથ, દીવ, જુનાગઢમાં ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ પડી શકેછે. આ સિવાય રાજ્યમાંથી અન્યત્ર આગામી ૨૪ કલાકમાં મહત્તમ તાપમાનમાં ફેરફાર થવાની સંભાવના નથી. આ પછી શનિવારથી રાજ્યભરમાં ૩ દિવસ સુધી તબક્કાવાર ૩ ડિગ્રી સુધી ઘટી શકે છે. જેના લીધે ગરમીમાં રાહત અનુભવાશે. ' હવામાન અંગે આગાહી કરતી ખાનગી સંસ્થાના મતે અમદાવાદમાં ૪ થી ૬ જૂન દરમિયાન છૂટાછવાયા ઝાપટાં પડી શકે છે.

આ દરમિયાન ૪૪.૨ ડિગ્રી સાથે ભાવનગરમાં સૌથી વધુ ગરમી નોંધાઈ. અમદાવાદમાં ૪૩.૨ ડિગ્રી સાથે સરેરાશ મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં ૧.૫ ડિગ્રીનો વધારો થયો હતો. રાજ્યમાંથી અન્યત્ર ડીસામાં ૪૧.૮, ગાંધીનગરમાં ૪૩, વડોદરામાં ૪૧, સુરતમાં ૩૪, અમરેલીમાં ૪૧, પોરબંદરમાં ૩૫.૧, રાજકોટમાં ૪૨.૧, દીવમાં ૩૪.૮, સુરેન્દ્રનગરમાં ૪૨.૧, ભૂજમાં ૩૮.૬, નલિયામાં ૩૫.૬ ડિગ્રી સરેરાશ મહત્તમ તાપમાન નોંધાયું હતું.

અમદાવાદની સમરસ હોસ્ટેલમાંથી કોરોનાગ્રસ્ત દર્દી ફરાર, પોલીસે શરુ કરી શોધખોળ

અમદાવાદ

ગુજરાતમાં કોરોના વાયરસનો કાળો કહેર દિવસેને દિવસે વકરી રહ્યો છે. રાજ્યની સિવિલ હોસ્પિટલોને કોવિડ-૧૯માં ફેરવી દેવામાં આવી છે. પરંતુ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે કે સરકારી હોસ્પિટલોમાં ખરાબ સારવાર થઈ રહી છે. તેના અનેક ઉદાહરણ સામે આવીવ ચૂક્યા છે, તો કેટલાંક કિસ્સાઓમાં દર્દીઓ હોસ્પિટલ છોડીને ભાગી પણ જાય છે. ત્યારે આવો જે કેસ અમદાવાદની સમરસ હોસ્ટેલમાંથી સામે આવ્યો છે. અમદાવાદની સમરસ હોસ્ટેલમાં બનાવેલી કોવિડ-૧૯ હોસ્પિટલમાં દાખલ કોરોના પોઝિટીવ દર્દી ફરાર થઈ ગયો છે. આ દર્દીનું નામ મહમદ સમીર ઈબ્રાહિમ અન્સારી હોવાનું સામે આવ્યું છે. પોઝિટિવ દર્દી ગુરુવારે મોડી રાતે ફરાર થઈ ગયો છે. ત્રણ દિવસ પહેલા પોઝિટિવ રિપોર્ટ આવતા સમરસ હોસ્ટેલમાં લાવવામાં આવ્યો હતો.

પરંતુ ગુરુવારે મોડી રાતે વિઝિટ દરમિયાન દર્દી ગાયબ હોવાનું બહાર આવ્યું હતું. ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ડોક્ટરે ફરિયાદ નોંધાવતા દર્દીની શોધખોળ શરૂ કરવામાં આવી છે. આ ઘટના અંગે મળતી માહિતી પ્રમાણે, ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં સ્થિત સમરસ હોસ્ટેલમાં કોવિડ કેર સેન્ટરમાંથી એક દર્દી ફરાર થયો હોવાની વાત સામે આવી છે. ફરાર થનાર દર્દીનું નામ ૨૨ વર્ષીય મહમદ સમીર ઈબ્રાહિમ અન્સારી છે. તેનો ૨૫ મેએ કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ યુવક બાપુનગરના પન્ના એસ્ટેટનો રહેવાસી છે. ત્યારબાદ સમરસ હોસ્ટેલના ડોક્ટરે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, બાપુનગરના ગરીબનગર ચાર રસ્તા પાસે રહેતા એક યુવકનો ૨૫ મેના રોજ કોરોના પોઝિટિવ રિપોર્ટ આવતા સમરસ હોસ્ટેલમાં કોવિડ કેર સેન્ટરમાં બ્લોક નંબર ૮માં રાખવામાં આવ્યો હતો. ગુરુવારે મોડી રાતે ડોક્ટરો દર્દીઓની વિઝિટમાં નીકળ્યા ત્યારે દર્દી રૂમમાંથી ગાયબ હતો. આખી હોસ્ટેલમાં તપાસ કરતા યુવક મળી આવ્યો ન હતો. હોસ્ટેલમાં સિક્યુરિટી વચ્ચે પોઝિટિવ દર્દી ફરાર થઈ જતા અનેક સવાલ ઊભા થયા છે.

કેટલાક રાજ્યોએ લૉકડાઉન વધારવાની કરી માંગ

લોકડાઉન-૫ અંગે પીએમ મોદી અને એચએમ શાહ વચ્ચે મહામંથન

નવી દિલ્હી

કોરોના વાયરસ સંક્રમણને રોકવા સમગ્ર દેશમાં લાગુ કરાયેલા લૉકડાઉનને આગળ વધારવામાં આવશે કે નહીં? શુક્રવારનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ વચ્ચે યોજાયેલી બેઠકમાં આ પ્રશ્ન સૌથી ઉપર રહ્યો હતો....૩૧ મેનાં લોકડાઉનનો ચોથો તબક્કો પૂર્ણ થઈ રહ્યો છે. અમિત શાહે શુક્રવારનાં સવારે રાજ્યોનાં મુખ્યમંત્રીઓ સાથે વાતચીત કરી હતી. તેમને મળેલા ફીડબેકને તેમણે વડાપ્રધાન સાથે ચર્ચા કરી અને પછી આગળની રણનીતિ પર વાત થઈ હતી. . અનેક રાજ્યોએ કોરોનાને રોકવા લૉકડાઉન ચાલું રાખવા માટે કેન્દ્ર સરકારને કહ્યું છે, પરંતુ તેઓ ધીમેધીમે સ્થિતિ સામાન્ય કરવા પણ ઇચ્છે છે.

આજની બેઠકમાં ૩૧ મે બાદની સ્થિતિનો પ્લાન ઘડાઈ ચુક્યો છે. ગૃહમંત્રી સાથે મીટિંગમાં અનેક રાજ્યોએ પુનરાવર્તન કર્યું કે લોકડાઉનને આગળ વધારવું જોઇએ. જો કે ઇકોનોમિક એક્ટિવિટીને લઈને મોટા પ્રમાણમાં છૂટ ઇચ્છે છે. શાહે મુખ્યમંત્રીઓ સાથે લૉકડાઉન એક્સટેન્શન ઉપરાંત કોરોનાની લડાઈની આગળની રણનીતિ પણ જાણી. આ મીટિંગમાં મળેલા ફીડબેકને પીએમ સાથે શેર કરવામાં આવ્યા હતા.. અત્યાર સુધી પીએમ જ મુખ્યમંત્રીઓ સાથે બેઠકની અધ્યક્ષતા કરતા હતા. લોકડાઉન પર મંતવ્યો જાણવા માટે પહેલીવાર અમિત શાહે મુખ્યમંત્રીઓ સાથે વાત કરી હતી.

કેટલાક રાજ્યોમાં કોરોનાનાં કારણે સ્થિતિ ઘણી ખરાબ છે. મહારાષ્ટ્ર, તમિલનાડુ, ગુજરાત, દિલ્હી, મધ્ય પ્રદેશ, રાજસ્થાન જેવા રાજ્યોમાં કેસ વધારે છે. અનેક રાજ્યો એવા છે જ્યાં અત્યાર સુધી તો કેસ ઓછા છે, પરંતુ કોવિડ-૧૯નો ગ્રાફ વધી રહ્યો છે. આસામમાં છેલ્લા ૪ દિવસમાં કેસ અનેક ગણા વધી ગયા છે. લૉકડાઉન સંપૂર્ણ રીતે ખોલતા સ્થિતિ ક્યાંક વધારે ના બગડી જાય, આ કારણે રાજ્યો થોડીક છૂટછાટો સાથે લૉકડાઉન ચાલું રાખવા ઇચ્છે છે. ગોવાનાં સીએમ પ્રમોદ સાવંતની માંગ છે કે લોકોડાઉનને ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી વધારવું જોઇએ. જો કે તેમણે કેટલીક છૂટછાટની માંગ પણ કરી છે જેમાં સોશિયલ ડિસ્ટન્સિંગની સાથે રેસ્ટોરન્ટ, જીમ ખોલવાનું પણ સામેલ છે.

દિલ્હીના ભાજપના સાંસદ ગૌતમ ગંભીરના પિતાની મોંઘી કારની થઇ ચોરી....!

નવી દિલ્હી

દિલ્હીમાં એક તરફ કોરોના વાયરસ વિકરાળ સ્વરૂપ લઇ રહી છે અને બીજી તરફ અહીં અપરાધની ઘટના પણ બંધ થવાનું નામ નથી લઇ રહી. ભાજપના દિલ્હી-ઇસ્ટના સાંસદ અને જાણીતા ક્રિકેટર ગૌતમ ગંભીરના પિતાની કાર રાજેન્દ્ર નગરના તેમના ઘરથી ચોરી થઇ છે. જાણકારી મુજબ ઘટના બુધવાર રાતની છે. ટોયટા ફોર્ચ્યુનર કાર ઘરની બહાર પાર્કિંગમાં ઊભી હતી. જેને ચોરોએ ઉડાવી લીધી હતી. પોલીસે આ મામલે ચોરીનો કેસ દાખલ કર્યો છે. અને સીસીટીવી ફૂટેજના આધારે પોલીસ હવે વધુ તપાસ કરવામાં લાગી છે.

નોંધનીય છે કે, દિલ્હીની આમ આદમી પાર્ટી પર હંમેશા શાબ્દિક હુમલો કરતા ભાજપના સાંસદ કોરોના મહામારીના આ સમયમાં પણ ખૂબ જ સક્રિય છે. આ બિમારીને રોકવા તેમણે મેડિકલ ઉપકરણોની ખરીદી માટે પોતાની તરફથી ૧ કરોડ રૂપિયા આપવાની વાત કહી હતી

દેશમાં લોકડાઉન-૪ને ૧૮ મેના રોજ લાગુ કરવામાં આવ્યું હતું

લોકડાઉન-૪ના ૧૨ દિવસમાં દેશમાં ૭૦ હજાર નવા કોરોનાના કેસ નોંધાયા

નવી દિલ્હી

કોરોનાના સંકટના પગલે લાગુ કરવામાં આવેલું લોકડાઉન-૪ અગામી બે દિવસમાં પુરુ થશે. લોકડાઉન-૪માં એટલે કે છેલ્લા ૧૨ દિવસથી કોરોનાનું સંક્રમણ ઝડપથી વધી રહ્યું છે. છેલ્લા ૧૨ દિવસની વાત કરવામાં આવે તો કોરોનાના ૭૦ હજાર નવા મામલાઓ પ્રકાશમાં આવ્યા છે. જ્યારે લગભગ ૧૭૦૦ લોકોના દેશમાં મોત થયા છે. દેશમાં લોકડાઉન-૪ને ૧૮ મેના રોજ લાગુ કરવામાં આવ્યું હતું. તે દિવસે દેશમાં કુલ કોરોનાના દર્દીઓની સંખ્યા ૯૬ હજાર ૧૬૯ હતી. તેમાંથી ૩ હજાર ૨૯ લોકોના મોત થયા હતા. જ્યારે ૩૬ હજાર ૮૨૩ લોકો સાજા થઈને તેમના ઘરે પરત ફર્યા હતા. તે દિવસે જ કોરોનાના ૫ હજાર ૨૪૨ નવા મામલાઓ પ્રકાશમાં આવ્યા હતા. ૧૨ દિવસ બાદ આજે સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી બહાર પાડવામાં આવેલા રિપોર્ટના જણાવ્યા મુજબ, હવે દેશમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૧ લાખ ૬૫ હજાર ૭૯૯ થઈ છે. કોરોનાના કારણે અત્યાર સુધીમાં ૪ હજાર ૭૦૬ લોકોના મોત થયા છે. જોકે હવે સાજા થનારાઓનો આંકડો પણ ધીરે-ધીરે વધ્યો છે. હાલ દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા લગભગ ૯૦ હજાર છે.

દેશ લોકડાઉન ૫.૦ પહેલા પાનાથી ચાલુ

રાહતની વાત એ છે કે કોરોનાના ૭૦ ટકાથી વધુ કેસ ૧૩ શહેરો પુરતા સીમીત થઈ ગયા છે. જેમાં મુંબઈ, ચેન્નઈ, દિલ્હી, અમદાવાદ, થાણે, પૂણે, હૈદરાબાદ, ઈન્દોર, જયપુર, જોધપુર, ચેન્ગલપટ્ટુ અને તેરૂવલ્લુરનો સમાવેશ થાય છે. આ શહેરોમાં જો કોરોના કેસને યોગ્ય રીતે પકડવામાં આવે તો તેને દેશના બાકીના ભાગમાં ફેલાતો અટકાવી શકાશે.

લોકડાઉન ૫.૦માં હોટસ્પોટવાળા વિસ્તારોમાં જ પ્રતિબંધો પર ભાર મુકાશે. જો કે માસ્ક અને સોશ્યલ ડીસ્ટન્સીંગ ચાલુ રાખવુ પડશે. હોટસ્પોટ સિવાય બાકીના ભાગોમાં છૂટછાટો મળી જશે. ૧૩ શહેરો સિવાય બાકીના હિસ્સા માટે પણ કેબીનેટ સચિવે એલર્ટ રહેવાના નિર્દેશો આપ્યા. જેમાં યુપી, બિહાર, પ.બંગાળ અને ઓડિસા છે જ્યાં પ્રવાસી મજુરો પાછા ફરી રહ્યા છે. આ અંગે આવતીકાલે નિર્ણય લેવામાં આવે તેવી શકયતા છે.

કેટલીક સેવાઓ ઉપર પ્રતિબંધ રહેશે બાકીનાને છૂટ આપી દેવામાં આવશે. સરકાર આ ૧૩ શહેરોમાં પુરેપુરી તાકાત લગાડી કોરોનાને નિયંત્રણમાં લેવા પ્રયાસ કરશે. લોકડાઉન-૫.૦ની ચાવી હવે આ ૧૩ શહેરો પાસે જ રહેશે. સમગ્ર ફોકસ એ ૧૩ શહેરોમાં લગાવાશે. શહેરોની અંદર જો વધુ ચેકીંગ થાય તો આવતા ૧૦ દિવસમાં સંક્રમણની સંખ્યા ૭૦ ટકા સુધી ઘટાડી શકાશે. ૧૩ શહેરો સિવાય બાકીના ભાગોમાં અમુક નિયંત્રણો રાખી કામકાજની છૂટછાટો આપી દેવાશે.

ગુજરાતમાં ૧લી જુન પહેલા પાનાથી ચાલુ

રહે અને સરકાર પર વિશ્વાસ રાખે તેમ પણ મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું છે. તેમણે ઉમેર્યું કે, કેન્દ્ર સરકાર લોકડાઉન અંગે નિર્ણય લે તે પછી રાજ્ય સરકાર નિર્ણય લેશે. નોંધનીય છે કે, હજુ સુધી લોકડાઉન-૫ અમલમાં આવશે કે નહીં તે અંગે કોઈ નિર્ણય લેવાયો નથી. તેમજ કેન્દ્ર સરકાર દ્વારા મુખ્યમંત્રીઓ સાથે ચર્ચા કર્યા બાદ હવે પછી લોકડાઉન મુદ્દે જાહેરાત કરવામાં આવશે. એ જાહેરાત પછી રાજ્ય સરકાર નિર્ણય લેશે.

દેશમાં કોરોના પહેલા પાનાથી ચાલુ

નિયમો સાથે લોકડાઉન-૫ જાહેર થવાની શકયતા છે.

કેસોની વિગતો પ્રમાણે, એ સાથે જ દેશમાં કોરોનાના કુલ સંક્રમિત દર્દીઓની સંખ્યા વધીને ૧,૬૫,૭૯૯ થઈ ગઈ છે. કેન્દ્રના સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડાઓ અનુસાર ગુરૂવારે કોરોનાએ ૧૭૫ લોકોનો ભોગ લીધો હતો. એ સાથે કુલ મૃત્યુઆંક ૪૭૦૬નો થયો છે.

જોકે એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી દર ૪૨.૮૮ ટકા સુધી પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૭૪૬૬ નવા કેસ સાથે દેશભરમાં કોરોના વાયરસના સંક્રમણનો આંકડો ૧૬૫૭૯૯ સુધી પહોંચી ગયો છે. તેમજ છેલ્લા ૨૪ કલાકમાં ૩૪૧૪ લોકો કોરોના સંક્રમણને મહાત આપીને સ્વસ્થ થવામાં સફળ રહ્યા છે.

દેશમાં અત્યારે ૮૯૯૮૭ પોઝીટીવ કેસ છે. જયારે ૭૧૧૦૫ દર્દી સાજા થઈ ઘરે પહોંચ્યા છે. દેશમાં સંક્રમણથી અત્યાર સુધીમાં ૪૭૦૬ દર્દીઓના મોત થયા છે. જેમા સૌથી ૧૭૯૨ દર્દીઓના મોત મહારાષ્ટ્રમાં, ૯૧૫ ગુજરાતમાં, મ.પ્રદેશમાં ૩૦૫, દિલ્હીમાં ૨૮૮ અને પ.બંગાળમાં ૨૮૩ના મોત થયા છે.

રાજસ્થાન અને યુપીમાં ૧૭૦ના મોત થયા છે તો તામીલનાડુમાં ૧૨૭, આંધ્ર અને તેલંગણામાં ૫૭ના મોત થયા છે. કોવિડ-૧૯ને કારણે કર્ણાટકમાં ૪૪, પંજાબમાં ૪૦, જમ્મુ કાશ્મીરમાં ૨૪, હરીયાણામાં ૧૭, બિહારમાં ૧૩, ઓડિસામાં ૭, કેરળમાં ૬, હિમાચલમાં ૫, ઝારખંડ-ઉતરાખંડ-ચંડીગઢ અને આસામમાં ૪ - ૪ ના મોત થયા છે. મેઘાલયમાં ૧નુ મોત થયુ છે. મુંબઈમાં ગઈકાલે ૧૪૩૮ નવા કેસ સામે આવતા કુલ આંકડો ૩૫૦૦૦ ઉપર પહોંચ્યો છે. વધુ ૩૮ લોકોના મોત થતા કુલ મૃત્યુ ૧૧૦૦થી વધુના થયા છે. તમામ પ્રયાસો છતા ભારતમાં કોરોના કાબુમાં આવતો જ નથી. કેસ વધે છે એટલુ જ નહિ મોતની સંખ્યા પણ વધી રહી છે. પાછલા ૭ દિવસમાં રોજ સરેરાશ ૧૫૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. ભારતે મોતના મામલે ચીનને પણ પાછળ રાખી દીધુ છે. એશિયામાં સૌથી વધુ કેસ ભારતમાં નોંધાયા છે.

રેલવે ટીકીટ પહેલા પાનાથી ચાલુ

ટિકિટ બુક થઈ શકે છે. જો કે સરકારે દેશભરમાં બે લાખથી વધુ કોમન સર્વિસ સેન્ટર (ઝજીઝ)થી પણ ટિકિટ બુક કરાવવાની સગવડ આપી છે. આ ટ્રેનોમાં હવે સામાનનું પણ બુકિંગ કરાવી શકાય છે. આ ટ્રેનો માટે મોબાઈલ એપ, કેટલાક મર્યાદિત રેલવે સ્ટેશનના કાઉન્ટર, પોસ્ટ ઓફિસ, મુસાફરી ટિકિટ સુવિધા કેન્દ્ર (રૂજીદ્ધ), અધિકૃત એજન્ટ, પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમથી પણ ટિકિટ બુક કરાવી શકો છે.

અજીત જોગી પહેલા પાનાથી ચાલુ

નહતો મળ્યો.

૯ મેની સવારે લગભગ ૧૦-૧૧ વાગ્યાની આસપાસ અજીત યોગી તૈયાર થઈને લોનમાં વ્હીલચેરના માધ્યમથી ફરી રહ્યા હતા. ત્યારે તેમને કાર્ડિયેક અરેસ્ટ આવ્યો. ગંભીર સ્થિતિમાં તેમને રાજધાની રાયપુરના દેવેન્દ્ર નગર સ્થિતિ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. ત્યારેથી તેમની સ્થિત નાજુક જ હતી. ડૉક્ટરોએ પણ દેશભરના અલગ અલગ હોસ્પિટલના વરિષ્ઠ ડોક્ટરોથી ટેલી કોન્ફેંસિંગ દ્વારા ચર્ચા કરી અજીત જોગીની સારવાર કરવાનો પ્રયાસ કર્યો. તેમના બ્રેનને એક્ટિવ કરવા મ્યૂઝિકલ થેરેપીનો પણ સહારો લીધો. પણ છેવટે તેમણે પોતાનું શરીર છોડી ચીર વિદાય લીધી.

ઉલ્લેખનીય છે કે અજીત જોગી છત્તીસગઢના પહેલા મુખ્યમંત્રી રહી ચૂક્યા છે. કોંગ્રેસ પાર્ટીને વર્ષોથી સેવા આપી ચૂકેલા જોગી મિકેનિકલ એન્જીનિયર હતા. તેમણે તેમના કાર્યકાળમાં છત્તીસગઢના વિકાસના કાર્યો માટે અનેક પ્રયાસ કર્યા હતા. આજે તેમના નિધનથી તેમનો પરિવાર શોકમય બન્યો છે.

વરિષ્ઠ નેતા પહેલા પાનાથી ચાલુ

વીડિયો કોન્ફરન્સના માધ્યમથી કાર્યવાહી જારી રાખવાનો નિર્દેશ આપ્યો છે કેમ કે કોરોના ચેપના કારણે જાહેર લૉકડાઉનમાં ફરિયાદીઓ અને સાક્ષીઓને કોર્ટમાં વ્યક્તિગત રીતે હાજર કરવા મુશ્કેલ હશે.

ચીન મુદ્દે પહેલા પાનાથી ચાલુ

મધ્યસ્થતાની ઓફરને ફગાવી દીધી છે. વિદેશ મંત્રાલયે કહ્યું છે કે, અમે તેનો શાંતિપૂર્વક ઉકેલ લાવવા માટે ચીનના સંપર્કમાં છીએ, વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે, બંન્ન પક્ષ સૈન્ય અને રાજનાયિક સ્તરે વાતચીત ચાલી રહી છે.ભારત અને અમેરિકા વચ્ચે શરૂ થયેલા તણાવ બાદ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એમ જણાવ્યુ હતું કે, ચીન સાથે ચાલી રહેલા સીમા વિવાદ પર ભારતના પીએમ મોદી સારા મૂડમાં નથી. ભારત અને ચીન વચ્ચે મોટું ઘર્ષણ ચાલી રહ્યું છે. ૧.૪ બિલિયન વસ્તી ધરાવતા બન્ને દેશની સૈન્ય તાકાત વધારે મજબૂત છે.

વિમાન દુર્ઘટનામાં ૯ બાળકો સહિત ૯૭ લોકોના મોત થયા હતા પાકિસ્તાનમાં ક્રેશ થયેલા પ્લેનના કાટમાળમાંથી ૨ બેગમાં ૩ કરોડ રૂપિયા મળી આવ્યાં..!

તપાસ અધિકારીનો સવાલઃ આ રકમ એરપોર્ટ પર કેમ ન પકડાઈ

કરાચી

પાકિસ્તાનમાં ૨૨ મેના રોજ ક્રેશ થયેલા પ્લેનના કાટમાળમાંથી અલગ અલગ દેશોની ૩ કરોડ રૂપિયાની કરન્સી મળી આવી છે. તપાસ અધિકારીના જણાવ્યા પ્રમાણે, આટલી મોટી રકમ એરપોર્ટ સિક્યોરિટી અને લગેજ સ્કેનરમાં કેમ પકડાઈ નથી એ અંગે ઈન્વેસ્ટિગેશન કરાશે. આ રકમ બે બેગમાં મળી આવી છે. તપાસમાં લાગેલા અધિકારીઓનું કહેવું છે કે દુર્ઘટનામાં મૃતકો અને તેમના લગેજની ઓળખ કરવાનું કામ ચાલી રહ્યું છે.

૨૨ મેના રોજ લાહોરથી કરાચી જઈ રહેલું પ્લેન લેન્ડિંગની થોડી મિનિટ પહેલા ક્રેશ થઈ ગયું હતું. પ્લેનમાં ક્રૂ મેમ્બર સહિત ૯૯ લોકો હતા, જેમાંથી માત્ર ૨ના જીવ બચી શક્યા હતા. મૃતકો ૯૭ લોકોમાં ૯ બાળકો હતા. દુર્ઘટના કરાચી ઈન્ટરનેશનલ એરપોર્ટ પાસે રહેણાક વિસ્તારમાં બની હતી.

પાકિસ્તાની મીડિયાના જણાવ્યા પ્રમાણે, પાયલટની ભૂલો સામે આવી છે. એર ટ્રાફિક કંટ્રોલે પાલયટને ત્રણ વોર્નિંગ આપી હતી, પણ તેનું ધ્યાન નહોંતુ ગયું. બીજી બાજુ પાકિસ્તાનના પાયલટ્સ એસોસિએશને દુર્ઘટનાની તપાસ માટે બનાવેલી કમિટિ પર સવાલ કર્યા છે. એસોસિએશનના જણાવ્યા પ્રમાણે, તપાસ ટીમમાં એક પણ કોમર્શિયલ પાયલટ નહોતો, જ્યારે ક્રેશ થનારું એરક્રાફ્ટ કોમર્શિયલ હતું.

સ્પેનના સંશોધકો દ્વારા કોરોના વાઈરસની રસી શોધવામાં સફળતા મળી હોવાનો દાવો

એવા બે ડ્રગ્સ શોધી કાઢ્યા છે જે ચેપ લાગ્યા પછી કોરોના સંખ્યા વધારતા અટકાવે છે

નવી દિલ્હી

કોરોના વાઈરસની રસી શોધવા લગભગ દરેક દેશ પોતપોતાની રીતે પ્રયત્નો કરી રહ્યા છે. આ વાઈરસને લઈને વિવિધ પદ્ધતિથી રિસર્ચ પણ કરવામાં આવી રહ્યું છે. કોરોના વાઈરસને લઈને સ્પેનના સંશોધકોએ પણ એક રિસર્ચ કર્યું છે. રિસર્ચર્સે ૬,૪૬૬ દવાઓને કમ્પ્યૂટર ટેક્નિકની મદદથી એનાલાઈઝ કરીને એવા બે ડ્રગ્સ શોધી કાઢ્યા છે જે ચેપ લાગ્યા પછી કોરોના સંખ્યા વધારતા અટકાવે છે. આ સ્પેશિયલ રિસર્ચ પ્રોગ્રામને કોવિડ મૂનશોટ નામ આપવામાં આવ્યું છે.

આ દાવો સ્પેનની રોવિરા યુનિવર્સિટીના સંશોધકોએ કર્યો છે. સંશોધકોનું કહેવું છે કે, આ બંને ડ્રગ્સ કોરોનાના એ એન્ઝાઈમને નિયંત્રણમાં રાકશે જેના કારણે વાઈરસ તેની સંખ્યા વધારીને દર્દીને વેન્ટિલેટર સુધી પહોંચાડી દે છે.

ઈન્ટરનેશનલ જર્નલ ઓફ મોલીક્યુલર સાયન્સિસમાં પબ્લિશ થયેલા રિસર્ચમાં જણાવ્યાનુસાર, કાર પ્રોફેન અને સેલેકોક્સિબ એન્ટિ-ઈન્ફ્લેમેટ્રી ડ્રગ છે. તેમાંથી એક ડ્રગનો ઉપયોગ માણસ પર અને બીજા ડ્રગનો ઉપયોગ પ્રાણીઓ માટે કરવામાં આવે છે. સંશોધકોનું માનવું છે કે, આ રિસર્ચના પરિણામ વેક્સીન તૈયાર કરવામાં મદદરૂપ સાબિત થશે

કેટલાક દેશોમાં એવો ટ્રાયલ ચાલી રહ્યો છે જેનો લક્ષ્ય આ એમ-પ્રો એન્ઝાઈમને નિયંત્રણમાં લાવવાનો છે. તેના માટે એન્ટિ-રેટ્રોવાઈરલ ડ્રગ લેપિનોવિર અને રિટોનાવિરનો પ્રયોગ કરવામાં આવી રહ્યો છે. આ દવાઓને ઊંઈની સારવાર માટે બનાવવામાં આવી હતી. આ ટ્રાયલમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝશન પણ મદદ કરી રહ્યું છે.

રશિયામાં દર્શકો સાથે આવતા મહિનાથી શરૂ થશે ફૂટબોલ પ્રીમિયર લીગ

નવી દિલ્હી

કોરોનાવાયરસ વચ્ચે વિશ્વભરની ફૂટબોલ લીગ ફરી ટ્રેક પર આવી ગઈ છે. રશિયામાં દર્શકો સાથે પ્રીમિયર લીગ આવતા મહિને શરૂ થશે. તે જ સમયે, ઈટાલીએ ૨૦ જૂનથી તેની ફૂટબોલ લીગ સીરી-એ શરૂ કરવાની સંપૂર્ણ તૈયારી પણ કરી લીધી છે. દરમિયાન, ઈંગ્લેન્ડની પ્રીમિયર લીગ (EPL)ની શરૂઆત પણ ૧૭ જૂનથી થઈ રહી છે.

ત્રણ મહિના પછી EPL પ્રેક્ષકો વિના રમવામાં આવશે. ૯ માર્ચે લીસેસ્ટરે એસ્ટન વિલા સામે ૪-૦થી જીત મેળવી હતી, ત્યારબાદ ટૂર્નામેન્ટમાં એકપણ મેચ રમાઈ નથી. રશિયા ઓથોરિટીના મતે, રોગચાળાના ભયના કારણે સ્ટેડિયમની ક્ષમતાના માત્ર ૧૦ ટકા જ ચાહકોને પ્રવેશ આપવામાં આવશે. આ સમય દરમિયાન આરોગ્ય વિભાગની ટીમ અને તમામ જરૂરી મેડિકલ સુવિધાઓ સ્ટેડિયમમાં ઉપલબ્ધ રહેશે. ઈટાલીના સ્પોર્ટ્સ મિનિસ્ટર વિન્સેન્ઝો સ્પાડાફોરાએ કહ્યું કે, યુરોપના ટોપ -૪ ડોમેસ્ટિક લીગમાં સમાવિષ્ટ સીરી-એ ૨૦ જૂનથી શરૂ થશે. ૯ માર્ચે, લીગ કોરોનાવાયરસને કારણે સ્થગિત થઈ હતી. હવે જ્યારે જર્મનીમાં બુન્ડેસ્લિગાની શરૂઆત થઈ છે, ત્યારે સીરી-એને ટ્રેક પર લાવવાનો આ યોગ્ય સમય છે.

અધ્યક્ષ નરિન્દર બત્રાના પિતા કોરોનાગ્રસ્ત થતા ૨ સુરક્ષા ગાર્ડ સહિત ૭ લોકો સંક્રમિત

નવી દિલ્હી

ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન (આઈઓએ)ના અધ્યક્ષ નરિન્દર બત્રાના પિતા કોરોના સંક્રમિત થયા છે. તેમના સિવાય ઘર અને ઓફિસમાં ૬ લોકો કોરોના પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું છે. ત્યારબાદ, નરિન્દરે પોતાને ૧૭ દિવસ માટે કવોરન્ટીનમાં રાખ્યા છે.

નરિન્દરે કહ્યું કે તેમનો ટેસ્ટ નેગેટિવ આવ્યો છે, પરંતુ તેમની નવી દિલ્હી અને ફરીદાબાદ ઓફિસમાં એક-એક સ્ટાફ કોરોના પોઝિટિવ હોવાનું સામે આવ્યું છે. આઈઓએ પ્રમુખે કહ્યું કે, મારા પિતાનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. તેમને ૨૫ મેના રોજ બત્રા હોસ્પિટલમાં કોવિડ માટે બનાવાયેલા વોર્ડમાં દાખલ કરાયા છે. પિતાની સંભાળ કરનાર બે કાર્યકરો અને બે સુરક્ષા ગાર્ડને પણ ચેપ લાગ્યો છે.

ટૂરની શરૂઆત ઓક્ટોબરમાં 3 T-20ની સીરિઝથી થશે

ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ ભારત સાથે વર્ષના અંતે થનાર ટેસ્ટ, વનડે અને T-20 શ્રેણીનું શેડ્યૂલ કર્યું નક્કી

નવી દિલ્હી

ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ ભારત સાથે વર્ષના અંતે થનાર ટેસ્ટ, વનડે અને ૨૦ શ્રેણીનું શેડ્યૂલ નક્કી કર્યું છે. ટૂરની શરૂઆત ઓક્ટોબરમાં ૩ ૨૦ની સીરિઝથી થશે. પહેલી મેચ બ્રિસબેનમાં ૧૧ ઓક્ટોબરે, બીજી મેચ અને ત્રીજી મેચ ૧૪ અને ૧૭મી અનુક્રમે કેન્બેરા અને એડિલેડ ઓવલ ખાતે રમાશે. આ પછી બંને ટીમો ૨૦ વર્લ્ડ કપમાં ભાગ લેશે. આ ટૂર્નામેન્ટ ૧૮ ઓક્ટોબરથી ૧૫ નવેમ્બર દરમિયાન રમાશે. તેના પછી બંને દેશ વચ્ચે ૪ ટેસ્ટની સીરિઝ રમાશે. પ્રથમ મેચ ૩ ડિસેમ્બરે બ્રિસ્બેનમાં રમાશે. તે પછીની મેચ ડે-નાઈટ ટેસ્ટ હશે, જે ૧૧ ડિસેમ્બરે એડિલેડમાં રમાશે. કોરોનાને કારણે, ટીમ ઈન્ડિયાના ખેલાડીઓએ આ પ્રવાસ પર ૧૪ દિવસ આઈસોલેશનમાં રહેવું પડશે, બીસીસીઆઈ દ્વારા આ માટે મંજૂરી આપવામાં આવી છે. બંને દેશો વચ્ચે ૨૬ ડિસેમ્બરે મેલબોર્નમાં બોક્સિંગ ડે રમવામાં આવશે.

આ પછી ૩ જાન્યુઆરીએ સિડનીમાં ન્યૂ યર ટેસ્ટ થશે. હકીકતમાં, ક્રિસમસ પછીના બીજા દિવસે ૨૬ ડિસેમ્બરેની મેચને બોક્સિંગ ડે ટેસ્ટ કહેવામાં આવે છે. જ્યારે વર્ષની પ્રથમ મેચને ન્યૂ યર ટેસ્ટ



કહેવામાં આવે છે. ભારતીય ટીમ એડિલેડમાં પોતાની બીજી અને વિદેશમાં પહેલી ડે-નાઈટ ટેસ્ટ રમશે. ભારતે પોતાની પહેલી ડે-નાઈટ ટેસ્ટ ૨૨ નવેમ્બર ૨૦૧૯ના રોજ કોલકાતા ખાતે બાંગ્લાદેશ વિરુદ્ધ રમી હતી. ભારત આ મેચ એક ઈનિંગ્સ અને ૪૬ રને જીત્યું હતું. ભારત ઓસ્ટ્રેલિયા ૩ વનડે સીરિઝની પહેલી મેચ ૧૨ જાન્યુઆરીએ પર્થ, બીજી મેચ ૧૫ જાન્યુઆરીએ સિડની અને ત્રીજી મેચ ૧૭ જાન્યુઆરીએ સિડની ખાતે રમશે. રિપોર્ટ અનુસાર, ક્રિકેટ ઑસ્ટ્રેલિયાએ જણાવ્યું હતું કે ટેસ્ટ સીરિઝ માટે શેડયૂલ નક્કી કરવું જરૂરી હતું.

આ શ્રેણી થશે કે નહીં તે ઓક્ટોબર-નવેમ્બરમાં ઓસ્ટ્રેલિયામાં કોરોનાની સ્થિતિ પર નિર્ભર રહેશે. અગાઉ એવી અટકળો કરવામાં આવી રહી હતી કે આ તમામ ટેસ્ટ એક જ મેદાન પર થઈ શકે છે, પરંતુ અત્યારે એવું નથી. જ્યારે સંજોગો નિયંત્રણમાંથી બહાર આવે ત્યારે જ આ નિર્ણય લેવામાં આવશે. ભારત સામેની શ્રેણી પહેલા ઓસ્ટ્રેલિયા અફઘાનિસ્તાન સામેની ટેસ્ટ મેચથી તેની ક્રિકેટ સીઝનની શરૂઆત કરશે. આ ડે-નાઈટ ટેસ્ટ ૨૧ નવેમ્બરથી પર્થમાં રમાશે. આ બંને દેશો વચ્ચે પ્રથમ ટેસ્ટ હશે.

કચ્છ આંતરરાષ્ટ્રીય ડિપ્લોમેટિક ટકરાવનું કેંદ્ર બની શકે તેવી સ્થિતિનું નિર્માણ

કેફી દ્રવ્યનો આતંકી ગતિવિધિમાં કરન્સી તરીકે ઉપયોગ કરાયાનો ઘટસ્ફોટ

ગાંધીધામ

કચ્છના કાંઠે પાકિસ્તાનથી આવતા ડ્રગ્સને રંગે હાથે ઝડપ્યાના પ્રકરણને એક વર્ષ પુર્ણ થઈ રહ્યું છે, આ એક વર્ષેના ગાળામાં થયેલી તપાસમાં ચોંકાવનારી હકીકતો બહાર આવવા પામી છે. જેમાં કચ્છથી ઝડપાયેલો એ ડ્રગ્સનો જથ્થો ખરેખર તો કરન્સી તરીકે ઉપયોગમાં આવ્યો હતો. જેના તાર કરાંચીમાં બેઠેલા આકાઓ સુધી સીધા જોડાયેલા હોવાનું સામે આવી ચુક્યુ છે.

ત્યારે કંડલામાં ન્યુક્લિયર કાર્ગો વહન કરી શકતી મિસાઈલના પાર્ટ્સ મળ્યાની ઘટના બાદ વધુ એક વાર કચ્છ આંતરરાષ્ટ્રીય ડિપ્લોમેટિક ટકરાવનું કેંદ્ર બની શકે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. એક વર્ષ પહેલા ૨૧મે, ૨૦૧૯ના કચ્છના જખૌ પાસે આંતરરાષ્ટ્રીય જળસીમામાં પાકિસ્તાન તરફથી આવતી એક બોટને કોસ્ટગાર્ડએ ડીઆરઆઈ, ઈન્ટેલિજન્સ ઈનપુટના આધારે ઝડપી પાડી હતી. જેમાં હેરોઈન ડ્રગ્સ ભરેલા ૩૩૦ પેકેટ, ૧૬૫૦ કરોડ કિંમતના હતા.

આ આખાય પ્રકરણમાં ત્રણથી વધારે રાષ્ટ્રીય સુરક્ષા એજન્સીઓએ એક સાથે કામ કરીને બોટ પર સવાર છ પાકિસ્તાનીઓને પકડીને આટલા સમય સુધી આકરી પુછપરછ અને તપાસનો દોર ચલાવ્યો હતો. જેમાં છ મહિના અગાઉ૨૪ પાકિસ્તાની અને ૧ ઓખાના વ્યક્તિનું આ આખાય ષડયંત્રમાં સામેલગીરી બહાર આવતા તે તમામ સામે ડિરેક્ટરોટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ એજન્સીએ ન માત્ર એનડીપીએસ પણ કસ્ટમ એક્ટ તળે પણ ગુન્હો નોંધીને કાયદાનો ગાળીયો વધુ ભીંસ્યો હતો. સતત આગળ વધતી તપાસમાં કરાંચીમાં બેઠેલા ચાર કિંગપીનના નામ પણ ખુલતા ચકચાર મચી હતી.

ગીરસોમનાથના ગ્રામ્ય વિસ્તારમાં બે સિંહબાળ અને સિંહણ સાથે દેખાયો સિંહ

ગીરસોમનાથ

ગીરનાં જંગલમાં રાજ કરતાં જંગલનાં રાજા પરિવાર સાથે ગ્રામ્ય પંથકમાં ચડી આવ્યા હતા. ગામથી થોડે દૂર વાડી વિસ્તારમાં જાણે લોકોને મળવા આવ્યા હોય તેમ બે સિંહબાળ અને સિંહણના દ્રશ્યો કેમેરામાં કેદ થયા હતા. મહત્વનું છે કે સિંહો અને લોકો ગીરમાં એકબીજાના પૂરક બનીને જીવે છે. પશુપાલકો જંગલ તરફ પોતાના પશુ ચરાવા જતા હોય ત્યારે સિંહો સાથે તેમનો ભેટો થાય તે સામાન્ય છે. ત્યારે લોકડાઉનમાં જાણે માણસોને જોવા સિંહો વ્યાકુળ થયા હોય તેમ રહેણાંક વિસ્તારમાં આવી રહ્યા છે.

કોરોના કાળમાં ગુજરાત હાઈકોર્ટનો પ્રજાલક્ષી નિર્ણય

હવે કોરોનામાં સરકારના ચાર્જથી પણ ૧૦ ટકા રકમ ઓછી લઈ સારવાર કરશે ખાનગી હોસ્પિટલોમાં

અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટમાં કોવિડ-૧૯ મુદ્દે દાખલ કરાયેલી સૂઓમોટો અરજી પર સુનાવણી હાથ ધરાઈ હતી. જે દરમ્યાન હાઈકોર્ટે અનેક મહત્વની ટિપ્પણીઓ કરી હતી. રાજ્ય સરકારે હાઈકોર્ટમાં તેમનો રિપોર્ટ રજૂ કર્યો હતો. ત્યારે સુનાવણી દરમ્યાન ખાનગી હોસ્પિટલો દ્વારા દર્દીઓ પાસેથી વસુલવામાં આવતા વધુ પડતા ચાર્જ મુદ્દે જસ્ટિસ પારડીવાલાએ ટકોર કરી હતી.

જે બાદ ખાનગી હોસ્પિટલોમાં સરકારે નક્કી કરેલા ચાર્જમાં ૧૦ ટકા ઘટાડો કરવામાં આવશે તેમ ખાનગી હોસ્પિટલના વકીલે જણાવ્યું. હાઈકોર્ટે મહત્વની ટિપ્પણી કરતા કહ્યું કે ઉપરવાળો બધું જોઈ રહ્યો છે. ખાનગી હોસ્પિટલો દ્વારા કોવીડ-૧૯ દર્દીઓ પાસેથી પૈસા લેવાના પૈસા અંગે કોઈ પુનર્વિચારણા થાય. જો હોસ્પિટલો અતિશય પૈસા વસૂલતી હોય અથવા ર્ઢેનું ઉલ્લંઘન કરતી જોવા મળે, તો તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. તેમણે કહ્યું કે હોસ્પિટલોએ અંત સુધી સમજૂતીના મેમોરેન્ડમમાં સૂચવેલ શરતોનું પાલન કરવું જોઈએ.

કેન્દ્ર દ્વારા ૧ જૂનથી દેશભરમાં ટ્રેનો દોડાવવાની જાહેરાત

૧ જૂનથી ગુજરાતમાંથી ૩૪ ખાસ ટ્રેનો શરૂ કરવામાં આવશે

અમદાવાદ

કેન્દ્ર સરકારના મંત્રાલય દ્વારા ૧ જૂનથી દેશભરમાં ટ્રેનો દોડાવવાની જાહેરાત કરવામાં આવી છે. ત્યારે ગુજરાતમાંથી પણ ટ્રેનો શરૂ થશે. વેસ્ટર્ન રેલ્વે દ્વારા ૧ જૂનથી ગુજરાતમાંથી ૩૪ જેટલી ખાસ ટ્રેનો શરૂ કરવામાં આવશે. વેસ્ટર્ન રેલ્વે દ્વારા આ ખાસ ટ્રેનોની માહિતી રાજ્ય સરકારને આપવામાં આવી છે. આ ટ્રેનોમાં દક્ષિણ ગુજરાતને સૌથી વધુ ૨૪ ટ્રેનોનો લાભ મળશે. મુંબઈ સેન્ટ્રલ અને અમદાવાદ વચ્ચે પણ એક ટ્રેન દોડાવવાની જાહેરાત કરાઈ છે. આ ૩૪ ટ્રેનોમાં ગુજરાતમાંથી પસાર થતી ટ્રેનો પણ છે. ત્યારે સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરીને મુસાફરોને ટ્રેનમાં પ્રવેશ આપવામાં આવે તેવી ખાસ સૂચના આપવામાં આવી છે.

કઈ ૩૪ ટ્રેનો ગુજરાતમાંથી દોડશે

ટ્રેન નંબર	ઉપડશે	જશે	સ્ટોપેજ
૦૨૪૮૦	બાન્દ્રા	જોધપુર	સુરત-અંકલેશ્વર
૦૨૪૭૯	જોધપુર	બાન્દ્રા	અંકલેશ્વર-સુરત
૦૨૯૩૩	મુંબઈ સેન્ટ્રલ	અમદાવાદ	વાપી, વલસાડ, સુરત, ભરૂચ
૦૨૯૩૪	અમદાવાદ	મુંબઈ સેન્ટ્રલ	ભરૂચ, સુરત, વલસાડ, વાપી
૦૯૦૪૫	સુરત	છાપરા	સુરત, ઉધના, વ્યારા
૦૯૦૯૬	છાપરા	સુરત	વ્યારા, ઉધના, સુરત
૦૯૦૪૧	બ્રાન્દ્રા ગાઝીપુર	વીકલી	વાપી, વલસાડ, ભરૂચ
૦૯૦૪૨	ગાઝીપુર	બ્રાન્દ્રા	ભરૂચ, વલસાડ, વાપી
૦૯૦૩૭	બાન્દ્રા	ગોરખપુર	વાપી, વલસાડ, સુરત, અંકલેશ્વર
૦૯૩૮	ગોરખપુર	બાન્દ્રા	વાપી, વલસાડ, સુરત, અંકલેશ્વર
૦૯૩૯	બાન્દ્રા	મુઝફ્ફર	વાપી, વલસાડ, સુરત, અંકલેશ્વર
૦૯૪૦	મુઝફ્ફર	બાન્દ્રા	સુરત
૦૨૯૦૩	મુંબઈ સેન્ટ્રલ	અમૃતસર	સુરત
૦૨૯૦૪	અમૃતસર	મુંબઈ સેન્ટ્રલ	વાપી, વલસાડ, સુરત, ભરૂચ, નવસારી
૦૨૯૨૫	બાન્દ્રા	અમૃતસર	વાપી, વલસાડ, સુરત, ભરૂચ
૦૨૯૨૬	અમૃતસર	બાન્દ્રા	વાપી, સુરત, અંકલેશ્વર
૦૨૯૫૫	મુંબઈ	જયપુર	ભરૂચ, સુરત, ઉધના, બારડોલી, મઢી, વ્યારા
૦૨૯૫૬	જયપુર	મુંબઈ સેન્ટ્રલ	વ્યારા, મઢી, બારડોલી, ઉધના, સુરત, ભરૂચ
૦૨૮૩૩	અમદાવાદ	હાવરા	સુરત
૨૮૩૪	હાવરા	અમદાવાદ	સુરત
૦૯૦૮૩	અમદાવાદ	મુઝફ્ફરપુર	સુરત
૦૯૦૮૪	મુઝફ્ફરપુર	અમદાવાદ	સુરત
૦૯૦૮૯	અમદાવાદ	ગોરખપુર	સુરત
૦૯૦૯૦	ગોરખપુર	અમદાવાદ	સુરત

ગાંધીનગર જીલ્લાનો ૮૬ ટકા ગ્રામ્ય વિસ્તાર કોરોના મુક્ત

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ અને કલોલમાંથી આજે એક-એક કેસ સામે આવતાં જિલ્લામાં પોઝિટિવ દર્દીઓનો આંકડો વધીને ૧૨૯ સુધી પહોંચી ગયો છે. આંકડાની દ્રષ્ટીએ જોવા જઈએ તો આ પોઝિટિવ દર્દીઓનો આંકડો મોટો લાગે છે. પરંતુ ગાંધીનગર જિલ્લાની કુલ વસ્તી અને વિસ્તારની દ્રષ્ટીએ જોવા જઈએ તો ગાંધીનગર જિલ્લાના કુલ ૩૧૨ ગામો પૈકી ૩૪ ગામોમાં જ પોઝિટિવ દર્દીઓ નોંધાયા છે એટલે કે ૧૪ ટકા ગામો જ સંક્રમિત થયા છે. જ્યારે ૮૬ ટકા ગ્રામ્ય વિસ્તાર કોરોના મુક્ત રહેવામાં સફળ રહયો છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારના કુલ ૫૬ કન્ટેન્મેન્ટ ઝોનમાં ૭૫ હજાર જેટલી વસ્તી સમાયેલી છે જે જિલ્લાની કુલ ૧૩ લાખની વસ્તી સામે ફકત ૫.૭૧ ટકા જેટલી જ થાય છે. ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોના પોઝિટિવ દર્દીઓનો આંકડો ૨૩૦ જેટલો થઈ ગયો છે. જે પૈકી ૧૩ વ્યક્તિઓના મોત પણ નીપજયા છે. આજે કલોલ અને દહેગામમાંથી એક-એક પોઝિટિવ દર્દીઓ સામે આવતાં ગાંધીનગરના કોર્પોરેશન વિસ્તાર સિવાયના જિલ્લામાંથી અત્યાર સુધી પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૧૨૯ ઉપર પહોંચી ગઈ છે. જેમાં સૌથી સૌથી વધારે ૬૫ કેસ ગાંધીનગર તાલુકામાંથી સામે આવ્યા છે.

કોરોના સંક્રમણની વર્તમાન વિષમ પરિસ્થિતિમાં ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં જાગૃતિ આવે, કોરોના સામે લડવામાં ગ્રામજનોનો આત્મવિશ્વાસ મજબુત બને તેમજ સંક્રમણમાંથી સલામત અને સુરક્ષિત રહેવાના ઉપાયની જાણકારી અને આદેશોની અમલવારી થાય છે કે કેમ તે માટે ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી આર.આર.રાવલ દ્વારા સૌથી વધારે પ્રભાવિત ગાંધીનગર તાલુકાના ૭૪ ગામોની મુલાકાત લેવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારની મુલાકાત લેવાની સાથે સ્થાનિક સરપંચ તલાટી, કોરોના વોરિયર્સ સાથે વાતચીત કરીને તેમના પ્રશ્નોનું નિરાકરણ કરવા ઉપરાંત લોકડાઉનની અમલવારી થાય છે કે કેમ તેની તપાસ પણ તેઓ કરે છે એટલું જ નહીં સોશ્યલ ડીસ્ટેન્સીંગ કે માસ્કનો અભાવ જોવા મળે તો સ્થાનિક તંત્રને સૂચના પણ આપવામાં આવે છે. આ ઉપરાંત કવોરેન્ટાઈન વિસ્તારની મુલાકાત લેવાની સાથે પોઝિટિવ દર્દીઓ સાથે નિયમિત ટેલીફોનીક વાત પણ કરવામાં આવે છે.

ત્યારે જિલ્લા વિકાસ અધિકારી આર.આર.રાવલે જણાવ્યું હતું કે આંકડાની દ્રષ્ટીએ ગાંધીનગર જિલ્લામાં ૧૨૯ કેસ જરૂર વધારે કહેવાય પરંતુ વસ્તી અને વિસ્તારની સાંપેક્ષમાં જોવા જઈએ તો જિલ્લાનો ૮૬ ટકા ગ્રામ્ય વિસ્તાર કોરોનામુકત એટલે કે સુરક્ષિત છે. ગાંધીનગર જિલ્લાના કુલ ૩૧૨ ગામો પૈકી કુલ ૩૪ ગામોમાંથી કોરોના પોઝિટિવ કેસ મળ્યા છે. જે ટકાવારીની દ્રષ્ટીએ ૧૪ ટકા થાય છે. જે ગામોમાં કેસ આવ્યા નથી ત્યાં સરપંચ અને તલાટી દ્વારા સારી કામગીરી કરવામાં આવી હોવાનું પણ તેમના ધ્યાને આવ્યું છે. તે જ રીતે કન્ટેન્મેન્ટ ઝોનની વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે કુલ ગ્રામ્ય વિસ્તારના ૫૬ કન્ટેન્મેન્ટ ઝોનમાં ૭૪,૮૭૬ વસ્તીનો સમાવેશ થાય છે. જિલ્લાની અંદાજિત ૧૩ લાખની વસ્તીના સાંપેક્ષમાં આ કન્ટેન્મેન્ટ ઝોનની વસ્તી જોઈએ તો તે માત્ર ૫.૭૧ ટકા જેટલી જ થાય છે એટલે કે ૯૫ ટકા વિસ્તાર નોન કન્ટેન્મેન્ટ ઝોન એટલે કે ગ્રીન ઝોનમાં છે. જે પણ ગ્રામ લોકોની જાગૃતિ અને સભાનતાને આભારી છે.

બાતમી આપનારની વિગત બુટલેગર પાસે પહોંચી કેવી રીતે..? પોલીસ જ બાતમીદાર...?

અમદાવાદમાં દારૂડિયા બન્યા બેફામ, આરટીઆઈ એક્ટિવિસ્ટ પર હૂમલો

અમદાવાદ

અમદાવાદમાં બુટલેગરો બેફામ બન્યા છે તેમને ન તો પોલીસનો ડર છે ન કોઈનો ભય. પોલીસને દારૂ વિશે બાતમી આપી છે તો ખેર નથી એમ કહીને અમદાવાદના આરટીઆઈ એક્ટિવિસ્ચ ઉપર હૂમલો કરવામાં આવતા પોલીસ સહિત બુટલેગર તંત્રના તાણાવાણાનો વિવાદ એકવાર ફરી શરૂ થયો છે. અમદાવાદના નિકોલમાં રહેતા એક આરટીઆઈ એક્ટિવિસ્ટ પર હુમલો થયો છે. દારૂની બાતમી આપવાના નામે ધમકી આપીને હુમલો કરાયો છે. અજાણ્યા શખ્સોએ એક આરટીઆઈ એક્ટિવિસ્ટ પર હુમલો કરતા પોલીસતંત્ર દોડતુ થઈ ગયુ છે.

અમદાવાદના આરટીઆઈ એક્ટિવિસ્ટ ભાવિક શાહ ઉપર હિંસક હૂમલો કરવામાં આવ્યો છે. ભાવિક શાહ ઉપર અજાણ્યા શખ્સોએ દારૂની બાતમી આપી તો જાનથી મારી નાંખીશું એમ કહીને હૂમલો કર્યો. ત્યારે પ્રશ્ન એ થાય કે આ બાતમીદાર પર હૂમલો કેમ કરવામાં આવ્યો? શું પોલીસમાંથી જ કોઈએ બુટલેગરોને બાતમી આપી હશે કે, આ બાતમીદાર તેમના સુધી એક્ટિવિસ્ટની માહિતી મોકલાવે છે. હૂમલો કરનારા અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધીને પોલીસે આ હિંસક હૂમલા વિશે તપાસ શરૂ કરી છે.

દારૂ ની રેલમ છેલ પાછળ પોલીસની રહેમ નજર...?

સલકી પાસેથી પકડાયેલા દારૂની કાર્યવાહી કરવા પહોચેલી પોલીસે કર્યો ૫૦ હજારનો તોડ

ગાંધીનગર

દહેગામ તાલુકાના સલકી ગામ પાસેથી એક સપ્તાહ પહેલા એક ખેપિયા પાસેથી દારૂ અને બીયરના ટીન પકડાયા હતા. જેનો દહેગામ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પરંતુ પોલીસ દારૂ ક્યાંથી આવ્યો તેનું પગેરું શોધવા સાબરકાંઠા તરફ ગઈ હતી. ત્યાં કાર્યવાહી કરવાને બદલે ૫૦ હજારનો તોડ કરી આવી હતી.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ દહેગામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મોટા પાયે દારૂનું કટિંગ થતું હોય છે. જ્યારે વેચાણ પણ પોલીસના છૂપા આશીર્વાદથી ભરપૂર માત્રામાં થાય છે એવું કહેવામાં આવે છે. દારૂના કેસમાં તોડ કરવાના ટાર્ગેટ સાથે જ આગળ ચાલતા હોય છે, ત્યારે એક સપ્તાહ પહેલા દહેગામ પાસે આવેલા સલકી ગામેથી દારૂનું વેચાણ કરતો એક ખેપિયો પકડાયો હતો. પોલીસે ગુનો નોધી કાર્યવાહી હાથ ધરી હતી.

ખેપિયા પાસેથી મળેલી માહિતીના આધારે દહેગામ પોલીસનો એક કર્મચારી સાબરકાંઠા તરફ ગયો હતો. જ્યાં બુટલેગરને મળીને મોટી રકમની માંગ કરી હતી. બુટલેગર સક્ષમ નહીં હોવાના કારણે તેણે કરેલી માંગનો સ્વીકાર કર્યો હતો. પરંતુ છેલ્લે આ મામલો ૫૦ હજારમાં પૂરો કર્યો હતો. પોલીસ કર્મચારી પોતાની સફેદ કલરની કાર લઈને બુટલેગર પાસે ગયો હોવાની પણ સૂત્રો પાસેથી માહિતી મળી હતી.

મહેસાણામાં વેપારીઓ દ્વારા કરાતા લૂંટના પ્રહાર પર તોલમાપ વિભાગ ગ્રાહકોની ઢાલ બન્યું

મહેસાણા

વસુદેવ કુટુમ્બકમની ભાવના સાથે જોડાયેલી ભારતની પરંપરા આજે આધુનિક અને ગતિશીલ બનેલા આ યુગમાં ભુલાઈ ગઈ છે. ત્યારે હાલમાં દેશ અને દુનિયા જે કોરોના વાયરસની મહામારી સામે ઝઝુમી રહી છે. ત્યાં લોકડાઉન વચ્ચે કેટલાક ધરતી પરના યમદૂત લોકોને આર્થિક મોત આપી રહ્યાં છે. વાત છે મહેસાણા જિલ્લામાં લોકડાઉન વચ્ચે સર્જાયેલી મહામારીની કે, જયાં મહામારી સમયે એકબીજા પ્રત્યે માનવતા દાખવવી ખૂબ આવશ્યક છે. ત્યાં તકનો લાભ લેતા કેટલાક લાલચુ વેપારીઓ દ્વારા કાળા બજાર કરી પોતે જે ગ્રાહકોને ભગવાન માને છે, તેવા ભગવાનને જ લૂંટી રહ્યા હતા.

લોકડાઉનની શરૂઆતમાં માસ્ક અને સેનેટાઈઝર તો જીવન જરૂરી ચીજ વસ્તુઓ માટે દૂધ, દહીં, છાસ, કે અનાજ, કઠોળના વેપારીઓ દ્વારા જેમ થિયેટરની ટિકિટનું કાળા બજાર કરવામાં આવતું હોય તેમ એકના ડબલ અને ત્રણ ગણા ભાવ વસુલાતા હતા. તો વળી લોકડાઉનમાં મળેલી છૂટછાટ બાદ પાન મસાલાના હોલસેલર અને રિટેલર વેપારીઓએ પણ પોતાના ગ્રાહકો પાસેથી ભરપૂર લૂંટ ચલાવી હતી. મહેસાણા તોલ-માપ અધિકરી એન.એમ. રાઠોડ જેવા અનુભવી અધિકારી દ્વારા પોતાની ટીમ દ્વારા ગ્રાહકોના હિતને ધ્યાને રાખી સમગ્ર જિલ્લામાં કાળા બજાર કરતા વેપારીઓને શોધી કાઢવા ખુદ ગ્રાહકના સ્વાંગમાં જે તે ચીજ વસ્તુઓ ખરીદી શરૂ કરી તો છેલ્લા બે થી ત્રણ મહિનાના સમય ગાળામાં ૧૫૫ જેટલા વેપારીઓ કાળા બજાર કરતા રંગે હાથ ઝડપાઈ ગયા. જે બાદ આવા તમામ વેપારીઓ સામે સ્થળ પર જ દંડનીય કાર્યવાહી કરતા તોલ-માપ વિભાગ દ્વારા ૫.૩૦ લાખ જેટલો દંડ વસુલવામાં આવ્યો છે. મહત્વનું છે મહેસાણા જિલ્લા તોલ-માપ વિભાગની કામગીરીના માત્ર મહેસાણા જિલ્લામાં પરંતુ પાટણ અને જામનગર મળી કુલ ૩ જિલ્લામાં કાળા બજારીયા વેપારીઓ સામે કાર્યવાહી કરી લોકડાઉનમાં ગ્રાહકોને લૂંટતા વેપારીઓમાં ફફડાટ જગાવ્યો છે. તો આ કામગીરી માટે ઓપરેશન કાળા બજારમાં તોલ માપ વિભાગની ટીમ રાત દિવસ અવનવી યુક્તિ વાપરી ખુદ અધિકારી અને કર્મચારીઓ પોતાનો પહેરવેશ બદલી સામાન્ય ગ્રાહકની જેમ ભૂમિકા અદા કરી પાર પાડવામાં સફળ રહ્યાં છે, જે તોલ-માપ વિભાગની એક આગવી કામગીરી રહી છે.

અમદાવાદ સેન્ટ્રલ જેલનાં આરોપીઓ સેલ્ફીમાં અને તંત્ર ઊંઘમાં ઝડપાયું

અમદાવાદ

અમદાવાદ સેન્ટલ જેલ ઘણી વખત વિવાદોમાં રહી છે, ત્યારે ફરીથી એક નવો વિવાદ સર્જાયો છે, જેમાં સેન્ટ્રલ જેલનો એક ફોટો વાયરલ થયો છે. આ વાયરલ ફોટોગ્રાફમાં આરોપીઓ જેલમાં સેલ્ફી લઈ રહ્યા છે. આ આરોપીઓ પૈકી એક આરોપી ૨૬ મે ના રોજ જામીન પર બહાર આવ્યો હતો તેવો દાવો કરવામાં આવી રહ્યો છે. સોશિયલ મીડિયામાં એવી ચર્ચાએ જોર પકડ્યું છે કે ૨ આરોપીઓ હજુ પણ જેલમાં છે અને ૧૦ દિવસ પહેલા આરોપીઓએ ફોટો લીધો હતો, જોકે જેલના અધિકારીઓ દ્વારા એવું કહીને બચાવ કરવામાં આવ્યો છે કે આ ફોટો ગત નવેમ્બર મહિનાનો છે.

બાલાસિનોર લોકડાઉનમાં વીજબિલ, પાલિકા વેરો, અને શિક્ષણ ફી માફ કરવા મુદ્દે કોંગ્રેસનું આવેદન

બાલાસિનોર

સમગ્ર વિશ્વ સહિત ભારત દેશ અને ગુજરાત રાજ્યની પ્રજા કોરોના કોવિડ-૧૯ વાઈરસની મહામારી સામે છેલ્લા ત્રણ મહિનાથી ઝઝૂમી રહી છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા લોકડાઉન કરવામાં આવતા ધંધા રોજગાર સંપૂર્ણ બંધ થતાં ગરીબ અને મધ્યમવર્ગીય લોકોની આજીવિકા બંધ થઈ ગઈ છે. લોકો માટે હાલની પરિસ્થિતિમાં પરિવારનું ગુજરાન ચલાવવું ખૂબ જ કઠિન બન્યું છે. જેને લઈને કોંગ્રેસ પક્ષ દ્વારા વીજબિલ, વેરો, અને શિક્ષણ ફી માફ કરવા બાલાસિનોર પ્રાંત કચેરી ખાતે આવેદન આપવામાં આવ્યું હતું. આ સંદર્ભે ગુજરાત રાજ્ય લાંબા લોકડાઉન પગલે આજે સામાન્ય પ્રજાની સહાય માટે કોંગ્રેસ પક્ષ દ્વારા માંગણી અને રજૂઆત કરી છે. જેમાં માર્ચ ૨૦૨૦થી જૂન ૨૦૨૦ સુધી તમામ લોકોના વીજળી બિલ માફ કરવામાં આવે, ગરીબ અને મધ્યમ વર્ગના તમામ પરિવારોના રહેઠાણ, પાણી, મિલકત, તેમજ નાના વેપાર વેપારી જુના ધંધાનાં સ્થળના વેરા માફ કરવામાં આવે, ખાનગી શાળાઓની આગામી શૈક્ષણિક વર્ષની પ્રથમ સત્રની ફી માફ કરવામાંઆવે, અથવા સરકાર આવી ફીની રકમની સહાય પૂરી કરે જેવી માગણી સમાવવામાં આવી છે. વર્તમાન સમયમાં દેશના અને રાજ્યના પ્રત્યેક વ્યક્તિ માટે સમય કપરો સાબિત થયો છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા ઉપરોક્ત માગણીઓની સહાય કરવામાં આવે તેવી માંગ સાથે બાલાસિનોરના કોંગ્રેસ પક્ષના ધારાસભ્ય અજીતસિંહ ચૌહાણ અને કાર્યકર્તાઓ સાથે બાલાસિનોર પ્રાંત કચેરી ખાતે આવેદન પાઠવ્યું છે.

જૂનથી ગુજરાતમાં મંદિરો સાથે ધાર્મિક સ્થળોને ખોલવામાં આવે તેવી સંભાવના

ગાંધીનગર

ગુજરાતમાં ભાવિક ભક્તોને કોરોના સંક્રમણના સમયે ભગવાનને પ્રાર્થના કરવા મળી શકે તેમ છે. ૩૧મી મે ના રોજ લોકડાઉન ૪.૦નો અંત આવી રહ્યો છે ત્યારે જૂનથી ગુજરાતમાં મંદિરો સાથે ધાર્મિક સ્થળોને ખોલવામાં આવે તેવી સંભાવના છે. ભારત સહિત રાજ્યમાં મંદિરો એને ધાર્મિક સ્થળો છેલ્લા અઢી મહિનાથી બંધ છે. માત્ર મંદિર કે ધાર્મિક સ્થાનના પુજારીઓ સવાર અને સાંજ આરતી કરીને મંદિરને બંધ કરી દેતા હોય છે. કોરોના સંક્રમણ સમયે લોકો અત્યારે ભગવાનને પ્રાર્થના કરી રહ્યાં છે કે ઝડપથી આ મહામારીનો અંત આવે. ગુજરાતમાં ઘણાં પરિવારોએ મા અંબા અને ભગવાન શંકર સહિતના મંદિરોની બાધા રાખી છે.

ગુજરાતી પરિવારો કોઈપણ કામ નવું શરૂ કરે એટલે પહેલાં મંદિરમાં માથું ટેકવાની આદત હોય છે પરંતુ કોરોના સંક્રમણના સમયે લોકોને મંદિરોમાં જવા મળતું નથી. રાજ્યના પવિત્ર યાત્રાધામ ઉપરાંત ગામ કે શહેરમાં કે મહોલ્લામાં આવેલા મંદિરોમાં ભક્તો પર પ્રતિબંધ મૂકવામાં આવેલો છે. આ સંજોગોમાં લોકોની આસ્થાને સમજીને રાજ્ય સરકાર મંદિરોના તાળાં ખોલાવી શકે. મુખ્યમંત્રી કાર્યાલયના એક અધિકારીએ કહ્યું હતું કે રાજ્યના નાના અને મોટા મંદિરોમાં ભક્તોને દર્શન કરવાની છૂટ આપવામાં આવી શકે છે પરંતુ તે તબક્કાવાર અને ચોક્કસ ડિસ્ટન્સ તેમજ આરોગ્યના પગલાંને આધિન રહેશે.

એટલે કે મંદિરોમાં દર્શન કરવાની લોકોને શરતી છૂટ મળી શકે છે. જો કે તમામ ભક્તોને માસ્ક ફરજીયાત પહેરવાના રહેશે તેમજ મંદિરના પ્રાંગણ અને દર્શનના સ્થળને નિયમિત સેનેટાઈઝ કરવાનું રહેશે. ગુજરાના મોટા મંદિરો જેવાં કે સોમનાથ, દ્વારકા, ડાકોર, બહુચરાજી, અંબાજી, પાલીતાણા અને અન્ય ધર્મોના મંદિરો અને સ્થળોમાં શરતી મંજૂરી આપવાની રહેશે અને તેના માટે જિલ્લા કલેક્ટરોના અભિપ્રાય મંગાવવામાં આવ્યા છે. ભાવિક ભક્તો માટે મોટા મંદિરોમાં ઓનલાઈન પાસ જેવી સિસ્ટમ પણ વિકસાવવામાં આવી શકે છે કે જેથી ભક્તોની ભીડ એક જ સમયે ઉભી થાય નહીં. મંદિરના દર્શનના અલગ અલગ સમયને ભક્તોમાં વહેંચી દેવામાં આવશે.

ડો. એસ.કે ગઢવીની અચાનક ભાવનગર ખાતે બદલી થતા તબીબોમાં રોષ

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ૧૦ તબીબોએ આપ્યા રાજીનામા

રાજકોટ

કોરોના વાઈરસની મહામારી વચ્ચે રાજકોટ માટે ખૂબ જ ચિંતાજનક સમાચાર છે. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં મેડિસિન વિભાગમાં ફરજ બજાવતા ૧૦ તબીબોએ એકીસાથે રાજીનામા આપ્યા છે. રાજકોટ સિવિલ હોસ્પિટલના મેડિસિન વિભાગના વડા એવા ડો. એસ.કે ગઢવીની અચાનક ભાવનગર ખાતે બદલી થતા મેડીસીન વિભાગમાં ફરજ બજાવતા અન્ય ૧૦ જેટલા તબીબોમાં રોષ જોવા મળ્યો હતો. તેમજ આ મામલે તબીબોએ પ્રથમ હોસ્પિટલના ડિન. ડો ગૌરવી ધ્રુવને રજૂઆત કરી હતી અને આ મામલનું નિરાકરણ નહિ આવે તો રાજીનામું આપવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

ત્યારબાદ આ તબીબો રાજકોટ જિલ્લા કલેક્ટર રેમ્યા મોહનને પણ આ મામલે રજુઆત કરવા પહોંચ્યા હતા. પરંતુ તબીબોની સમસ્યાનું સમાધાન ન થતા અંતે મોડીરાત્રે ૧૦ જેટલા તબીબોએ ડિનને રાજીનામા આપ્યા હતા.બીજી તરફ મેડીસીન વિભાગના ડો. એસ.કે ગઢવી મામલે પણ હજુ સુધી તંત્ર દ્વારા બદલી અંગનો કોઈ નિર્ણય જાહેર કરવામાં આવ્યો નથી. જ્યારે આ સમગ્ર મામલે રાજકોટ સિવિલ તંત્ર દ્વારા પણ કોઈ સત્તાવાર માહિતી આપવામાં આવી નથી.ઉલ્લેખનીય છે કે, રાજીનામા આપનાર ૧૦ તબીબો હાલ કોવિડ ૧૯ની સ્થિતિને લઈને પોતાની સેવા ચાલુ રાખવાના છે તેવું પણ જાણવા મળ્યું છે.

કોરોના સંકટ જોતા GPSCની તમામ પરીક્ષાઓ ૩૧ જૂન સધી રખાઈ મોકૂફ

સુધારેલ કાર્યક્રમ ૨૦ જૂન ૨૦૨૦ના રોજ આયોગની વેબસાઈટ પર પ્રસિદ્ધ થશે

ગાંધીનગર

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સમયાંતરે પરીક્ષાઓ લેવાતી હોય છે જેના અનુસંધાને માર્ચ મહિનાથી પરીક્ષા કાર્યક્રમો મોકૂફ રહ્યા છે. જે ૩૧ મે સુધી પરીક્ષાઓ મોકૂફ રાખવાનો અગાઉ પરીપત્ર હતો. હવે નવા પરિપત્ર મુજબ જૂન મહિનામાં પણ પરિક્ષાઓ નહીં યોજાય. રાજ્યમાં કોરોના મહામારીને લઈને હાલમાં ૩૧ જૂન સધી પરીક્ષાઓ મોકૂફ રાખવાનો નિર્ણય લેવાયો છે. આમ છેલ્લા ૪ મહિનાથી આયોગ દ્વારા પરીક્ષાઓ બંધ છે. નવી અપડેશન ૨૦ જૂન સુધીમાં વેબસાઈટ પર અપડેટ કરવામાં આવશે. વિદ્યાર્થીઓએ ગુજરાત જાહેર સેવા આયોગની પરીક્ષાઓ માટે વેબસાઈટ પર અપડેટ જોતા રહેવુંપડશે.

દેશમાં અને ખાસ કરીને ગુજરાતમાં કોરોના મહામારીના અનુસંધાને ઊભી થયેલી પરિસ્થિતિને ધ્યાને લઈને ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ૩૧-૫-૨૦૨૦ સુધી આયોજીત તમામ પરિક્ષાઓ મોકુફ રાખવામાં આવી હતી. પરંતુ હાલની પરિસ્થિતિને ધ્યાને રાખીને આયોગ દ્વારા તા. ૧ જૂનથી ૩૦ જૂન ૨૦૨૦ સુધી આયોજિત તમામ પરિક્ષાઓ મોકૂફ રાખવામાં આવી છે. આયોગ દ્વારા મોકૂફ રાખવામાં આવેલી પ્રાથમિક કસોટીઓ તેમજ મુખ્ય પરીક્ષાઓની નવી તારીખો નિર્ધારિત કર્યાપછીથી સુધારેલ પરિક્ષા કાર્યક્રમ તા. ૨૦ જૂન ૨૦૨૦ના રોજ આયોગની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે. માર્ચ, એપ્રિલ, મે અને જૂન ૨૦૨૦માં આયોજિત જે પરીક્ષાઓ મોકૂફ રાખવામાં આવી છે તેની નવી તારીખ નિર્ધારિત કરવામાં જે તે મહિનાને અગ્રતા આપવામાં આવશે. એટલે કે પ્રથમ માર્ચ તથા એપ્રિલ અને પછીથી મે અને જૂન મહિનાની પરીક્ષાઓ આયોજિત કરવામાં આવશે. ઉમેદવારોએ આયોગની વેબસાઈટ પર તેની અપડેટ જોતા રહેવું પડશે.

લોકડાઉનમાં માત્ર વડોદરાથી જ ૧.૧૬ લાખ પરપ્રાંતીયો પોતાના વતન ગયા

વડોદરા

લોકડાઉન દરમિયાન વડોદરા શહેર તેમજ જિલ્લો તેમજ આજુબાજુમાં ફસાઈ ગયેલા પરપ્રાંતીયોને તંત્રની મદદથી તેમના વતનમાં મોકલવામાં આવ્યા છે. વિશેષ ટ્રેનો અને અન્ય વાહનો દ્વારા ૧.૧૬ લાખ પ્રવાસીઓએ પોતાના વતનમાં હિજરત કરી છે. પરપ્રાંતીયોને તેમના વતનમાં મોકલવાની શરૂઆત તા.૪થી મેના રોજ પ્રથમ શ્રમિક વિશેષ ટ્રેનની વડોદરાથી લખનૌ માટે રવાનગીથી થઈ હતી. ત્યાર બાદ ૪૦ જેટલી વિશેષ ટ્રેનો ૬ રાજ્યો અને ઉત્તર પૂર્વના પ્રદેશો માટે દોડાવીને અત્યાર સુધીમાં ૫૪૭૩૯ લોકોને તેમના ઘેર મોકલવામાં આવ્યા હતાં.

ટ્રેનો તેમજ પરિવહનની અન્ય વ્યવસ્થાઓ હેઠળ કુલ૧૧૪૩૯૬ અન્ય રાજ્યોના લોકોને તેમના વતન પાછા જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા મોકલવામાં આવ્યા છે. ગઈ રાત્રે પશ્ચિમ બંગાળ માટે પ્રથમ ટ્રેન વડોદરાથી રવાના કરાયા બાદ આજે રાત્રે વધુ એક ટ્રેન પશ્ચિમ બંગાળ માટે મોકલવામાં આવશે જેમાં ૧૬૧૫ જેટલા વધુ પ્રવાસીઓ રવાના થશે.નોડલ અધિકારી આર.પી.જોશીએ જણાવ્યું કે વડોદરાથી યુપી માટેની ૨૯ ટ્રેનોમાં ૩૯૭૯૩, બિહાર માટેની ૭ ટ્રેનોમાં ૯૮૨૧, ઉત્તર પૂર્વની એક ટ્રેનમાં ૯૨૩, ઝારખંડની ૧ ટ્રેનમાં ૧૧૫૪, ઓરિસ્સાની ૧ ટ્રેનમાં ૧૨૯૩ અને ગઈકાલે રાત્રે પશ્ચિમ બંગાળ માટેની એક ટ્રેનમાં ૧૭૪૬ પ્રવાસીઓને વતન મોકલવામાં આવ્યાં છે.

આ ઉપરાંત અમદાવાદ અને ભરૂચ થી ઉપડેલી અને અન્ય વડોદરાથી પસાર થયેલી ટ્રેનોમાં આસામ, આંધ્ર, તેલંગાણા, કેરલ, જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તર પૂર્વના રાજ્યો ,તમિલનાડુ અને બિહારના ૬૧૪ જેટલાં લોકોને બેસાડવા સંકલન કરાયુ હતું. વડોદરાથી બસો દ્વારા ૨૦૩૯૯૬ અને અંગત વાહનો દ્વારા ૩૮૬૪૪૭ લોકોએ ઈ-પરવાનગી મેળવી ઘરવાપસી કરી હતી. શરૂઆતમાં આશ્રય સ્થાનોમાં રહેતા મધ્ય પ્રદેશ અને રાજસ્થાનના શ્રમિકોને બસો દ્વારા જે તે રાજ્યોના એન્ટ્રી પોઈન્ટ સુધી પહોંચાડાયા હતાં.

સુરેન્દ્રનગરમાં LCBની ટીમે મોબાઈલ ચોરની ધરપકડ કરી

સુરેન્દ્રનગર

હેન્ડલુમ રોડ પર આવેલા ક્રિષ્ના મોબાઈલ નામની દુકાનમાં વર્ષ ૨૦૧૮માં દુકાનની છત તોડી ૫ મોબાઈલ અને એસેસરીઝ સહિત રૂપિયા ૨૫ હજારના મુદ્દામાલની ચોરી થઈ હતી. આ અંગે એલસીબી ટીમે તપાસના ચક્રો ગતિમાન કરતા સોનાપુર રોડ પર રહેતા રવિ જયંતિભાઈ ચોવીસીયાએ ચોરી કરી અમદાવાદ નાસી ગયો હોવાની વિગત મળી હતી. રવિ ચોવીસી હાલ સોલાપુર રોડ પર આવવાનો હોવાની બાતમી મળતા પીઆઈ ડી.એમ.ઢોલના માર્ગદર્શન હેઠળ એલસીબી ટીમે વોચ ગોઠવી હતી અને તે દરમિયાન રવિ ચોવીસી ત્યાંથી પસાર થતા પોલીસ ટીમે તેને દબોચી લીધો હતો અને તેની પાસેથી ચોરીના બે મોબાઈલ પણ કબજે કરી વધુ પૂછપરછ હાથ ધરી છે.

સોમવારથી તમામ મંત્રીઓ કારભાર સાંભળશે

ગાંધીનગર

ગુજરાતમાં કોરોનાની મહામારીનો ભરડો વધ્યો છે, ત્યારે સરકારે લોકડાઉન ૪.૦માં મોટી છૂટછાટ આપવામાં આવી છે. ત્યારે ગુજરાતનાં ગાંધીનગરમાં સૌથી મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં સોમવારથી મંત્રીઓની કચેરી રાબેતા મુજબ શરૂ થશે. આ સાથે સોમવારથી તમામ મંત્રીઓ કારભાર સાંભળશે.

સાથે સાથે મુલાકાતી પણ મંત્રીઓ સાથે મુલાકાત કરી શકશે.જે દરમ્યાન સોશિયલ ડિસ્ટન્સનું પ્રધાનોએ પાલન કરવાનું રહશે. લોક ડાઉનનો લીધે તમામ મંત્રી પોતાના મત વિસ્તારમાં કામ કરતા હતા. ત્યારે તમામ મંત્રીઓ પોતાની કચેરીમાં કામ શરૂ કરશે.

અમદાવાદમાં FB પર યુવાને નર્સ પાસે કરી બીભત્સ માંગણી, પોલીસે હાથ ધરી તપાસ

અમદાવાદ

ટેક્નોલોજીનો વ્યાપ વધતા લોકો પણ હવે હાઈટેક બની રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. મોટાભાગના લોકો હવે સોશિયલ મીડિયાનો વધુમાં વધુ ઉપયોગ કરી રહ્યા છે. જોકે, કેટલાક લોકો સોશિયલ મીડિયાનો સદપયોગ કરવાના બદલે દુરુપયોગ વધુ કરી રહ્યા છે. કારણ કે છેલ્લા કેટલાક સમયથી સામાજિક ઝઘડો હોય કે પછી એક તરફી પ્રેમ, લોકો બદલો લેવા માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી રહ્યા હોય તેવા અનેક બનાવો પોલીસ ચોપડે નોંધાઈ ચૂક્યા છે. હવે આવો વધુ એક કિસ્સો શહેરના સોલા વિસ્તારમાં જોવા મળ્યો છે. સોલા વિસ્તારમાં રહેતી એક મહિલાએ ફરિયાદ નોંધાવી છે કે તેના ફેસબુક મેસેન્જર પર ૨૭ મેના દિવસે પટેલ નિલેશ નામના ફેસબુક આઈડી પરથી Hi, hello લખીને મેસેજ આવ્યો હતો. જે બાદમાં યુવતીએ તેનો પરિચય પૂછી તેના આઈડી પર મેસેજ ન કરવા કહ્યું હતું. બીજે દિવસે પટેલ નિલેશ નામના આઈડી પરથી જ મેસેજ આવ્યો હતો અને યુવતી સાથે બીભત્સ માગણી કરવામાં આવી હતી. આ મામલે યુવતીએ સમગ્ર ઘટનાની જાણ સોલા પોલીસને કરી હતી. પોલીસે પટેલ નિલેશ નામના આઈડી ધારક વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરી છે.

કોરોના વાયરસની ચર્ચામાં વડોદરા પાલિકાની સભામાં પ્રિમોન્સૂન કામગીરી ભૂલાઈ

વડોદરા

વડોદરામાં કોરોનાના કારણે છેલ્લા બે માસથી મહાનગર પાલિકાની સભા મળી ન હતી. પરંતુ બે માસ બાદ વડોદરાના ઈતિહાસમાં પ્રથમવાર પાલિકાના સભા ગૃહના બદલે ગાંધીનગર ગૃહ ખાતે સભા મળી હતી. તેમાં પણ કોરોનાને લઈ કોઈ જ ઉપયોગી ચર્ચા થઈ ન હતી. જેના કારણે પાલિકાના કોર્પોરેટર પર સવાલ ઉઠ્યા છે. વડોદરા પાલિકાની સભા ગાંધીનગર ગૃહમાં સોશિયલ ડિસ્ટન્સ સાથે મળી હતી. જેમાં ભાજપ, કોંગ્રેસ અને અપક્ષ મળી તમામ ૭૪ સભ્યો હાજર રહ્યા હતા. મેયર, ડેપ્યુટી મેયર અને મ્યુનિસિપલ કમિશનર માટે અલગથી સ્ટેજ તૈયાર કરાયું હતું. જેમાં પણ સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવામાં આવ્યું હતું.

પાલિકાના વહીવટકર્તાઓએ કોરોનાથી પોતાની પૂરતી સેફ્ટી રાખી હતી. પરંતુ સભામાં કોરોનાથી લોકોની સેફ્ટી કેવી રીતે કરીશું તેના નક્કર આયોજનની કોઈ ચર્ચા જ કરવામાં ન આવી. ભાજપ કોંગ્રેસના કોર્પોરેટરોમાં જાણે અગાઉથી મેચ ફિક્સિંગ હોય તેમ હુંસાતુંસી કરીને સભાનો સમય પૂરો કરી નાંખ્યો હતો. આગામી સમયમાં વરસાદી સીઝન પણ શરૂ થશે, ત્યારે પ્રિમોન્સુન કામગીરીની પણ કોઈ સઘન ચર્ચા સભામાં કરવામાં ન આવી. ભાજપ કોંગ્રેસના કાર્યકરો કોરોના કોના કારણે ફેલાયો તેના પર માત્ર એકબીજા પર આક્ષેપબાજી કરતા રહ્યા હતા.

વડોદરામાં કોરોનાના ટેસ્ટિંગની સંખ્યા કેમ વધારવામાં નથી આવતી તેના પર પણ કોઈ જ જવાબ સભામાં આપવામાં ન આવ્યો. એટલું નહિ પાણી વેરો, મિલકત વેરો માફી અંગે પણ કોઈ નક્કર નિર્ણય લેવામાં ન આવ્યો. જેને કારણે રાષ્ટ્રીય સમાજ પક્ષના કોર્પોરેટર રાજેશ આયરેએ ભાજપ કોંગ્રેસ પર મેચ ફિક્સિંગનો આરોપ લગાવ્યો હતો. તો મેયરે હર હંમેશની જેમ સભામાં લોકોના હિતમાં ચર્ચા થઈ હોવાની કઈ ગોળગોળ જવાબો આપ્યા. ત્યારે હવે ભગવાન જ વડોદરાવાસીઓ ને બચાવે તેવું લાગી રહ્યું છે.

૫૫ લાખના સાધનો સાથે સાબરકાંઠા જિલ્લાની મેડીકલ કોલેજમાં કોરોનાના ટેસ્ટની શરૂઆત

હિંમતનગર

સમગ્ર રાજ્ય કોરોનાના ભરડામાં છે, ત્યારે સાબરકાંઠા જિલ્લાની મેડીકલ કોલેજમાં કોરોનાના ટેસ્ટ શરૂ કરી દેવામાં આવ્યું છે. ૨૩ તારીખની રાતથી અહીયા કોરોનાના ટેસ્ટ શરૂ કરી દેવામાં આવ્યા છે. ટેસ્ટ માટે મેડીકલ કોલેજમાં ૫૫ લાખના સાધનો વસાવવામાં આવ્યા છે. સાથે જ ૫ લાખનું ઈન્ફ્રાસ્ટ્રકચર પણ ઉભુ કરવામાં આવ્યું છે.

હાલ ૬ માઈક્રોબાયોલોજીસ્ટ અને ૧૦ ટેકનીશ્યન રોજના ૧૨ થી ૧૪ કલાક કામ કરી રહ્યા છે. મહત્વનું છે કે હાલ અહીયા સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ટેસ્ટ થઈ રહ્યા છે. જોકે અગામી સમયમાં મહેસાણામાં પણ ટેસ્ટ શરુ કરી દેવામાં આવશે.

કોરોનાનો કહેર દિવસે દિવસે વધી રહ્યો છે.. ત્યારે અત્યાર સુધી કોરોનાના ટેસ્ટ માટે અમદાવાદ સિવિલ પર આધાર રાખવો પડતો હતો. જોકે હવે સાબરકાંઠા જીલ્લાની મેડીકલ કોલેજમાં કોરોનાના ટેસ્ટ કરવાનું શરુ કરવામાં આવ્યો છે.

કોરોનાને લઈ તમારે જે જોવું છે એ નહિ પણ સરકાર બતાવે એ જ જોવું પડશે...!

ગુજરાત સરકાર નું એક નવું ગતકડું- કોવિડ-૧૯ ડેશબોર્ડની પેટર્ન બદલી

અમદાવાદ

રાજ્યમાં કોરોના વાયરસનો ચારેબાજુ કહેર વરસી રહ્યો છે, ત્યારે રાજ્ય સરકાર કોરોના દર્દીઓના આંકડાઓ છૂપાવવા માટે અનેક ગતકડા કરી રહી છે. ગુજરાતના આરોગ્ય વિભાગે કોરોનાની સ્થિતિને લઈને દરરોજ પ્રકાશિત કરવામાં આવનાર પ્રેસનોટમાં પણ ફેરફાર કર્યા છે. હાલ એક મોટા સમાચાર મળી રહ્યા છે. ગુજરાતમાં હવે કોવિડ-૧૯ ડેશબોર્ડની પોઝિટિવ કેસ દર્શાવાની પેટર્ન બદલી નાંખવામાં આવી છે. પેટર્ન બદલાઈ હોવાની વાત સામે આવતા આ મુદ્દો અહેવાલોમાં ચમક્યો હતો. કોવિડ ડેશ બોર્ડમાં હવે એક્ટિવ કેસની માહિતી જ દર્શાવાઈ રહી છે. તેના સિવાયની કોઈ માહિતી સરકાર આપી રહી નથી. અગાઉ જિલ્લાવાર કયાં કેટલા કેસ નોધાયા અને કેટલા ડિસ્ચાર્જ થયા તે સહિતની તમામ વિગતવાર માહિતી મુકાતી હતી.

પરંતુ હવે કોવિડ-૧૯ ડેશબોર્ડની પેટર્ન બદલાતા સરકારે તેના પર એક્ટિવ કે, રિકવરી કેસ, કોરોના ટેસ્ટ, મૃત્યુ, ક્વોરન્ટાઈનની જ માહિતી આપવાનું નક્કી કર્યું છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, ગુજરાતના આરોગ્ય વિભાગે કોવિડ-૧૯ ડેશ બોર્ડની પોઝીટીવ કેસ બતાવતી પેટર્ન બદલી નાંખી છે. કોવિડ ડેશ બોર્ડમા હવે એક્ટીવ કેસની જ માહિતી મુકાઈ છે. હવે ડેસ્ક બોર્ડમા એક્ટિવ કેસ, રિકવરી કેસ, કોરોનાં ટેસ્ટ, મૃત્યુ અને અંડર કોરોનટાઈન વ્યક્તિઓની અલગ અલગ માહિતી મુકવામાં આવી છે, પહેલા જિલ્લાવાર માહિતી મુકવામાં આવતી હતી, પરંતુ સરકારે તેમાં કાપકૂપ કરીને અડધી માહિતી આપવાનું શરૂ કર્યું છે.

આરોગ્ય વિભાગના અગ્ર સચિવ દ્વારા પત્રકાર પરિષદનું સંબોધન બંધ થઈ ચુક્યું છે. હવે માત્ર વિભાગ દ્વારા પ્રેસનોટ જ આપવામાં આવે છે. છેલ્લા બે દિવસથી આરોગ્ય સચિવ, સીએમઓના સચિવના બ્રીફિંગ બંધ થઈ ગયા છે. આવામાં હવે આરોગ્ય સચિવ દ્વારા જે પ્રેસનોટ આપવામાં આવે છે તેમાં પણ પૂરતી માહિતીનો અભાવ જોવા મળી રહ્યો છે. હવે ગુજરાત સરકાર પોતાની જનતાથી કંઈક છુપાવવા માંગતી હોય તેવું લાગી રહ્યું છે.

અમદાવાદની જીસીએસ હોસ્પિટલનો સ્ટાફ હડતાળ પર ઉતર્યો

યોગ્ય સારવાર ન મળતા મહિલા કર્મચારીનું મોત થતાં કામદારોમાં ભારે રોષ

અમદાવાદ

અમદાવાદના ચામુંડા બ્રિજ પાસે આવેલી જીસીએસ હોસ્પિટલનો સ્ટાફ હડતાળ ઉપર ઉતર્યો. સફાઈ કર્મચારી અને હેલ્પર સ્ટાફની હડતાળના કારણે દર્દીઓની મુશ્કેલીમાં વધારો થયો છે. સાથે કામ કરતા મહિલાનું મોત થતા કર્મચારીઓમાં રોષ જોવા મળ્યો છે.

ઉલ્લેખનીય છે કે હડતાળ પર ઉતરેલા કર્મચારીઓનું કહેવુ છે કે, સ્ટાફના વ્યક્તિ હોવા છતાં હોસ્પિટલ દ્વારા તેમની યોગ્ય સારવાર કરવામાં આવી નથી. યોગ્ય સારવાર ન મળતા મહિલા કર્મચારીનું મોત થયું હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે.

રાજ્યમાં કોરોનાનો કહેર વધ્યો છે. ત્યારે ગુજરાતમાં કોરોનાના વધુ ૩૬૭ કેસ સાથે કુલ કેસનો આંક ૧૫૫૭૨ પર પહોંચ્યો છે જ્યારે કુલ ૯૬૦ વ્યક્તિના મૃત્યુ થયા છે. આ પૈકી છેલ્લા ૧૦ દિવસમાં જ કોરોનાના કુલ ૩૮૨૬ કેસ નોંધાઈ ચૂક્યા છે અને ૨૬૬ વ્યક્તિ મૃત્યુ પામ્યા છે. આમ, છેલ્લા ૧૦ દિવસની સ્થિતિ પ્રમાણે જોવામાં આવે તો ગુજરાતમાં પ્રતિ કલાકે કોરોનાના સરેરાશ ૧૬ નવા કેસ નોંધાય છે અને ૧થી વધુ વ્યક્તિ પોતાનો જીવ ગુમાવી રહી છે.

સુરતમાં 'સુપર સ્પ્રેડર્સ' બની રહેલા હેર સલૂન અને પાનના ગલ્લા કરાયા બંધ



સુરત

લોક ડાઉન ૦૪માં આપવામા આવેલી છુટછાટ બાદ પાનના ગલ્લા અને હેર કટીંગ સલુન સુપર સ્પ્રેડર્સ બની શકે તેમ છે જેના કારણે સુરત મ્યુનિ. દ્વારા આ બન્ને સ્થળે ચકાસણી શરૂ કરવામા આવી છે. પાનના ગલ્લા અને સલુનમાં અનેક નિયમોનો ભંગ થતો હોવા સાથે જોખમી પ્રવૃત્તિ થતાં આજે ૨૬૨ જેટલી સંસ્થા બંધ કરાવીને તેમની પાસે નિયમના ભંગ બદલ દંડ પણ વસુલ કરવામા આવ્યો હતો. મ્યુનિ. કમિશ્નર બન્છાનિધિ પાનીએ જણાવ્યુ હતું, સુરતમાં સુપર સ્પ્રેડર્સ બની શકે તેવા પાનના ગલ્લા અને હેર કટીંગ સલુનનું ચેકીંગ મ્યુનિ. તંત્ર દ્વારા કરવામા આવ્યું હતુ ૨૦૫૦ પાનના ગલ્લામાંથી ૧૩૫ પાનના ગલ્લા પર સોશ્યલ ડિસ્ટન્સ ન રખાતા બંધ કરવામા આવ્યુ છે. નિયમનો ભંગ કરનારા પાસે ૧૯૫૦૦ રૂપિયાનો દંડ પણ વસુલ કરવામા આવ્યો છે. આ ઉપરાંત ૧૨૭ હેર કટીંગ સલુનમાં સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્કના નિયમનું પાલન ન થતુ હોવાથી તેને બંધ કરીને ૭૪૦૦ રૂપિયાનો દંડ વસુલ કરવામા આવ્યો છે. આગામી દિવસોમાં પણ પાનના ગલ્લા અને હેર કટીંગ સલુનમાં નિયમનું પાલન ન થાય તો બંધ કરાવવા સાથે દંડની કામગીરી થશે.

આજે સુરતમાં દિલ્હીથી સુરત ૬૪અને હેદ્રાબાદથી સુરત ૪૨ પેસેન્જર મળીને કુલ ૧૦૬ પેસેન્જર ડોમેસ્ટીક ફલાઈટમાં સુરત આવ્યા છે. જયારે દિલ્હી માટે ૯૫ હેદ્રાબાદ માટે ૭૪ કુલ ૧૬૯ પેસેન્જર સુરતથી બહાર ગયાં છે. સુરતમાં જે લોકો આવ્યા છે તેઓને ૧૪ દિવસ સુધી સેલ્ફ આઈસોલેશન કરવામા આવશે. દિલ્હીથી સુરત આવ્યા છે પણ દિલ્હી રેડ ઝોન હોવાથી ત્યાંથી અથવા અન્ય શહેરોમાંથી જે લોકો આવે છે તેઓને કોઈ પણ લક્ષણ જણાય તો સીધા સિવિલ હોસ્પીટલનો સંપર્ક કરવો જોઈએ.

કોરોના અટકાવવા માટે માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ જરૂરી છે આ નિયમોનુ ફરજયાત પાલન કરવા સાથે નોન ક્લસ્ટર વિસ્તારમાં જ્યા ઉદ્યોગ ધંધા શરૂ કરવામાં આવ્યા છે ત્યાં માસ્કના ડિસ્પોઝ કરવા માટે પીળા કલરની બેગ અલગ રાખવાની રહેશે. આ માસ્ક કચરામા ન ફેંકતા તેનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવામા આવશે.

આદિવાસીઓ પર અત્યાચાર કરનાર અધિકારીને સસ્પેન્ડ કરોઃ શક્તિસિંહ ગોહિલ



સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારના આદિવાસીઓ પર અત્યાચાર મામલે કોંગ્રેસ લાલઘુમ : માનવ અધિકાર પંચ, મહિલા આયોગ અને આદિજાતિ આયોગ માં કરી રજુઆત

રાજપીપળા

લોકડાઉન વચ્ચે છ ગામના આદિવાસીઓ ની મુશ્કેલી વધી સર્વે અને ફેનસિંગ કરવાથી છેલ્લા ૨૦ દિવસ થી પોતાની જમીનો બચાવવા ઝઝૂમી રહેલા સ્થાનિક આદિવાસીઓ એકલા હાથે પોલીસ સાથે ઘર્ષણ માં ઉતરી રહ્યા છે. ત્યારે આ મુદ્દો હવે કોંગ્રેસે પકડયો છે. અને આ ૬ ગામ સહિત ૧૯ ગામના ગ્રામજનો ની પડખે ઉભા રહી તેમની સાથે લડત માં ઉતર્યા છે. કોંગ્રેસ ના રાષ્ટ્રિય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલે આ મુદ્દો ઝડપી દિલ્હી સુધી ગજાવ્યો અને સોસીયલ મીડિયા માં ભાજપ સરકાર વિરુદ્ધ તેમની કામગીરી વિરુદ્ધ લખતા વધુ એક વિવાદ ઉભો થયો છે.

રાષ્ટ્રીય કોંગ્રેસ પ્રવક્તા શક્તિસિંહ ગોહિલે સોસીયલ મીડિયા માં જાહેર માં લખ્યું છે. કે એક તરફ કોરોના વાઈરસથી સમગ્ર દેશ પરેશાન છે અને લોકડાઉન અમલમાં છે તેવા સમયે કેવડીયા કોલોનીમાં પોલીસની બળજબરીથી આદિવાસી ભાઈઓ-બહેનો ઉપર અત્યાચાર કરીને તેમને તેમના રહેઠાણથી ભગાડવાનો અને જમીન ખાલી કરવાનો વિડીયો જોઈને અત્યંત વ્યથિત છું.આદિવાસી સમાજ ઉપર અત્યાચાર કરી રહેલા સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ સામે કડક હાથે કામ લેવામાં આવે અને લોકડાઉનના સમયે જમીનો ખાલી કરવાનો નિર્ણય કેમ થઈ શકે ? આ નિર્ણય કરનાર સામે પણ પગલા ભરવામાં આવે.

આ આદિવાસી પરિવારોનો વનસંપત્તિ પર આદિવાસીના અધિકાર કાયદા નીચે અધિકાર છે.જો સરકારને જમીનની જરૂર હોય તો જમીન સંપાદન બળથી કે અત્યાચારથી ન જ કરી શકાય.આ માટે કોંગ્રેસની કેન્દ્ર સરકારે બનાવેલ જમીન મેળવવવા માટેની પ્રક્રિયા અને પૂરતા વળતર પછી સમજણ થાય તો જ જમીન મેળવવી જોઈએ.હાલ લોક ડાઉનના સમયે આદિવાસી પરિવારો ઉપર અત્યાચાર કરીને જે ફીન્સિંગનું કામ કરવામાં આવી રહ્યું છે તે તાત્કાલિક રોકાવવું જોઈએ.માનવ અધિકારપંચ અને મહિલા આયોગને અનુરોધ છે કે,આ વીડીયો જે પ્રાપ્ત થયેલ છે તેમાં મહિલાઓ સહિત આદિવાસી સમાજ ઉપર અત્યાચાર થઈ રહ્યાનો પુરાવો હોવાથી જવાબદાર ની સામે કડક પગલા ભરવામાં આવે.

સુરતમાં નવા ૪૬ કેસ નોંધાતા ૧૫૭૬ પોઝિટિવ થયા,નવા એક મોત સાથે મૃત્યુઆંક ૬૮ થયો

પોઝિટિવ કેસનો આંક ૧૫૭૦ પર પહોંચ્યો, મૃત્યુઆંક ૬૮ અને રિકવરી આંક ૧૦૯૧ થયો : ટેક્સ કન્સલ્ટન્ટ, કલર વિક્રેતા અને કરિયાણા વિક્રેતા અને સફાઈકામદાર કોરોનાની ઝપેટમાં આવ્યા : સુરત શહેરની સાથે જિલ્લાનો આંક ૧૦૦ થયો, જિલ્લામાં આજે કોઈને ડિસ્ચાર્જ કરાયા નથી

સુરત

મહાનગરપાલિકાના જણાવ્યા પ્રમાણે શહેરમાં નવા ૪૩ પોઝિટિવ કેસની સાથે જિલ્લામાં ૩ નવા પોઝિટિવ મળીને કુલ ૪૬ પોઝિટિવ કેસ સામે આવ્યાં છે. એક વ્યક્તિનું મોત થયું છે. જેથી મૃત્યુઆંક ૬૮ થયો છે. આજે શહેરમાંથી ૨૮ અને જિલ્લામાંથી ૦ દર્દીઓ મળી કુલ ૨૮ દર્દીઓ કોરોનાને માત આપી સાજા થતા તેમને રજા આપી દેવામાં આવી છે. જેથી રિકવરીનો આંક ૧૦૯૧ પર પહોંચી ગયો છે. નવા નોંધાયેલા પોઝિટિવ કેસોમાં ટેક્સ કન્સલ્ટન્ટ, કલર વિક્રેતા, કરિયાણાના દુકાનદાર,પોલીસ કર્મી, પાલિકાના સફાઈ કામદાર તેમજ આર.કે.ટી માર્કેટના કાપડના વેપારીનો સમાવેશ થયો છે. દરમિયાન મહાનગરપાલિકાના અઠવા ઝોનમાં ફરજ બજાવતા પટાવાળાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

સુરત મહાનગર પાલિકાના અઠવા ઝોનમાં ફરજ બજાવતા પટાવાળાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. અઠવા ઝોન ઓફિસના તમામ કર્મચારીઓનું મેડીકલ સ્ક્રીનીગ શરૂ કરવામાં આવ્યું છે. સાથે જ મુલાકાતીઓ માટે ઝોન ઓફીસમાં પ્રવેશ બંધ કરી દેવામાં આવ્યો છે.

ગુરુવારે ટેક્સ કન્સલ્ટન્ટ,કપડાંની દુકાન ચલાવનાર,કરિયાણાની દુકાન ચલાવનાર અને કલરની દુકાન ચલાવનારનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.મહેન્દ્ર મહાવીર પરખ (ઉ.વ.૪૮) રહે. નીલકંઠ રેસિડેન્સી, અમરોલી ટેક્ષ કન્સલ્ટન્ટ તરીકે કામ કરે છે જ્યારે કાળું બશીર પટેલ (ઉ.વ.૪૫) રહે. ખાનપુરા ઘરેથી જ શાકભાજીનું વેચાણ કરતા હતા.આવી જ રીતે કરિયાણાની દુકાન ચલાવનાર દેવાનંદ બશિષ્ટ સિંગ (ઉ.વ.૪૫) રહે. આસ્તિક નગર-૩, ગોડાદરા પણ કોરોનાની ઝપેટમાં આવી ગયા હતા.કાપડની દુકાન ચલાવનાર સુંદરલાલ વિરચંદ જૈન (ઉ.વ.૫૬)રહે. શિવાજી નગર નો કોરોના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો હતો.ઉપરાંત ભાગલ ખાતે કલરની દુકાન ચલાવતા કેતન દિનેશચંદ્ર ચુનાવાલા (ઉ.વ.૩૮) સમર્થ ટાઉનશિપ, ડુંભાલનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો હતો.

આર.કે.ટી માર્કેટમાં કપડાંની દુકાન ધરાવતા અમિત નરસિંગલાલ બાહેતી (ઉ.વ.૨૮) ડી વી પાર્ક સોસાયટી, પરવત પાટીયા (લિંબાયત ઝોન) તેમજ કપડાંની દુકાનમાં કામ કરનાર અશોકભાઈ પાટીલ (ઉ.વ.૫૮) આસપાસ નગર-૧, ડિંડોલી (લિંબાયત ઝોન) તેમજ ડ્રેનેજ ખાતાના સફાઈ કામદાર દનગલ રામસિંગ અકાડે (ઉ.વ.૫૭) ભીમ નગર (ઉધના ઝોન)નો કોરોના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો હતો.

શ્રમિકોની સંખ્યામાં ઘટાડો થતા સુરતથી યુપી જતી ટ્રેનો કેન્સલ કરાઈ



સુરત

સુરતમાં રહેતા મોટા ભાગના યુપીવાસી શ્રમીકો લોકડાઉનના કારણે પોતાના વતન પરત જઈ રહ્યા છે. ટ્રેન મારફતે શ્રમીકો તેમના વતન રવાના થઈ રહ્યા છે. પરંતુ હવે મુસાફરોની સંખ્યામાં ઘટાડો થતા રેલ્વે સ્ટેશનથી યુપી તરફ જતી ટ્રેનોને રદ કરવામાં આવી છે. સુરત જિલ્લા કલેક્ટર દ્વારા આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

કારણકે મોટાભાગના શ્રમીક મુસાફરો તેમના વતન રવાના થઈ ગયા છે..જેથી રેલ્વે સ્ટેશન પર પણ મુસાફરોની સંખ્યામાં ઘટાડો જોવા મળી રહ્યો છે..મહત્વનું છે કે અત્યાર સુધીમાં ૨૩૫ જેટલી ટ્રેનોને યુપી ખાતે મોંકલવામાં આવી છે.લોક ડાઉન ના કારણે સુરતથી મોટા ભાગના યુપીવાસી શ્રમિકો પોતાના વતન ઘરવાપસી કરી જતા સુરત રેલ્વે સ્ટેશનથી યુપી તરફ જતી ટ્રેનો રદ કરવામાં આવી છે.મુસાફરોની સંખ્યામાં ઘટાડો નોંધાતા સુરત જિલ્લા કલેકટર દ્વારા આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

લોક ડાઉન ને છેલ્લા બે માસથી વધુ સમય થઈ ચૂક્યો છે.લોક ડાઉન ના કારણે સુરતમાં અટવાઈ પડેલા શ્રમિકોને પોતાના વતન મોકલવામાં આવી રહી રહ્યા છે.જે માટે તંત્ર દ્વારા ટ્રેનની વ્યવસ્થા કરવામાં આવી હતી.આજે લોક ડાઉન નો ચોથો તબક્કો અંતિમ ચરણમાં છે,ત્યારે સુરત થી મોટાભાગના શ્રમિકો પોતાના વતન ઘરવાપસી કરી ચુક્યા છે. જેના કારણે સુરત થી યુ.પી.ખાતે ઉપડતી ટ્રેનોમાં મુસાફરોની સંખ્યામાં ઘટાડો નોંધાતા છેલ્લા બે દિવસ દરમ્યાન સત્તર જેટલી ટ્રેનો યુ.પી.ની રદ કરવામાં આવી છે.સુરત જિલ્લા કલેકટર દ્વારા હાલ યુ.પી.ખાતે ટ્રેનો નહીં દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.ટ્રેન માં મુસાફરોની પૂરતી સંખ્યા ન મળતા તત્રાએઆ નિર્ણય લેવાની ફરજ પડી છે.મહત્વ નું છે કે ૨૩૫ જેટલી ટ્રેનો હમણાં સુધી યુ.પી.ખાતે મોકલવામાં આવી હતી.જે ટ્રેન માં સુરતથી માત્ર ૩.૫૦ લાખ યુ.પી વાસી શ્રમિકો પોતાના વતન ઘરવાપસી કરી ચૂક્યા છે.જ્યાં મોટાભાના શ્રમિકો વતન ચાલ્યા ગયા હોવાથી મુસાફરોની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે.જ્યાં યુ.પી. તરફ ની ટ્રેનો હાલ બંધ કરી દેવામાં આવી છે.

રાજકોટ જિલ્લા SP દ્વારા રૂરલમાં ફરજ બજાવતા PI-PSIની આંતરિક બદલી

રાજકોટ

જિલ્લા એસપી બલરામ મીણા દ્વારા રાજકોટ રૂરલમાં ફરજ બજાવતા PI-પીએસઆઈની આંતરિક બદલી કરી છે, જેમાં ગોંડલ સિટી PI કે.એમ.રામાનુજને સિટી પીઆઈ ચાર્જમાંથી મુક્ત કરાયા છે જ્યારે ગોંડલ તાલુકામાંથી પીએસઆઈ એ.વી.જાડેજાને બદલી કરી ગોંડલ સિટીમાં ચાર્જ સોપાયો છે. રાજકોટ જિલ્લા એસપી દ્વારા રૂરલમાં ફરજ બજાવતા PI-પીએસઆઈની આંતરિક બદલીરાજકોટ જિલ્લા એસપી દ્વારા રૂરલમાં ફરજ બજાવતા PI-પીએસઆઈની આંતરિક બદલી કરાઈ.કે.પી.મેતાની ગોંડલ તાલુકામાં બદલી કરવામાં આવી છે. જ્યારે પીએસઆઈ જે.વી. વાઢીયાને આટકોટ ચાર્જ સોંપવામાં આવ્યો છે અને જેતપુર પીએસઆઈ તરીકે ફરજ બજાવતા આર.એલ.ગોયલની ઉપલેટા પોલીસ સ્ટેશન ખાતે બદલી કરવામાં આવી છે.

સુરત ૫૮ ક્લસ્ટરમાં કોરોના કેસ ન મળતા ૩ ક્લસ્ટરનાં ૪ લાખ લોકો કરાયા મુક્ત

૩ ક્લસ્ટર રદ કરાયા અને ૧૫ જેટલા ક્લસ્ટર વિસ્તારને પાલિકાએ નાના કરી દીધા



સુરત

શહેરના ૫૮ વિસ્તારોમાં કોરોના વાઈરસનું સંક્રમણ વધુ જણાતા તે વિસ્તારને વિવિધ જાહેરનામાં પ્રસિદ્ધ કરી ક્લસ્ટર જાહેર કરાયા હતાં. આ ક્લસ્ટર વિસ્તારોમાં ૨૮ દિવસ સુધી કેસ નહી નોંધાયા હોય તેવા વિસ્તારોના ક્લસ્ટરમાં ફેરફાર કરવામાં આવ્યાં છે. તમામ ઝોનમાં એવા ક્લસ્ટર વિસ્તારોમાં નાના મોટા ફેરફાર કરાયા છે. જેમાં અઠવા અને રાંદેર ઝોનના ત્રણ ક્લસ્ટરને સંપૂર્ણ દૂર કરી દેવાયા છે. જ્યારે સેન્ટ્રલ ઝોનને બાદ કરતા મોટાભાગના ક્લસ્ટરને નાના કરી દેવાયા છે. પાલિકાની ક્લસ્ટર રિકન્સ્ટ્રક્શનની કામગીરીના કારણે ચાર લાખથી વધુ લોકો ક્લસ્ટરમાંથી મુક્ત કરી દેવાયા છે.

મેયર, ડે.મેયર, સ્થાયી ચેરમેન, અન્ય પદાધીકારીઓ, કમિશનર અને અધિકારી સાથે ચર્ચા વિચારણા થઈ હતી. અને જે વિસ્તારમાં છેલ્લા ૨૮ દિવસમાં એક પણ પોઝિટિવ કેસ નોંધાયો નહીં હોય તેવા વિસ્તારને ક્લસ્ટરમાંથી મુક્તિ આપી રેડ ઝોનમાં મુકવામાં આવ્યા છે. જે મુજબ સેન્ટ્રલ ઝોન અને લિંબાયત ઝોન વિસ્તારમાં આવેલી ટેક્ષટાઈલ માર્કેટ, ઈન્ડસ્ટ્રીયલ એરિયા, મહીધરપુરા હીરા બજાર વિસ્તારને ક્લસ્ટરમાંથી મુક્ત કરવામાં આવી છે. પરંતુ આ વિસ્તારના તમામ વેપારીઓ તથા અન્ય લોકોએ કોવિડ-૧૯ ની ગાઈડ લાઈનનો સંપૂર્ણ પાલન કરવાનું રહેશે. અન્ય ઝોનમાં પણ ઉપર મુજબ જે વિસ્તારમાં છેલ્લા ૨૮ દિવસમાં એક પણ પોઝિટિવ કેસ નોંધાયો ન હોય તેવા વિસ્તારમાં કલસ્ટરમાં ફેરફાર કરી રેડ ઝોન જાહેર કરવામાં આવ્યો છે. પરંતુ હવે પછી પણ શહેરના આ વિસ્તાર કે અન્ય કોઈપણ નવા વિસ્તારમાં પોઝિટિવ કેસ નોંધાશે તો તે વિસ્તારને ક્લસ્ટર તરીકે જાહેર કરવામાં આવશે. કોરોના વાઈરસની હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ લોકોને સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરવા, ફરજીયાત માસ્ક પહેરવા તથા સેનિટાઈઝરથી નિયમિત હાથ સાફ કરવા તેમજ કામ વગર ઘરની બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી છે.

કલસ્ટરમાં એક એરિયામમાં ૨૮ દિવસ સુધી કોઈ કેસ નથી નોંધાયો તો તે એરિયાને ક્લસ્ટરમાંથી બાકાત કરીએ છીએ. અને ક્લસ્ટરમાંથી તેને રેડ ઝોનમાં મુક્યા છે અને જો તેમાં કેસ આવી જાય તે ફરીથી તે વિસ્તારને ક્લસ્ટરમાં લઈ લેવાશે તેથી ક્લસ્ટર મુક્ત થયેલા વિસ્તારના લોકોએ ખાસ તકેદારી લેવાની જરૂર છે અને નિયમોનું ચૂસ્ત પાલન કરવાનું રહેશે. આ રેડ ઝોનમાં પણ જો ૨૮ દિવસ સુધી કોઈ કેસ નહીં આવે તો તે ઓરેન્જ ઝોનમાં લેવાશે. અને કેસ આવે તો રેડ ઝોનમાં, રેડ ઝોનમાં અત્યારે કોઈ પ્રતિબંધ નથી. વેસુ, ઉગત અને રાંદેરના વિસ્તારો આખા ક્લસ્ટર મુક્ત થયા છે. જ્યારે ટેક્ષટાઈલ માર્કેટ, હિરાબજારમાં કોવિડ-૧૯ નિયમ પ્રમાણે ધંધો શરૂ કરી શકાશે તેમ પાલિકા કમિશનર બંછાનિધી પાનીએ જણાવ્યું હતું.

મહાનગરપાલિકા દ્વારા જૂના ૧૭ ક્લસ્ટરમાંથી ક્લસ્ટર વિસ્તારને રદ કરવામાં આવ્યા છે. સાથે નવા બે ક્લસ્ટર પણ બનાવવામાં આવ્યા છે. આ સાથે ૧૫ જેટલા ક્લસ્ટર વિસ્તારને નાના કરવામાં આવ્યો છે. ઉધના અને કતારગામ ઝોનમાં બે નવા ક્લસ્ટર જાહેર કરવામાં આવ્યા છે. ઉધના ઝોનમાં શાસ્ત્રીનગર વિસ્તાર ક્લસ્ટર જાહેર કરી લોકોને ફરજિયાત હોમ ક્વોરન્ટીન રહેવા આદેશ કર્યો છે. જ્યારે કતારગામ ઝોનમાં અગાઉ ક્લસ્ટર જાહેર કરાયું હતું તેમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ વિસ્તારમાં રઘુવીર સોસાયટી, વર્ધમાન પાર્ક, સતાધાર સોસાયટી, શિવમ રો હાઉસ, મનીષા સોસાયટીમાં રહેતા લોકોને ફરજિયાત હોમ ક્વોરન્ટીન કરાયા છે.

લોકડાઉન વચ્ચે અમદાવાદની માધુપુરા માર્કેટમાં ઓડ-ઈવન પદ્ધતિથી ખુલી દુકાનો

અમદાવાદ

ગુજરાતમાં કોરોનાના પ્રકોપ વચ્ચે લોકડાઉન૪માં રાજ્યો દ્વારા નિયમોમાં રાહત આપવામાં આવી છે. ત્યારે અમદાવાદ શહેરમાં આવેલા માધુપુરા માર્કેટ, કાલુપુરનું ચોખા બજાર ખોલવાની તંત્ર દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. કાલુપુરનું ચોખા બજારમાં સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમોના પાલન સહિત નવા નિયમો સાથે શરૂ કરવામાં આવ્યું છે. ત્યારે આજથી માધુપુરા માર્કેટ શરૂ થવાની સાથે જ લોકોની ભારે ભીડ જોવા મળી છે. અમદાવાદમાં તંત્ર દ્વારા થોડા દિવસો પહેલા શહેરના સૌથી બે મોટા માર્કેટને શરુ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. જેને લઈને બે દિવસથી કાલુપુરમાં આવેલું ચોખા બજાર નવા નિયમો સાથે ધમધમી ઉઠ્યું છે.

અમદાવાદના માધુપુરા માર્કેટમાં લોકોની ભીડ જોવા મળી રહી છે. માધુપુરા માર્કેટમાં ઓડ-ઈવન પદ્ધતિથી દુકાનો ખોલવામાં આવી છે. ત્યારે અનાજ અને કરિયાણુ લેવા માટે શહેરીજનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા છે. જો કે ભારે ભીડને લઈને સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરાવવા માટે પોલીસનો પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. જ્યારે શહેરમાં લોકડાઉન વચ્ચે માધુપુરા માર્કેટમાં અનાજ અને કરિયાણુ લેવા લોકોની ભીડ જોવા મળી રહી છે.

ધોરણ ૯ થી ધોરણ ૧૨ની ગ્રાન્ટેડ શાળાઓ હવે પ્રવાસી શિક્ષકની ભરતી પોતે કરી શકશે

અમદાવાદ

ગુજરાત સરકારે એક મહત્વનો નિર્ણય લઈને રાજ્યની ગ્રાન્ટેડ શાળામાં કામ કરતા પ્રવાસી શિક્ષકોની મુદત વધુ એક વર્ષ માટે લંબાવી દીધી છે. પ્રવાસી શિક્ષકોની નિમણૂક ૩૧ માર્ચ, ૨૦૨૦ સુધીના સમય માટે કરાઈ હતી પણ હાલની સ્થિતીને કારણે પ્રવાસી શિક્ષકોને છૂટા કરવા યોગ્ય નહીં હોવાથી પ્રવાસી શિક્ષકોની નિમણૂક ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી લંબાવાઈ છે.

આ ઉપરાંત ગુજરતા સરકારે જાહેરાત કરી છે કે, ધોરણ ૯ થી ધોરણ ૧૨નો અભ્યાસ ચાલતો હોય એવી ગ્રાન્ટેડ શાળામાં પ્રવાસી શિક્ષકની ભરતી હવે શાળાઓ પોતે કરી શકશે. રાજ્ય સરકારે શિક્ષકોની ઘટને પહોંચી વળવા વર્ષ ૨૦૧૫થી પ્રવાસી શિક્ષક યોજના શરૂ કરી હતી. આ યોજના અંતર્ગત પ્રવાસી શિક્ષક પ્રવાસ કરીને અલગ અલગ સ્કૂલોમાં નિશ્ચિત વિષય ભણાવે છે.

કેવડીયાની આસપાસના ગામોમા વસતાં આદિવાસીઓને વિકાસની આડમા ખતમ કરવાનો ખેલ સરકાર બંધ કરે :ડો. પ્રફુલભાઈ વસાવા



● બંધારણ, કાનુન અને માનવાધિકારો નો છેદ ઉડાડી સ્થાનિકો ને મારઝૂડ અને સિતમ ગુજારી, એમની લાશો ઉપર એકતા ની મુર્તિ બનાવવાનો ઢોંગ હવે ખુલ્લો પડી ગયો છે ● પૈસાદારો અને ઉચ્ચ શ્રીમંત વર્ગો ના મોજશોખ અને અય્યાસી માટે રિસોર્ટ અને મનોરંજન પાર્કો બનાવવા સ્થાનિક આદિવાસીઓ નુ નિકંદન કાઢવામા આવી રહ્યુ છે

રાજપીપળા

નર્મદા જીલ્લા ના ગરુડેશ્વર તાલુકા ના કેવડીયા અને આજુબાજુના ગામો માં રહેતા આદિવાસી ઓને પહેલાં નર્મદા ડેમ અને સરોવર અને નહેરો ની આડ મા વિસ્થાપિત કરાયા, ત્યાર બાદ નરેન્દ્રમોદી ના સ્વપ્ન સ્ટેચ્યુ યુનિટી ને હજારો એકર જમીન સ્થાનિક ગ્રામ પંચાયત ની પુર્વ મંજુરી વગર જ કબજો કરી લેવાઈ, પછી ભારતભવન, એકતા મ્યુઝિયમ, ટાઈગર સફારી,જેવા નિતનવા તુક્કાઓના નામે આદિવાસી વિરોધી અધિકારી ઓને મનફાવે તેમ વર્તન કરવાની ગુજરાત સરકારે છુટ આપીને જાણે બંધારણ કે કાનુન કે માનવાધિકારો નુ અસ્તિત્વજ ન હોય અને એ રીતે ચારે બાજુ થી સ્થાનિક આદિવાસીઓ ને રંજાડવાનુ ષડયંત્ર છેલ્લા કેટલાય વર્ષો થી અમલ મા મુકવામાં આવ્યુ છે.

લોકડાઉન મા જયારે સામાન્ય લોકો ને ઘર મા પુરાઈ રહેવા ના સરકારી આદેશો લાગુ છે ત્યારે આ તક નો લાભ ઉઠાવી કેવડીયા અને આજુબાજુના ગામો ની જમીન ને તાર ની વાડ તાત્કાલિક યુદ્ધ ના ધોરણે ઉભી કરવાં માટે નર્મદા નિગમ ના અધિકારીઓ પોલીસ નો સહારો લઈ સ્થાનિક આગેવાનો કે ગ્રામપંચાયત ને વિશ્વાસ મા લીધાં વિના કાયદા થી ઉપરવટ જઈ આદિવાસીઓને રંજાડવાનુ કારસ્તાન કરી રહ્યાં છે, આ બાબત ની ફરિયાદ ગુજરાત ના રાજ્યપાલ ને આદિવાસી આગેવાન અને ચળવળકારી નેતા ડો.પ્રફુલભાઈ વસાવા એ કરી છે અને આ પ્રકાર ની અમાનવીય કામગીરી તાત્કાલીક બંધ કરાવવાની અરજ કરી છે.

સરદાર સરોવર નર્મદા નિગમ આદિવાસીઓની જમીનો ખોટી રીતે પડાવી રહી છે, સરકાર લોકડાઉન નો ગેરફાયદો ઉઠાવી વિવાદિત જમીનો પર વીસેક દિવસ થી માપણી કાર્ય તેમજ તાર ની વાડ કરાવી રહી છે જે અંગે સ્થાનિક લોકો કે આગેવાનો ને કોઈ પણ જાત ની જાણ કર્યા વિના જાણે કર્ફ્યુ લાગ્યું હોય પોલિસ તૈનાત કરી દેવામાં આવે છે જેનાથી આ ગામોમાં હાલ ભયંકર ડર નો માહોલ ઉભો થયો છે.ગરુડેશ્વર તાલુકા નો આ સમગ્ર વિસ્તાર ભારતીય બંધારણ ની અનુસૂચિ - ૫ મુજબ અનુસૂચિત આદિજાતિ વિસ્તાર તરીકે જાહેર છે પરંતુ અનુસૂચિત આદિજાતિના લોકોને આ વિસ્તારમાંથી ખસેડવામાં ગુજરાત સરકાર નવા નવા પ્રોજેક્ટો લાવી આદિવાસીઓની જમીનો ગેર બંધારણીય રીતે સરદાર સરોવર નર્મદા નિગમ ના સહારે હડપી રહી છે.આ વિસ્તારો ની ગ્રામસભા ઓને પૂછ્યા વગર સરદાર સરોવર નર્મદા નિગમ જાણે ભારતીય બંધારણ થી ઉપર હોય તેમ મનફાવે તેમ નિર્ણયો લઈ આદિવાસીઓ પર પોલિસ નો સહારો લઈ અત્યાચાર કરી રહી છે.નર્મદા જિલ્લા પોલિસ જાણે લોકો માટે છે જ નહી તેવું વર્તન આદિવાસીઓ સાથે કરી રહી છે.નર્મદા પોલિસ આદિવાસીઓ સાથે ગાળો બોલી ગેરકાનૂની રીતે ડરાવી-ધમકાવીને ઢોર માર મારી તેમજ આદિવાસી પર ખોટાં કેસો કરવાની ધમકીઓ આપી રહી છે અને હવે તો નર્મદા જિલ્લા પોલિસ એટલી હદે પહુંચી છે કે પુરુષ પોલિસ કર્મચારીઓ ની હાજરી મા આદિવાસી મહિલા ઓની સાડી ઉતરી અપમાનિત કરી માનસિક ત્રાસ આપી રહી છે.

નર્મદા જિલ્લામાં જે થઈ રહ્યું છે તેના ઉપર થી લાગી રહ્યું છે કે આદિવાસી સંસ્કૃતિ, ઓળખ, અસ્મિતા ને ખતમ કરવાનું મોટું ષડયંત્ર રચાય રહયું છે.આદિવાસીઓના બંધારણીય અધિકારો ને ગુજરાત સરકાર ધીરે ધીરે વિકાસ ના નામે સમાપ્ત કરી રહી છે.અનુસૂચિત આદિ જાતિના લોકો ના હક્ક અધિકારો ના જતન માટે બંધારણીય જોગવાઈ મુજબ રાજભવનમાં ટ્રાઈબલ સેલ ની રચના કરવાની હોય છે પરંતુ ગુજરાત રાજયના રાજ ભવનમાં આજદિન સુધી ટ્રાઈબલ સેલ ની રચના થઈ નથી જેના પરીણામે અનુસૂચિત આદિજાતિના લોકો પર દિવસે ને દિવસે અત્યાચાર વધી રહયાં છે.. ગુજરાત નો આદિવાસી સમાજ માંગ કરે છે કે રાજભવન માં ટ્રાઈબલ સેલ ની રચના કરવામાં આવે.

ગુજરાત સરકાર જેવી રીતે હાલ વિકાસ ના નામે આદિવાસીઓ સાથે જાતિગત ભેદભાવ રાખી જે વર્તન કરી કે કરાવી રહી છે તેની ઉપર થી લાગી રહ્યું છે કે આદિવાસી ઓને ભારતીય બંધારણ ની વિરૂદ્ધ કૃત્યો કરવા માટે સરકાર ઉશ્કેરી રહી છે.નર્મદા જિલ્લામાં આદિવાસી વિરોધી માનસિકતા ધરાવતા કર્મચારીઓનું પોસ્ટીગ કરી આદિવાસી લોકોને દબાવવા જાણે બધા જ પ્રકારની છુટછાટ આપી દેવામાં આવી હોય તેવું લાગી રહ્યું છે.

જો ગરુડેશ્વર તાલુકામાં અનુસૂચિત આદિજાતિના લોકો સાથે થઈ રહેલા અમાનવીય વર્તન અને માનવઅધિકારો નું હનન ને નહિ રોકવામાં આવે તો આવનારા સમય મા આ આખા વિસ્તાર ના આદિવાસીઓ મહામુશ્કેલીઓ પડી જશે જેથી આપને આદિવાસી સમાજ વતી વિનંતી કરું છું કે આપ તટસ્થ અને નિષ્પક્ષ બની આદિવાસીઓ માટે નિર્ણય લો અને આ વિસ્તારના આદિવાસીઓને બચાવી લો.

પીવાના પાણીની ફરિયાદ માટે હેલ્પલાઈનનો સંપર્ક કરવો

હેલ્પલાઈન નંબર ૨૪ કલાક કાર્યરત રહેશે

વ્યારા

ગુજરાત રાજયના ગ્રામીણ વિસ્તારની પીવાના પાણીની સમસ્યાઓના ઝડપી ઉકેલ માટે '૧૯૧૬' ટોલ ફ્રીનંબર કાર્યરત છે.આ ટોલફ્રી નંબર ઉપર પીવાના પાણી અંગેની ફરીયાદો નોંધવાની વ્યવસ્થા ૨૪ કલાક કાર્યરત છે.

જાહેર જનતાને આથી અપીલ કરવામાં આવે છે કે, ગ્રામ્ય વિસ્તારમાં પીવાના પાણીને લગતી ફરીયાદો જેવી કે, હેન્ડપંપ રીપેરીંગ, મીનીપાઈપ યોજનાનુ રીપેરીગ અને વ્યકિતગત કે જુથ પાણી પુરવઠા યોજના દ્વારા આપવામાં આવતા પાણી અંગેની કોઈપણફરીયાદ અહી નોંધાવી શકે છે.જાહેર જનતાને એવી પણ વિનંતી કરવામાં આવે છે કે, ગ્રામ્ય વિસ્તારમાં પાણીની પાઈપલાઈનમાં ભંગાણ કેલીકેજ હોય, પાણીની ચોરી થતી હોય અથવા કોઈ વિસ્તારમાં પાણીનો ખોટો વેડફાટ થતો હોય તેવા કિસ્સામાં પણફરીયાદ નોંધાવી શકેછે. ગુજરાત પાણી પુરવઠા બોર્ડ દ્વારા ઓનલાઈન ફરીયાદ નોંધવાની સુવિધા પણ પુરી પાડવામાં આવે છે.જેમાંકોઈ પણ વ્યકિત ws.gujarat.gov.in વેબસાઈટના New Complain સેકશન મારફતે નવીન ફરીયાદ નોંધવી શકે છે.જો કોઈ કિસ્સામાં ટોલ ફ્રી નંબર '૧૯૧૬' વ્યસ્ત જણાય તેવા કિસ્સામાં અન્ય નંબર ૧૮૦૦ ૨૩૩ ૩૯૪૪૩૫૨ પણ ફરીયાદ નોંધાવી શકાશે.

રોગ પ્રતિકાર શક્તિમાં વધારો કરતા ફુટ બેવરેજીસનું લોન્ચીંગ

આઈટીસીનું બી નેચરલ અને એમવે ઈન્ડિયાનો સહયોગ

સુરત

ભારતીય ગ્રાહકો માટે પોતાના પ્રકારની પ્રથમ બી નેચરલ+ રેન્જ રજૂ કરવા માટે ITCના બી નેચરલ અને એમવે ઈન્ડિયાએ એક અનોખી ભાગીદારી રચી સહયોગ સાધ્યો છે. પોતાના ગ્રાહકોને ફળોનું પોષણ પૂરું પાડવામાં વિશ્વાસ ધરાવતા બી નેચરલ જ્યુસીસ અને બેવરેજીસનો ઈરાદો બી નેચરલ+ રેન્જના લૉન્ચ દ્વારા રોગ-પ્રતિરક્ષા + ફળો અને રેસાનો બમણો લાભ આપવાનો છે.

ITCના લાઈફ સાયન્સીસ એન્ડ ટેક્નોલૉજી સેન્ટર (LSTC) દ્વારા વિકસાવવામાં આવેલી અનોખી તથા તબીબી રીતે પુરવાર થયેલી સામગ્રી દ્વારા રોગ-પ્રતિરક્ષાને આધાર આપવાનું વચન પૂરું કરવામાં આવનાર છે. LSTC ખાતેની વિજ્ઞાનીઓની ટીમ લગભગ એક દાયકાથી સ્વાસ્થ્ય તથા પોષણના વિવિધ વિસ્તારોમાં કાર્ય કરી રહી છે. આ કસોટીભર્યા કાળમાં, રોગ-પ્રતિરક્ષા તેમના સંશોધનનાં ચાવીરૂપ પાસાં તરીકે સામે આવી છે. તબીબી રીતે પુરવાર થયેલી આ સામગ્રીની ચકાસણી રેન્ડમ, ડબલ-બ્લાઈન્ડ પ્લાસીબો કન્ટ્રોલ્ડ ક્લિનિકલ સ્ટડીમાં કરવામાં આવી હતી. આ સ્ટડી ત્રણ મહિનાના સમયગાળામાં હાથ ધરવામાં આવી હતી, જેમાં આઈસીએમઆર દ્વારા જારી કરવામાં આવેલી માર્ગદર્શિકાઓને ધ્યાનમાં રાખવામાં આવી હતી તથા તેની નોંધણી સીટીઆઈઆરમાં કરાવવામાં આવી છે.

સુપ્રસિદ્ધ ગુમાનદેવ હનુમાનજીના મંદિરે દિવ્યાંગ યુવક -યુવતીના લગ્ન યોજાયા

ઝઘડીયા

ઝઘડિયા તાલુકાના સુપ્રસિદ્ધ ગુમાનદેવ હનુમાનજી મંદિર ખાતે દિવ્યાંગ યુવક-યુવતીના લગ્ન ગત તા.૨૪.૫.૨૦ના રોજ યોજાયા હતા. દિવ્યાંગ યુવક યુવતીના લગ્નમાં ગુમાનદેવ મંદિરના મહંત મનમોહનદાસજી દ્વારા કન્યા દાન કરવામાં આવ્યું હતુ. રિતિકા મૈત્રી તથા પ્રવીણ કુમાર ગૌર ના લગ્ન પ્રસંગે તેમના માતા-પિતા તથા



ગુમાનદેવ મંદિરના સાધુ સંતો ની ઉપસ્થિતિમાં લગ્ન ની વિધિ સંપન્ન થઈ હતી. દિવ્યાંગોના લગ્ન પ્રસંગે ગુમાનદેવના મહંતશ્રી દ્વારા વિશ્વમાંથી કોરોના વાયરસ નાબૂદ થાય તે માટે ગુમાનદેવ હનુમાનજીના ચરણોમાં પ્રાર્થના કરી હતી. ઉપસ્થિત સૌ મહાનુભાવોએ દિવ્યાંગ નવયુગલને તેમના લગ્નજીવનની શુભેચ્છાઓ પાઠવી આશીર્વાદ આપ્યા હતા

મહિધરપુરા વિસ્તારમાં વધતા જતા કોરોનાના કેસોના લીધે રેડક્રોસ સંસ્થા તથા સક્ષમ (આર.એસ.એસ) દ્વારા જનજાગૃતિ અભિયાન



સુરત

સુરત શહેરની રેડક્રોસ સંસ્થા તથા આ વિસ્તાર ના રેડક્રોસ સંસ્થા ના સભ્યો તથા વિંકલાંગ મિત્રો ના સંયુક્ત ઉપક્રમે આયોજીત જનજાગૃતિ ના સંદર્ભે તા-: ૨૭૫૨૦૨૦ ને બુધવાર ના રોજ સાંજે ૫.૪૫ કલાકે કમાનડેન્ટ ડૉ.પ્રફુલ્લભાઈ શિરોયા તથા રેડક્રોસ ના સભ્યો શ્રી ભવિનભાઈ, તેજસભાઈ , ઉમેશભાઈ પટેલ(પપ્પુ), યોગેશભાઈ ચલથાણવાળા તથા હિતેશભાઈ ચલથાણવાળા,દિપકભાઈ લાડોલા,કીશોરભાઈ બલર ના ઓની અધ્યક્ષતા હેઠળ તેઓની સાથે આશરે ૫ વિંકલાંગો પણ કોરોના મહામારી નો ખતરો કેમ અટકાવવો તેની અપીલ કરવા લાલદરવાજા ગુંદીશેરી થી નીકળી લાલદરવાજા મોટીશેરી, ગલેમંદિર મોટીશેરી, ભુતશેરી, મણીયારાશેરી, કંસારા શેરી ,દાળીયાશેરી, વાણીયાશેરી તથા કુંભારશેરી જેવા વિસ્તાર માં રાઉન્ડ લઈ લોકો ને કોરોના મહામારી જે આ વિસ્તારમાં પસરી રહી જોવા મળી છે. તો તેના થી બચવા માટે જનજાગૃતિ અભિયાન દ્વારા સમજ આપી હતી.

આ જનજાગૃતિ અભિયાન એક નિસ્વાર્થ સેવા એ જ હમારું લક્ષ્ય મુખ્યત્વે રહ્યું છે. આ જનજાગૃતિ અભિયાન નું સંપુર્ણ સંચાલન કમાંડેન્ટ ડૉ. પ્રફુલ્લભાઈ શિરોયા તથા રેડક્રોસ સંસ્થાના સભ્ય તથા ધણી બધી સેવાભાવી સંસ્થા ઓ સાથે જોડાયેલા દિનેશભાઇ પટેલ એ કર્યું હતું. અભિયાન ને વધુ ને વધુ વેગવાન બનાવવામાં શ્રી ઉમેશભાઈ પટેલે ,શ્રી યોગેશભાઈ ચલથાણવાળા ના ઓએ તથા વિકલાંગ ભાઈઓ શ્રી કલ્પેશભાઈ બાળધા,શ્રી રાજુભાઈ હુંમર,શ્રી શૈલેષભાઈ રાખોલીયા,શ્રી પરેશભાઈ ભંડેરી, શ્રીસંજય ભાઈ સાખલીયાઓએ જહેમત ઉઠાવી ને અભિયાન નો શુભારંભ કરાવ્યો હતો. અંતે આભારવિધિ ડો.શ્રી દિનેશભાઈ પટેલે એ કરી પ્રવૃતિને બિરદાવી હતી.

સુરત લોકડાઉનમાં આર્થિક ભીંસમાં આવતા કાપડ દલાલે કરી આત્મહત્યા



સુરત

શહેરના અડાજણ વિસ્તારમાં રહેતા એક કાપડ દલાલે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યાની ઘટના સામે આવી છે. કોરોના વાઈરસની મહામારી વચ્ચે લોકડાઉનમાં વેપાર બંધ રહેતા આર્થિક ભીંસમાં પગલું ભર્યું હોવાનું પરિવારનોએ જણાવ્યું છે. હાલ અડાજણ પોલીસ વધુ તપાસ કરી રહી છે.અડાજણ વિસ્તારમાં આવેલા અભિનવ એપાર્ટમેન્ટમાં ૪૨ વર્ષીય સંજય શોભરાજ બટાની પરિવાર સાથે રહે છે અને ટેક્સટાઈલ માર્કેટમાં કાપડ દલાલ તરીકે કામ કરે છે.

લોકડાઉનમાં વેપાર બંધ રહેતા આર્થિક ભીંસમાં આવી જતા છેલ્લા ઘણા દિવસોથી માનસિક તણાવમાં રહેતો હતો. દરમિયાન ઘરમાં રૂમમાં છતની એંગલ સાથે દોરી બાંધી ફાંસો ખાઈ લીધો હતો. પરિવારને કાપડ દલાલ લટકતી હાલતમાં મળી આવ્યો હતો. ઘટનાની જાણ થતા પોલીસ દોડી આવી હતી અને વધુ તપાસ હાથ ધરી છે.

મૃતકના પત્ની સીમરન બટાનીએ જણાવ્યું હતું કે, છેલ્લા ઘણા દિવસોથી માનસિક તણાવમાં રહેતા હતા. હું તેમને પૂછતી હતી કે શું થયું છે તો તે કહેતા હતા કે મગજ ખાલી ખાલી થઈ ગયું છે. જ્યારે મૃતના સાળા વિજયભાઈએ જણાવ્યું હતું કે, લોકડાઉનને કારણે કાપડનું કામ દિવાળી પહેલા ચાલુ નહીં થાય. આર્થિક ભીંસમાં આવી જતા આ પગલું ભર્યું છે.

સુરતના કતારગામમાં આવેલી ગજેરા સ્કૂલમાં ફી માટે ફોન કરાતાં વાલીઓએ વિરોધ કર્યો

સુરત

કતારગામ વિસ્તારમાં આવેલી ગજેરા સ્કૂલમાં વાલીઓએ વિરોધ પ્રદર્શિત કર્યો છે. શાળા દ્વારા વાલીઓને ફોન કરીને સ્કૂલ ફી ભરી જવાનું કહેવાતા વાલીઓ સ્કૂલે પહોંચ્યાં છે. શાળાના પ્રિન્સિપાલને મળીને કોરોના સમયમાં ફી માટે દબાણ ન કરવા રજૂઆત કરવામાં આવી છે. સાથે જ શિક્ષણમંત્રીને પણ ટેલિકોનિક રીતે વાલીઓએ ફરિયાદ કરી છે. શાળાના આચાર્ય દ્વારા જણાવવામાં આવ્યું કે, નવા સત્રના એડમિશન માટે વાલીઓને બોલાવવામાં આવ્યાં છે. જોકે અમુક વાલીઓને મીસ અન્ડરસ્ટેનીંગ થયું હોય તેવું જાણવા મળતા તેમની સાથે સમજાવટથી કામ લેવામાં આવ્યું છે.

સ્કૂલમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીના વાલીએ જણાવ્યું હતું કે, વાલીઓને પર્સનલ ફોન કરીને ફી માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. જેથી અમે શાળાએ પહોંચ્યા અને પ્રિન્સિપાલને મળ્યાં હતાં. તેમણે એડમિશન માટેની વાત કરી હતી. જો કે, શાળા પરિસરમાં ઉભેલા વાલીઓએ જણાવ્યું હતું કે, અમે ફી ભરવા માટે આવ્યાં છીએ. અમે શિક્ષણમંત્રીને પણ ટેલિફોનિક ફરિયાદ કરી છે. જો કે અમને શાળા દ્વારા એડમિશન માટે બોલાવાયાનું કહેવાયું છે. શાળાના શિક્ષકોના પગાર કરવા માટે ફીની માંગ કરાઈ રહી હોવાનું પણ વાલીઓએ વધુમાં જણાવ્યું હતું.

ગજેરા સ્કૂલના આચાર્યએ જણાવ્યું હતું કે, અમે ધોરણ ૧,૯ અને ૧૧માંના નવા એડમિશનની કામગીરી શરૂ કરી છે. આગામી મહિનાથી ઓનલાઈન શિક્ષણ શરૂ કરવામાં આવનાર છે. ત્યારે કેટલાક વાલીઓને ગેરસમજ થતાં આજે સ્કૂલ પર આવ્યા હતા અને ફી મંગાતી હોવાની વાત કરી હતી. અમે તેમને કહ્યું કે, જે લોકો ભરી શકે તેમ છે તેઓ ફી ભરે તો સ્કૂલના ખર્ચાઓમાં તે કામ આવી શકે. સગવડતા પ્રમાણે ફી ભરે બાકી કોઈને ફોર્સ કરાતો નથી.

નવસારીમાં હું પણ કોરોના વોરિયર અભિયાનને સાંપડેલો ભારે પ્રતિસાદ

કોરોના સંક્રમણને અટકાવવા જન જાગૃતિ કેળવાઇ

નવસારી

રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી પ્રેરિત હુ પણ કોરોના વોરીયર અભિયાનને નવસારી જિલ્લામાં વ્યાપક પ્રતિસાદ સાંપડયો છે. જિલ્લામાં આ અભિયાનને સફળ બનાવવા માટે ગુજરાત રાજય યુવા બોર્ડના નેજા હેઠળ સ્વામી વિવેકાનંદ યુવા કેન્દ્રોના યુવાનો જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના સામે વ્યાપક જન જાગૃતિ ઊભી કરવા સાથે કોરોના સંક્રમણને અટકાવવા માટે ગ્રામજનોને પ્રશિક્ષિત કરી રહ્યા છે.

રાજયના મુખ્યમંત્રીશ્રી એ રાજયના તમામ ધાર્મિક-સામાજીક અગ્રણી સાથે સંવાદ સાધીને કોરોના સામેના જંગમાં સહભાગી થવા અપીલ કરી હતી. જિલ્લામાં સ્વામી વિવેકાનંદ યુવા કેન્દ્રોના યુવકો કોરોના યોદ્ધા બની કોરોના સામે લેવાના તકેદારી અને અગમચેતીના પગલાં અંગે લોકોનું માર્ગદર્શન આપી રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં લોક ડાઉન સમયે પરપ્રાંતીય શ્રમજીવીઓને પીવાના પાણીની બોટલ, ફુડ પેકેટનું વિતરણ કરવા સાથે ૮૯૦૦થી વધુ લોકોને હોમીયોપેથીક દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જિલ્લા કલેકટરશ્રી આર્દ્રા અગ્રવાલ ના માર્ગદર્શન હેઠળ આ યુવાનો મુખ્યમંત્રીના હું પણ કોરોનાવાયરસ કેમ્પેઇન જીસ્જી સૂત્ર (S-Social Distance, M-Mask, S- Senitize) અને ખાસ કરીને નાના બાળકો અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના વડીલોની કાળજી રાખવી જેવી બાબતો અંગે નગરજનોને સમજૂત કરવામાં આવી રહ્યા છે. તો આવો આપણે સૌ પણ હું પણ કોરોના વોરિયર અભિયાન માં જોડાઈ કોરોના સામે નું યુદ્ધ જીતવા સંકલ્પબદ્ધ બનીએ.

નવસારી પોલીસ દ્વારા ૧૨૮ સામે ગુના દાખલ

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

તા.૨૭ મે ના રોજ પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરી કલમ ૧૮૮ આઇપીસી કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ હેઠળ ૧૨૮ સામે એફ.આઇ.આર. કરવામાં આવી છે તેમજ ૧૪૨ ની અટકાયત કરવામાં આવી છે. એપીડેમીક ડીસીઝ એકટ ૨૦૦૫ હેઠળ એક વ્યકિત સામે એફ.આઇ.આર. તથા બે વ્યકિતની અટકાયત કરવામાં આવી છે. જિલ્લામાં ૬૯ વાહનો ડીટેઇન કરાયા હતા. વાહનચાલકો પાસે રૂ.૧૦૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો છે. તા.૨૭ મે સુધીમાં કુલ ૧૧૨૭૯ એફઆઇઆર તેમજ કુલ ૧૨૬૪૮ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી છે.

શહેરીજનો લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.

ડિસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન દ્વારા ૩. ૧૪ લાખનું દાન જાહેર કરાયું

મહાનગર પાલિકા અને નવી સિવિલને રૂ. સાત- સાત લાખની સહાય

સુરત

રાજ્ય સરકારના ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ વિભાગના ઉપક્રમ એવા ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન, સુરત દ્વારા પ્રધાનમંત્રી ખનિજ ક્ષેત્ર કલ્યાણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧ માટેની ગ્રાન્ટના ઉપલબ્ધ ફંડમાંથી કોરોના સામેની લડાઈમાં નવી સિવિલ હોસ્પિટલ અને સુરત મહાનગરપાલિકાને રૂ.૧૪ લાખનું અનુદાન મંજૂર કરાયું છે. જેમાં નવી સિવિલ હોસ્પિટલને મેડિકલ સંસાધનો ખરીદવા માટે રૂ.સાત લાખ અને સુરત મહાનગરપાલિકાને હ્યુમન રિસોર્સ ઈન્સેન્ટીવ માટે રૂ.સાત લાખની ફાળવણી કરવામાં આવી છે. કોરોના સામેના જંગમાં આ અનુદાન નવી સિવિલ હોસ્પિટલ તેમજ મહાનગરપાલિકા માટે અતિ ઉપયોગી બની રહેશે.

કેન્દ્ર સરકારના ખાણ મંત્રાલયના સચિવશ્રી અને ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન, સ્ટેટ નોડલ યુનિટના ગુજરાતમાં કોરોના વાઈરસના કેસોનું પરીક્ષણ તથા સ્કીનીંગ અને અન્ય ઉપકરણોની ખરીદી/ ઈન્સ્ટોલેશન માટેના ઠરાવને અનુલક્ષીને જિલ્લા કલેકટરશ્રી ડો.ધવલ પટેલ, જિલ્લા આયોજન અધિકારીશ્રી વી.સી. માંડવીયા તથા ભૂસ્તરશાસ્ત્રી શ્રીમતી સુનિતાબેન અરોરાના માર્ગદર્શન હેઠળ ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન, સુરતના ડિસ્ટ્રીક્ટ કો-ઓર્ડીનેટરશ્રી મયુર દાડમવાલા તથા સ્ટાફ દ્વારા ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન (ડીએમએફ), સુરતની વર્ષ-૨૦૨૦-૨૧ની ગ્રાન્ટમાંથી તબીબી અધિક્ષકશ્રીની કચેરી, નવી સિવિલ હોસ્પિટલને રૂ.સાત લાખની ફાળવણી કરાઈ છે, જેના થકી કોરોનાના દર્દીઓ માટે જરૂરિયાત મુજબ વેન્ટીલેટર, સી.આર. સિસ્ટમ, ડિજીટલ એક્ષ-રે, કેસેટ વિથ સ્કીન વેન્ચરી મેડિકલ ઓક્સિજન માસ્ક, મલ્ટીપેરા મોનિટર, દવાઓ, પીપીઈ કીટ્સ , ઓક્સિજન, કોવિડ-૧૯ ટેસ્ટીગ કીટ્સ તેને લગતા કન્ઝયુમેબલ તથા એસેસરીઝ, લિનન, ફર્નિચર અને એન-૯૫ માસ્ક, સ્ટેશનરી, પેટી સપ્લાય, લેબોરેટરી સુવિધા, હેન્ડ સેનિટાઈઝર, બાયોમેડિકલ વેસ્ટ કન્ટેનર અન્ય જરૂરી ડેડસ્ટોક આઈટમ, કન્ઝયુમેબલ તથા ઈક્વિપમેન્ટ ખરીદી કરવામાં આવશે. આ ઉપરાંત મહાનગરપાલિકાના મ્યુ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીને હ્યુમન રિસોર્સ ઈન્સેન્ટીવ માટે રૂ.સાત લાખના અનુદાનની મંજૂરી કલેકટરશ્રી ડો.ધવલ પટેલ દ્વારા આપવામાં આવી છે.

સુરતમાં જાહેર નામાનો ભંગ કરનાર વધુ ૨૪ લોકોની ધરપકડ કરાઇ

રાત્રી સમયે કારણ વગર નિકળેલા ૮૫ લોકોના વાહનો જપ્ત

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સુરત શહેરમાં વધી રહેલા કોરોના વાયરસના કેસોને ધ્યાને લઈ શહેર પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આજ રોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૨૪ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૮૫ લોકોના વાહનો જપ્ત કરવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૫,૨૬૪ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાઓ બનાવીને ફરતા ૩૭,૧૮૦ જેટલા લોકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. સુરત શહેરમાં ચોથા તબક્કાના લોકડાઉનના નિયમોનું કડકપણે પાલન કરાવવામાં આવી રહ્યું છે. જેથી શહેરીજનોએ માસ્ક પહેરવા, સોશ્યલ ડિસ્ટન્સ તેમજ લોકડાઉનના નિયમોનું જવાબદારીપૂર્વક પાલન કરવા અનુરોધ કરાયો છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવી રહી છે.

નવસારી પીસીઆરનો ડ્રાઈવર કોરોનાગ્રસ્ત

સુરત

નવસારી જિ●લ્લામાં કોરોનાનો આતંક યથાવત રહ્યો છે. ઈટાળવા સમીર ગાર્ડનમાં રહેતા રૂરલ પોલીસના પીસીઆર ડ્રાઈવરનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ તેના સંપર્કમાં આવેલા તેમના બે સંતાનોનો રિપોર્ટ પોઝિટિવ આવતા કોવિડ-૧૯ યશફીન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૫ કેસો પોઝિટિવ નોંધાયા છે. જે પૈકી ૧૭ કેસો એક્ટીવ છે અને આઠને રજા આપવામાં આવી છે. નવસારી જિલ્લામાં કોરોનાએ ચોથા લોકડાઉનમાં કહેર વર્તાવતા છેલ્લા છ દિવસમાં ૧૫ જેટલા નવા દર્દીઓ કોરોના પોઝિટિવ મળી આવતા જિલ્લા આરોગ્ય વિભાગની ઉંઘ હરામ બની છે. નવસારીના ઈટાળવા ગામે સમીર ગાર્ડનમાં રહેતા અને રૂરલ પોલીસના પીસીઆર વાન ડ્રાઈવર હેમંતકુમાર ગમનલાલ સૂર્યવંશીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. તેમના સંપર્કમાં આવેલા તેમના બે સંતાનો ક્રિયેશ હેમંતકુમાર સૂર્યવંશી અને ધ્રુવ હેમંતકુમાર સૂર્યવંશીનો રિપોર્ટ પોઝિટિવ આવતા તેઓ બંનેને નવસારીની કોવિડ-૧૯ યશફીન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ બંને બાળકોની તબીયત તંદુરસ્ત છે. આ સાથે નવસારી જિલ્લામાં કુલ ૨૫ જેટલા કોરોનાના પોઝિટિવ કેસો નોંધાયા છે. જે પૈકી આઠને રજા આપવામાં આવી છે. જિલ્લામાં રોજબરોજ વધતા જતા કેસોથી લોકોમાં ભય જોવા મળે છે.

સ્વાધ્યાય પરિવાર દ્વારા અદ્યતન સેનિટાઇઝીંગ મશીનનું યોગદાન

કુલ ૧,૬૦૦૦ સ્થળોએ સેનેટાઇઝેશનની કામગીરી કરાઇ

સુરત

કેન્દ્ર અને રાજય સરકારના કોરોના સામેના જંગમાં ધાર્મિક, સામાજિક સંસ્થાઓ સમાજને ઉપયોગી તમામ પ્રકારની સહાય કરવામાં આગળ આવી છે, ત્યારે સ્વાધ્યાય પરિવાર દ્વારા સુરતના વિવિધ વિસ્તારો, રસ્તાઓ અને સોસાયટીને સેનેટાઈઝ કરવાની કામગીરીમાં સુરત મહાનગરપાલિકાને પાંચ અદ્યતન સેનિટાઈઝીંગ મશીનનું યોગદાન મળ્યું હતું. કોરોના રોગના નિયંત્રણ માટે ઉપયોગી બની રહેલા આ ખાસ પ્રકારના 'હેવી ડ્યુટી ફ્યુમીગેશન ઈક્વિપમેન્ટ' ની મદદથી મહાનગરપાલિકાના જુદા-જુદા પાંચ ઝોનના કોરોના ચેપગ્રસ્ત વિસ્તારોમાં મુખ્ય રસ્તાઓ, આંતરિક રસ્તાઓ, ગલીઓ વિગેરેમાં સોડિયમ હાઈપોકલોરાઈડ નામતાં સર્ફેસ ડિસઈન્ફેક્ટન્ટનો ઉપયોગ કરી આ વિસ્તારોને વાયરસમુક્ત કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. તા.૧૩મી એપ્રિલથી તા.૧૫મી મે દરમિયાન આ મશીનો અને ઈક્વિપમેન્ટ વડે કુલ ૨૫,૦૦૧ કિ.મી. જેટલા નાના મોટા રસ્તાઓ, શાકભાજી માર્કેટો, પબ્લીક ગેધરીંગ પ્લેસીસ તેમજ રહેણાંક વિસ્તારો મળી કુલ ૧,૬૦૦૦ જેટલા સ્થળોએ સઘન સેનેટાઈઝેશનની કામગીરી કરવામાં આવી છે.

સ્વાધ્યાય પરિવાર દ્વારા કોરોના વૈશ્વિક મહામારીના સમયમાં લોકહિતાર્થે આ પ્રકારના આધુનિક ટેકનોલોજી ધરાવતા અત્યંત અસરકારક સંસાધનો સુરત મહાનગરપાલિકાને ફાળવી અત્યંત પ્રશંસનીય સેવાકીય કામગીરી કરવામાં આવી છે. હાલમાં કોરોના વાયરસને લીધે લોકડાઉનની સ્થિતિમાં મહાનગરપાલિકાને સ્વાધ્યાય પરિવાર દ્વારા સહાયરૂપ બની માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડ્યું છે.

આ અગાઉ પણ સુરત શહેરમાં પ્લેગ અને તાપી નદીમાં પૂરની ભયાનક સ્થિતિમાં પણ સ્વાધ્યાય પરિવારનાં પ્રણેતા પૂ. પાંડુરંગ દાદાજી, જયશ્રી દીદી તેમજ સ્વાધ્યાય પરિવાર દ્વારા સુરતવાસીઓના સ્વાસ્થ્ય માટે અતિ ઉત્તમ સેવાકીય કાર્યો કરવામાં આવ્યા હતા. કોરોના મહામારી સામેની લડાઈમાં પાલિકાની કાર્યક્ષમતા વધારવા બદલ આરોગ્ય રાજ્ય મંત્રીશ્રી કિશોરભાઈ કાનાણી, મેયરશ્રી ડો. જગદીશ પટેલ તેમજ મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાની દ્વારા સ્વાધ્યાય પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ઘોઘા-દહેજની જેમ કંડલા-હજીરા વચ્ચે ૫૦૦ કરોડના ખર્ચે રોરો ફેરી સર્વિસની શક્યતાઓ

ગાંધીધામ

દીન દયાળ પોર્ટ દ્વારા આગામી દિવસોમાં ઘોઘા દહેજની જેમ કંડલા-હજીરા રોરો ફેરી સર્વિસ શરૂ કરવામાં આવે તેવી શક્યતાઓ વધી રહી છે. આ અંગે અધિકારીઓની ટીમ હજીરા જઈને સ્થળ લોકેશન તપાસવા સહિતની બાબતની ચકાસણી કરશે. ત્યાર બાદ રીપોર્ટ આપશે. હાલ આ ૫૦૦ કરોડના પ્રોજેક્ટ માટે વિચારણા ચાલી રહી છે.

ડીપીટીના વર્તુળોમાંથી મળતી માહિતી મુજબ ઘોઘા દહેજની રોરો ફેરી સર્વિસની જેમ જ કંડલાથી હજીરા રોરો ફેરી સર્વિસ શરૂ કરવા માટે સરકાર દ્વારા દીન દયાળ પોર્ટમાં સૂચના આપવામાં આવી હતી. આ સૂચના પછી દીન દયાળ પોર્ટના સત્તાધિશો દ્વારા કેવી રીતે આગળ વધવું તે અંગે તૈયારી શરૂ કરવામાં આવી હતી. જેના પરીણામ રૂપે આગામી દિવસોમાં હવે અન્ય બાબતોની ચકાસણી કરીને આગળ વધવામાં આવશે તેમ જણાય છે.

ચીફ ઈજનેર પાટીલ તથા અન્ય ત્રણ કર્મચારીઓ મળી ચાર અધિકારીઓની ટીમ શુક્રવારે કારમાં દહેજ, ઘોઘા, સુરત જવા રવાના થાય તેવી શક્યતા છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ જે આવી ફેરી સર્વિસ શરૂ થઈ હતી તેમાં ભાડા અને ખર્ચના મુદ્દે અડચણો આવી ચૂકી છે. અન્ય સ્થળે થયેલી આ અડચણો પછી દીન દયાળ પોર્ટ કઈ દિશામાં કેવી રીતે આગળ વધે છે તે નક્કી થઈ જશે.

સાણંદના મોડાસર ગામમાં રહેતા ઈન્ટાસ કંપનીના બે કર્મચારીઓ થયા કોરોના સંક્રમિત

અમદાવાદ

શહેરમાં ૨૭મેની સાંજથી ૨૮મેની સાંજ સુધીમાં વધુ ૨૪૭ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. જ્યારે ૧૬ દર્દીના મૃત્યુ થયા છે. આ સાથે અમદાવાદમાં અત્યાર સુધીમાં કેસનો આંકડો ૧૧,૩૪૪ અને કુલ મૃત્યુઆંક ૭૮૦ થયો છે. જ્યારે ૫,૩૩૧ દર્દી સાજા થઈને ઘરે પરત ફર્યા છે. શહેરમાં ગુરુવારે કોરોનાના વધુ ૨૪૭ પોઝિટિવ કેસ નોંધાયા હતા. તેમજ ૧૬ દર્દીઓના મૃત્યુ નીપજ્યા હતા. પશ્ચિમ અમદાવાદમાં ગુરુવારે પણ કેસની સંખ્યા ઓછી જોવા મળી હતી અને એકપણ મૃત્યુ ન હતું.

દરિયાપુર વોર્ડમાં ત્રણ, બાપુનગર, દાણીલીમડા, અસારવામાં ૨ વ્યક્તિના મોત થયા છે. મૃતકોમાં ૧૧ પુરુષ અને ૫ મહિલાનો સમાવેશ થાય છે. શહેરના કન્ટેઈનમેન્ટ વિસ્તારોમાં ધીમે ધીમે કેસ ઘટી રહ્યા છે. પણ ઉત્તર ઝોનના અનેક વિસ્તારો હોટસ્પોટ બની રહ્યા છે. બુધવારે નોંધાયેલા ૨૪૮ કોરોના પોઝિટિવ કેસમાંથી ૮૧ કેસ ઉત્તર ઝોનના છે.

સમસ્ત આદિવાસી સંગઠન નર્મદા દ્વારા આદિવાસીઓ માટે વનવાસી, વનબંધુ જેવા શબ્દ નો પ્રયોગ પાઠ્ય પુસ્તક માંથી દૂર કરવા આવેદન અપાયું

રાજપીપળા

ગુજરાતના વહીવટી તંત્રએ ભારતના બંધારણ,સુપ્રીમકોર્ટ ના ચુકાદા અને આદિવાસી સમાજ ની ઓળખને નજર અંદાજ કરી હોવા બાબતે સમસ્ત આદિવાસી સંગઠન નર્મદા એ નર્મદા કલેકટરને આવેદનપત્ર આપ્યું છે.



આ આવેદન માં રજૂઆત કરવામાં આવી છે કે ધોરણ ૭ ના સમાજવિદ્યા વિષયમાં અને સરકારી રાહે આદિવાસી માટે 'વનવાસી,વનબંધુ,ગીરીજન જેવા શબ્દો વપરાઈ રહ્યા છે.જેથી આ શબ્દોનો ઉપયોગ સરકારી રેકોર્ડ અને ધોરણ ૭ જેવા તમામ પાઠ્યપુસ્તકો માંથી મૂળ અસરથી દૂર કરવા તેમજ અન્ય કોઈ જગ્યાએ ઉપયોગ ના થાય તેવી સૂચના તમામ વિભાગ માટે બહાર પાડવામાં આવે તેવી માંગણી કરી હતી.તથા આ શબ્દોની જગ્યા પર આદિવાસી શબ્દ નો ઉપયોગ કરવાની માંગ કરી હતી.

ધોરણ ૧૦ ના સામાજિક વિજ્ઞાનનાં પાઠ્યપુસ્તક માં ભીલી આદિવાસી પ્રજા અગ્નિ એશિયામાંથી આવી હોવાનુ જણાવાયુ છે, જે સત્ય થી વેગળું હોય તેને પણ પાઠ્યપુસ્તક માંથી દુર કરવાની માંગણી કરી હતી.અને આદિવાસી સમુદાય માટે આદિવાસી શબ્દ નો ઉપયોગ વહીવટીતંત્ર માં જાહેર વ્યવસ્થામાં કરવા માટે જરૂરી હુકમ કરી પરિપત્ર બહાર પાડવા ની માંગ સાથે સમસ્ત આદિવાસી સંગઠન, નર્મદા ના પ્રતીક વસાવા, નિસર્ગ વસાવા,વિજય વસાવા સહિત ના યુવાનો એ આવેદનપત્ર આપ્યું હતુ.

મોરબી લોકડાઉનમાં ધીમેધીમે ૨૦૦થી વધારે કારખાના થયા શરુ

મોરબી

મોરબી પંથકમાં આવેલ સિરામિક યુનિટમાં રોજગારી મેળવવા માટે આવેલા પરપ્રાંતીય મજૂરો તેના વાતમાં જઈ રહ્યા છે, જેથી કરીને છેલ્લા વીસ દિવસમાં મોરબીમાંથી ૪૦ હજાર કરતા પણ વધુ શ્રમિકોને તેના વતનમાં મોકલી દેવામાં આવ્યા છે. આવામાં મજુરો ન હોવાથી કારખાના કેવી રીતે ચાલુ રાખવા તે પ્રશ્ન ઉભો થઈ રહ્યો છે. જેથી કરીને લોકડાઉન પહેલાથી જ દેશના જુદાજુદા રાજ્યોમાં વતનમાં ગયેલા શ્રમિકોને હાલમાં રોજગારી માટે વતન પરત આવવું છે. જો કે, વહીવટી આંટીઘૂંટીના લીધે હાલમાં શ્રમિકો મોરબી આવી શકતા નથી. જેથી થોડા પ્રશ્નો શ્રમિકના છે, તેમ છતાં પણ ધીમેધીમે સિરામિક ઉદ્યોગની ગાડી પાટે ચઢી રહી છે. વિશ્વ કક્ષાનો સિરામિક ઉદ્યોગ મોરબીની આસપાસમાં આવેલ છે, જેથી તેમાં રોજગારી મેળવવા માટે દેશના બિહાર, ઓરિસ્સા, ઝારખંડ, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર સહિતના રાજયોમાંથી લાખોની સંખ્યામાં મજૂરો આવતા હોય છે. હાલમાં શ્રમિકોને પોતાના વતનમાં જવાની છૂટ આપવામાં આવી છે, ત્યારે મોરબીથી છેલ્લા ૨૦ દિવસમાં ૪૦ હજારથી વધુ શ્રમિકો ટ્રેન મારફતે તેના વતનમાં જતા રહ્યા છે. જેથી કરીને કારખાના ચાલુ કરવામાં કારખાનેદારોને થોડી મુશ્કેલી પડી રહી છે. માટે અહીંથી જે રીતે શ્રમિકો તેના વતનમાં જઈ રહ્યા છે. તેવી જ રીતે ત્યાંથી પરત રોજગારી માટે મોરબી આવવા ઈચ્છતા શ્રમિકો માટે પણ સરકાર દ્વારા યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તો ઉદ્યોગની ગાડી વહેલી તકે પાટે ચઢી જશે. મોરબીથી શ્રમિકો સલામત રીતે તેઓના વતનમાં પહોંચી શકે તેના માટે થઈને મોરબી સિરામિક એસોસિયેશન અને મોરબી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ટ્રેનની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. વીસ જ દિવસમાં દેશના જુદાજુદા રાજ્ય માટેની એક કે બે નહિ પણ ૨૮ ટ્રેન મારફતે હજારોની સંખ્યામાં શ્રમિકોને તેના વતન સુધી પહોંચાડી દેવામાં આવ્યા છે. જો કે, સિરામિક ઉદ્યોગની ગાડી હવે ટ્રેક ઉપર આવી રહી છે.

ગાંધીનગર ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં પોલીસ જવાનનો બન્યો કોરોનાગ્રસ્ત

ગાંધીનગર

સમગ્ર ગુજરાતમાં કોરોના કહેર યથાવત છે ત્યારે ગાંધીનગરમાં પણ કોરોના દર્દીઓની સંખ્યામાં સતત વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે આજે ગાંધીનગરમા વધુ એક વોરિયર્સ પોલસ જવાનનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. પોલીસ જવાનને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

ગાંધીનગર જિલ્લામાં કોરોના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે શહેરમાં આજે વધુ એક કોરોના વોરિયર્સ પોલીસ જવાનનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં પોલીસ જવાનનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. પોલીસ જવાનને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાવામાં આવ્યા છે. નોંધનીય છે કે, ગાંધીનગરમાં હાલ ૯૨એક્ટિવ કેસ છે જ્યારે અત્યાર સુધીમાં ૧૩ લોકોનાં મોત નિપજ્યાં છે જોકે અત્યાર સુધીમાં ૧૩૬ દર્દીઓને કોરોનાને મ્હાત આવી છે. આ તમામને રજા આપી દેવામાં આવી છે.

વિડિયો કોન્ફરન્સ દ્વારા શાળા સમિતિની સામાન્ય સભા મળી

સગરામપુરાની શાળા નં ૩૮-૩૯નું મર્જ ગેરકાયદેઃ વિપક્ષ

સુરત

ઓનલાઈન વિડિયો કોન્ફરન્સ દ્વારા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સામાન્ય સભા મળી હતી. આ સામાન્ય સભામાં વિપક્ષી નટુ પટેલ , શફી જરીવાલા અને સુરેશ સુરાનિયાએ સગરામપુરાની શાળા નં ૩૮-૩૯ને મર્જ કરવાના નિર્ણયનો વિરોધ કર્યો હતો. વિપક્ષી સભ્યોએ રજુઆત કરી હતી કે શિક્ષણ નિયામકના પિરપત્ર મુજબ ૧૦૦થી ઓછી સંખ્યા ધરાવતી શાળાઓને મર્જ કરવાની હોય છે. પરતુ શાળાનાં ૩૮માં ૨૩૮ વિદ્યાર્થી અને ૩૯માં ૧૬૦ વિદ્યાર્થી હોવા છતાં પણ આ બન્ને શાળાનું મર્જ કોના લાભાર્થી કરવામાં આવ્યું હોવાનો પ્રશ્ન વિપક્ષે ઉભો કર્યો હતો. વિપક્ષી સભ્ય નટુ પટેલ અને શફી જરીવાળાએ જણાવ્યું હતું કે શાળા મર્જ કરવા માટે શાળા મેન્ટેન્સ કમિટિ (એસએમસી)માં ઠરાવ કરવામાં આવ્યો નથી. જે-તે વિસ્તારના મનપા કોર્પોરેટર-શિક્ષણ સમિતિના સભ્યોને વિશ્વાસમાં લેવામાં આવ્યા નથી. ઉલ્ટાનું કોવિડ-૧૯માં ફરજ બજાવતા નિરીક્ષક જાગૃતિબેન તાવેથીયાએ આ બન્ને શાળા મર્જ કરવા માટે તા. ૧.૪.૨૦૨૦ના રોજ કચેરીને રિપોર્ટ આપ્યો હતો. આ અંગે વિપક્ષી સભ્ય શફી જરીવાળાએ પ્રશ્ન ઉપસ્થિતિ કર્યો હતો કે નિરીક્ષક જાગૃતિબેન કોવિડ-૧૯માં ફરજ બજાવતા હતા, ત્યારે આ રિપોર્ટ કેવી રીતે તૈયાર કર્યો હશે? શું તેઓ કોવિડની ફરજમાં બેદરકારી દાખવીને શાળાને મર્જ કરવાના કામે લાગ્યા હતા? આ અંગે મનપા કમિશનરને પણ રજુઆત કરવામાં આવશે. જોકે શાળા સમિતિના અધ્યક્ષ હસમુખ પટેલે જણાવ્યું હતું કે આ શાળાઓનું મર્જ નિયમાનુસાર કરવામાં આવ્યું છે.

બાળકોને ગમતા કાર્ટુનવાળા કોટનના માસ્ક બનાવાયા

સાંસદ દર્શનાબેન જરદોશે બાળકોને માસ્કનું વિતરણ કર્યું

સુરત

આજે આખો દેશ કોરોના વાઈરસની સામે લડી રહ્યો છે. આ માટે દરેક લોકોએ માસ્ક, સેનેટાઈઝર અને સોશ્યલ ડિસ્ટન્સિંગને જીવનનો ભાગ બનાવવો પડશે. કોરોનાથી રક્ષણ માટે માસ્ક પહેલી જરૂરીયાત બન્યા છે, ત્યારે આવનારી પેઢીને પણ માસ્ક પહેરવાની આદત પાડવા માટે ×ત્નઝૈં સુરત મેટ્રો સખી× અને ×અમી ચેરિટેબલ ટ્રસ્ટ×ના માધ્યમથી નાના બાળકો માટે તેમને મનગમતા કાર્ટુનવાળા કોટનના નાના માસ્ક બનાવવામાં આવ્યાં હતા. સાંસદ શ્રીમતિ દર્શનાબેન જરદોશ દ્વારા ગરીબ બાળકોને આ માસ્કનું વિતરણ વિનામૂલ્યે કરવામાં આવ્યું હતુ.

દર્શનાબેન જરદોશે જણાવ્યું હતુ કે, હજુ દેશવાસીઓએ કોરોના સામે સંઘર્ષભરી લડાઈ લડવાની છે, જેમાં ગરીબ વર્ગ, બાળકો, વડીલોના સ્વાસ્થ્યનું સંપૂર્ણ ધ્યાન રાખવાનું છે. ઉપરાંત આપણે સૌએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'આત્મનિર્ભર ભારત'ના સપનાને સાકાર કરવા મેડ ઈન સુરતના અભિયાનમાં સુરતવાસીઓ પણ પોતાનું યોગદાન આપે એવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

એપાર્ટમેન્ટ કે સોસાયટીમાંથી કેસ મળશે તો ૨૮ દિવસ માટે કવોરન્ટાઈન કરાશે

સુરતમાંથી ૭.૧૦ લાખ જેટલા શ્રમિકો હિજરત કરી

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઈ કાલે તા.૨૮ મેના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, દેશભરમાં કોરોના વાઈરસને કાબુ કરવામાં સુરત શહેરનો રીકવરી રેટ જે ૬૯.૨ ટકા થયો છે. આજે ૨૫ વધુ દર્દીઓ સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા છે. કુલ ૯૮૫ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે.

મ્યુ. કમિશનરશ્રીએ વધુમાં જણાવ્યું કે, આજની સ્થિતિએ ૭૪૦૬ લોકો હોમ ક્વોરેન્ટાઈન અને વિકેન્દ્રિત ક્વોરેન્ટાઈન સેન્ટરમાં ૫૩૪ લોકો છે. સમરસ ખાતે કોવિડ કેર સેન્ટરમાં ૬૪ લોકો છે. ૧૬૯૭ જેટલી ટીમો ડોર ટુ ડોર સર્વેલન્સ માટે કાર્યરત છે. સ્લમ વિસ્તારોમાં કુલ ૪૦ ફિવર ક્લિનીક ચાલુ કરવામાં આવ્યા છે. મોબાઈલ ફિવર ક્લિનીકમાં સૌથી વધુ લોકો નિદાન તપાસ માટે જતાં હોવાથી તેની સંખ્યા વધારવામાં આવશે. ૬૦ જેટલી રિક્ષા દ્વારા કોવિડ અંગે જાગૃત્તિ લાવવામાં આવી રહી છે.

કેન્દ્ર સરકારના જણાવ્યા પ્રમાણે કોરોનાના માઈલ્ડ લક્ષણો હોય તો ઘરે પણ સારવાર કરી શકાય છે, અને ઘરે આઈસોલેટ થઈ શકાય છે. ૪૩,૦૦૦ લોકોને આજે હોમિયોપેથીક દવાનું વિતરણ કરવામાં આવ્યું છે. માસ્કને પહેર્યા પછી તેને જ્યાં-ત્યાં ન ફેંકવામાં આવે અને માસ્કના આગળના ભાગને અડકવુ નહીં. જે દુકાનો સોશ્યલ ડિસ્ટન્સ સહિતના નિયમોનું પાલન ન કરતી હતી, તેમાની ૧૨૭ શોપને આજ રોજ બંધ કરાવવામાં આવી હતી. કોઈ પણ સોસાયટી કે એપાર્ટમેન્ટમાંથી કેસો મળશે તો તેને ૨૮ દિવસ માટે ક્વોરન્ટાઈન કરવામાં આવશે.

અત્યાર સુધી ૭,૧૦,૦૦૦ કરતા વધુ લોકોને સુરતથી પ્રવાસીઓને પોતાના વતન મોકલવામાં આવ્યા છે. તેમણે શહેરીજનોને લોકડાઉનનું પાલન કરવાં તેમજ જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવા, માસ્ક અચૂક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તેમજ લોકડાઉનનું સતર્કતાપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી.

નોંધનીય છે કે, સુરત શહેરના ૧૪૨૪ અને જિલ્લાના ૯૭ મળીને કુલ ૧૫૨૧ કેસો નોંધાયા છે.

સુરત જિલ્લામાં ૯૦૨૦ ટેસ્ટિંગ પૈકી ૮૮૪૨ના તપાસ રિપોર્ટ નેગેટિવ

સુરત જિલ્લામાં સર્વે અને આરોગ્યની ૧૬૦ ટીમ કાર્યરત

સુરત

સુરત જિલ્લામાં ગઈ કાલે ૦૯ દર્દી સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા છે. કુલ ૭૮ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે, સુરત જિલ્લામાં ગત રોજ પોઝિટીવ કેસોની સંખ્યા ૯૭ હતી, જેમાં આજે નવો કોઈ પોઝિટિવ કેસ નોંધાયો નથી આજ સુધી કુલ ૯૭ કોરોના પોઝિટીવ કેસો થયા છે. જયારે કુલ ૦૨ દર્દીના મૃત્યુ નોંધાયા છે. કુલ ૯૦૨૦ ટેસ્ટીંગ કરવામાં આવતાં ૯૭ પોઝિટીવ અને ૮૮૪૨ નેગેટીવ કેસો જયારે ૩૬ કેસના રિપોર્ટ પેન્ડિંગ તેમજ ૪૫ રિપીટ સેમ્પલ નોંધાયા છે.

૪૦ એક્ટિવ ક્લસ્ટર જેમાં, બડતલ-સરકુઇ, ખોડાંબા, નસારપુરા, કડોદરા, પાલી (સાંઈભુપત), દિહેણ, પાલી (ડી.એમ.નગર), લાજપોર, ઈચ્છાપોર, વેગી, વરેલી (ગાયત્રી નગર), વરેલી(દત્ત કૃપા), વરેલી(શાંતિ નગર), વરેલી(વ્રજધામ વિસ્તાર), બારડોલી નગર(તાઈવાડ), વિહારા, ચલથાણ, ભટગામ, નવી પારડી, વલથાણ (શિવશક્તિ), નવા ચકરા, શામપુરા, લીડીયાત, કપ્લેથા, લાજપોર (કોળીવાડ), લાજપોર (પોપડીયુ ફળિયુ), ઈચ્છાપોર (ઘંટી ફળિયુ), લસકાણા, રાજવડ, નનસાડ, કરચેલિયા, વરેલી(મનમંદિર કોમ્પ.), ગંગાધરા(કિષ્ણા વેલી), કરચકા, કોસંબા, વરેલી(પરમહંસ), સારોલી (નેચર વેલી), વાવ (એસ. આર. પી કેમ્પસ), તરાજ (ખાડી ફળીયુ) લસકાણા (ગોપાલનગર) કન્ટેઈનમેન્ટ કલસ્ટર વિસ્તારનાં કુલ ૧૭૭૪૪ ઘરો અને કુલ વસ્તી ૭૫૨૭૪ જેટલી છે. જેમાં સર્વે અને આરોગ્યની ૧૬૦ ટીમ કાર્યરત છે.

નોંધનીય છે કે સુરત જિલ્લામાં ૨૫૧૭ લોકો હોમ કોરન્ટાઈન હતા. આજે ૧૨૯ નવા લોકોનો ઉમેરો થતા કુલ ૨૬૪૬ લોકો હોમ કોરન્ટાઈન છે. જયારે આજે ૧૫૩ લોકોનું હોમ કોરન્ટાઈન પૂર્ણ થતા કુલ ૨૪૯૩ લોકોને હાલ હોમ કોરન્ટાઈન કરવામાં આવ્યા છે

મોડીરાત્રે પીપલોદના બે યુવકોએ એકબીજાને ચપ્પુના ઘા માર્યા

જુની અદાવતમાં મારામારી કરનાર બંને યુવકો લોહીલુહાણ

સુરત

મગદલ્લા જુની પોલીસ લાઈનથી આગળ કાચા રસ્તા ઉપર એક યુવક ઉપર ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરવાની કોશિશ થઈ હતી.

ઉમરા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર પીપલોદ સારસ્વતનાગરમાં રહેતાં મનીષ રાજુ રાઠોડે ફરિયાદી ભરત બાબુ રાઠોડ સાથે થયેલી ઝઘડાની અદાવતમાં પેટના ભાગે ચપ્પુ મારી હત્યા કરવાની કોશિશ કરી હતી. બનાવ અંગે ભરત રાઠોડે ઉમરા પોલીસ સ્ટેશને આરોપી મની, રાજુ રાઠોડ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ પ્રકરણમાં સામા પક્ષે મનીષ રાજુ રાઠોડે આરોપી ભરત રાઠોડ સામે ચપ્પુના જીવલેણ ઘા માર્યા હોવાની ફરિયાદ નોંધાવી હતી. ઉમરા પોલીસે બંને પક્ષની ફરિયાદ નોંધી હત્યાની કોશિશનો ગુનો દર્જ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

પશુઓની ગેરકાયદે હેરફેર કરતી ટ્રક ઝબ્બે

સુરત

પલસાણા તાલુકાના ચલથાણ ઓવરબ્રીજ પરથી બાતમીના આધારે કડોદરા પોલીસે ગેરકાયદેસર રીતે પશુઓને ભરીને લઈ જતી ટ્રકને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કડોદરા વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગમાં હતી. ત્યારે ખાનગી રાહે બાતમી મળી હતી કે એક ટ્રક પશુઓને ક્રૂરતા પૂર્વક ભરીને લઈ જતી છે જે બાતમીના આધારે કડોદરા પોલીસે ચલથાણ ઓવરબ્રીજ પરથી આરજે-૧૯-જીએ-૬૫૧૭ નંબર ટાટા કંપનીની ટ્રકને અટકાવવા જતા પોલીસને જોઈ ટ્રક ચાલક ટ્રક મૂકીને ભાગી ગયો હતો. પોલીસે ટ્રકની તલાશી લેતા ટ્રકમાંથી પશુઓ મળી આવ્યા હતા. પોલીસે ૧૨ ભેંસો કિંમત રૂા.૨૪૦૦૦ તથા ૨ પાડા કિંમત રૂા.૬૦૦૦ મળી રૂા.૨,૪૬૦૦૦ તથા ટ્રક કિંમત રૂા.૮૦,૦૦,૦૦૦નો મુદ્દામાલ જમ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દક્ષિણ-પશ્ચિમ દિશાથી પવન ફુંકાતા ઉનાળામાં ભારે રાહત

અરબી સમુદ્રમાં સંભવિત વાવાઝોડાએ ઓમાન તરફની દિશા પકડી

સુરત

અરબી સમુદ્રમાં હવાનું હળવું દબાણ આકાર લેતા તે આગામી દિવસોમાં વાવાઝોડામાં માં પરિવર્તિત થાય તેવી શકયતા છે . સંભવિત વાવાઝોડા ની દિશા ગુજરાત તરફથી બદલાઈને ઓમાન તરફ ની થતા હાલના તબક્કે વાવાઝોડા ની ઘાત ટળી છે. દક્ષિણ ગુજરાતમાં ઉનાળાની અસહ્ય ગરમી અને બફારા માં રાહત અનુભવાઇ રહી છે. આજે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં દક્ષિણ પશ્ચિમ દિશાથી ભારે પવન ફૂંકાઇ રહ્યો છે. ગત રોજની સરખામણીમાં આજે સાંજ સુધી ગરમીનો પારો ૩૪ ડિગ્રીની આસપાસ રહે તેવી શકયતા છે .

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગતરોજ શહેરનું અધિકતમ તાપમાન ૩૪.૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આજે સવારે શહેરનું ન્યુનતમ તાપમાન ૨૯.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૨ % અને હવાનું દબાણ ૧,૦૦૭.૭ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ દક્ષિણ-પશ્ચિમ દિશાથી કલાકના સરેરાશ ૧૪ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ભારે સુસવાટાભેર પવન ફૂંકાઇ રહ્યો છે. ગતરોજ ની સરખામણીએ આજે ભારે પવન ફૂંકાતા અસહ્ય ગરમી અને બફારાથી રાહત અનુભવાઇ રહી છે. મે મહિના ના છેલ્લા અઠવાડિયા દરમિયાન તાપમાન નો પારો ઘટી જતા શહેરીજનોને ઉનાળાની કાળઝાળ ગરમી માં હંગામી રાહત નો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગે વધુમાં જણાવ્યું છે કે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આગામી બે ત્રણ દિવસ ક્રમશઃ ગરમીમાં ઘટાડો નોંધાશે. આજે શુક્રવારે સુરત શહેર સહિત જિલ્લામાં ભારે પવન ફૂંકાતા અસહ્ય ઉકળાટ અને બફારા થી રાહત અનુભવાઇ રહી છે. આગામી આગામ ૩ દિવસ દરમિયાન સંભવિત વાવાઝોડા ની અસર દક્ષિણ ગુજરાતમાં રહે તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યકત કરવામાં આવી છે. હવામાન વિભાગના સૂત્રોએ વધુમાં જણાવ્યું છે કે અરબી સમુદ્રમાં સર્જાયેલી રહેલ વાવાઝોડાની દીશા ગુજરાત ના બદલે ઓમાન તરફ ફંટાઈ હોવાનું જાણવા મળ્યું છે હાલ વાવાઝોડાની ઘાટ ટળી હોવાનું માની શકાય તેમ છતાં હવામાન વિભાગ સતત પવનની દિશા પર નજર રાખી રહ્યું છે.

ગાંધીજીના વસ્ત્રોમાં ખિસ્સુ નહતું પણ આજે દરેક ખિસ્સામાં ગાંધીજી રહે છે

અમરોલી કોલેજ દ્વારા જીવનમાં ખુશી લાવવી વિષય પર નવમાં વેબીનારનું આયોજન

સુરત

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં દ્વારા તા. ૨૮ મે, ૨૦૨૦ ગુરૂવારના રોજ "જીવનમાં ખુશી લાવવી" વિષય અંતર્ગત google Meet y™u You Tube ના માધ્યમથી નવમાં નેશનલ વેબીનારનું આયોજન થયું હતું. જેમાં મોટીવેશનલ સ્પીકર શ્રી સંજય રાવલ મુખ્ય વકતા તરીકે સમગ્ર ભારતના વિવિધ રાજયોમાંથી ૪૦૦૦ જેટલા લોકોને સંબોધિત કર્યા હતા. જેમાં શ્રી સંજય રાવલે જણાવ્યું કે જયારે વ્યકિત પોતાની રોજીંદી જીંદગીમાં ખૂબ જ વ્યસ્ત રહેતો હતો ત્યારે કોરોના વાયરસએ પરિવાર, કુદરત અને બાળક સાથે રહેવા સમય આપ્યો છે. કોરોના વાયરસ જેને અડે તે વ્યકિત પોઝિટીવ બનતી હોય છે તેમ દરેક માણસે પોઝિટીવ બનવું જોઈએ કે જેથી તેના સંપર્કમાં આવનાર ખુશ રહી શકે. તેમણે જણાવ્યું કોરોનાનો ભય છોડી આપણી અંદર રહેલી શકિતઓને જાગ્રત કરી નવી કળાઓ, આવડત વિકસાવી, આત્મવિશ્વાસ વધારી નવેસરથી જીંદગીની શરૂઆત કરવી જોઈએ.આપણે કોરોના સાથે જ રહેવું પડશે. જેથી મસ્ત જીવન જીવો, સજાગ બનો, સભાન બનો. ઈશ્વર પર અતુટ શ્રધ્ધા રાખી, સારા કર્મો કરવાથી, બીજાને કઈક આપવાથી જંદગી ખુશમય બને છે. શિક્ષણમાં આપણી સંસ્કૃતિનો વારસો, ઈતિહાસ, માહાપુરુષોનું જીવનચરિત્ર અભ્યાસક્રમમાં લાવવાથી શિક્ષણ પ્રવૃતિમાં સુધારો લાવી શકાય. સનાતન ધર્મમાં, ગીતામાં, આપણા વૈદિક શાસ્ત્રમાં, રામાયણ, મહાભારતમાં ખુશ રહેવાની ચાવી અને મંત્ર છુપાયેલો છે. જેને વધુને વધુ વાચવાથી એના વિશે જાણવાથી યુવાનોને ખુશીના માર્ગે લાવી શકાય.

શ્રી સંજય રાવલે જણાવ્યું કે, હંમેશા પરિવાર સાથે રહેવું જોઈએ આ માટે તેમણે શ્રી ગણેશજીનું ઉદાહરણ આપ્યું હતું કે જયારે પુજા થશે પહેલા તારી થશે એવું વરદાન શંકર ભગવાને શ્રી ગણેશને ત્યારે આપ્યું હતું જયારે શ્રી ગણેશે માતા-પિતાની પ્રદશિણા કરી હતી. સાવરણી સાથે રહે તો કચરો સાફ કરે છે પરંતુ છૂટી પડે તો તે પોતે કચરો બની જાય છે. શ્રી સંજય રાવલે સફળતા વિશે જણાવતા કહ્યું હતું કે સરદાર વલ્લભભાઈ પટેલ પાસે મૃત્યુ સમયે માત્ર ૨૫૦ રૂપિયા હતા અને તે પણ તેમણે દાનમાં આપી દીધા હતા. ત્યાર પછીના વર્ષોમાં ૩૦૦૦ કરોડ રૂપિયાનું સરદાર વલ્લભભાઈ પટેલનું સ્ટેચ્ય બન્યું. ગાંધીજી પાસે એમના વસ્ત્રોમાં ખીસું ન હતું પરંતુ આજે દરેક ભારતીયના ખીસ્સામાં ગાંધીજી રહેલા છે. તેમણે પોતાના વકતવ્યમાં લોકડાઉનના વર્તમાન સમયમાં ખૂબ જ ઉપયોગી માહિતી આપી હતી. તેમજ પ્રશ્નોત્તરીના પણ ખૂબ જ સરસ જવાબો ઉદાહરણ સહિત આપ્યા હતા. મુખ્ય વકતાનો પરિચય પ્રા. ડૉ. કૃતિ પટેલ તેમજ આભારવિધિ ડૉ. ચિરાગ સિધ્ધપુરીયાએ કરી હતી. વેબીનારનું સંચાલન ડૉ. મેહુલ શાહ ડૉ.મયંક સોઢા અને ડૉ. ચિરાગ સિધ્ધપુરીયા તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળ કરવામાં આવ્યું હતું. અહી ઉલ્લેખનીય છે કે જયારથી લોકડાઉન થયુ ત્યારથી જ અમરોલી કોલેજના આચાર્યશ્રી ડૉ. કે. એન. ચાવડાના માર્ગદર્શન દ્વારા આવા વેબીનાર સીરીઝ તેમજ વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન શૈક્ષણિક વર્ગો ચલાવવામાં આવે છે.

સિટીલાઈટ ખાતે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરાયું

જિલ્લા આયુર્વેદ શાખાની કામગીરીની સરાહના કરતાં નમંત્રી

સુરત

કોરોના મહામારીએ વિશ્વને પોતાના સકંજામાં લીધું છે. આયુષ મંત્રાલય દ્વારા દેશભરમાં કોરોના સામે જનતા જનાર્દનને પોતાનું સ્વાસ્થ્ય જાળવવા માટે અપીલ કરવામાં આવી રહી છે. આવા સમયે લોકોએ રોગ પ્રતિકારક શક્તિ વધારવી ખૂબ જરૂરી બની છે, ત્યારે સુરતની આયુર્વેદ શાખા-જિલ્લા પંચાયત દ્વારા વન અને આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાની પ્રેરણાથી તાજેતરમાં સુરતના સિટીલાઈટ સ્થિત સૂર્યદર્શન કોમ્પ્લેક્ષ ખાતે એક સપ્તાહ સુધી ×આયુર્વેદિક ઉકાળા× અને હોમિયોપેથી દવાનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

સુરત જિલ્લા આયુર્વેદ અધિકારી ડો.મિલન એન.દસોંદી, હોમિયોપેથિક મેડિકલ ઓફિસર ડો. બ્લેસી મેથ્યુ, ડો. હેતલબેન માવદીયા, હોમિયોપેથિક મેડિકલ કાઉન્સિલના સભ્યશ્રી ગોરધનભાઈ કોશિયા દ્વારા જરૂરિયાત ધરાવતાં લોકોને દવાનું સેવન કરાવાયું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીને આયુર્વેદ શાખા દ્વારા હોમિયોપેથી દવા આર્સેનિક આલ્બ ૩૦ નો જથ્થો અર્પણ કરવામાં આવ્યો હતો.

મંત્રીશ્રીએ જિલ્લા આયુર્વેદ શાખા દ્વારા ઉકાળા અને હોમિયોપેથી દવા વિતરણની કામગીરીની સરાહના કરી હતી.

મહિધરપુરા હિરા બજાર અને ટેક્સટાઈલ માર્કેટ વિસ્તાર કલસ્ટર ઝોનમાંથી મુક્ત થયા

૨૮ દિવસ સુધી એક પણ પોઝિટિવ કેસ નહીં નોંધાતા કલ્સટર વિસ્તાર હવે રેડઝોનમાં તબદીલ

સુરત

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ COVID-૧૯ ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે અને ભારતમાં પણ coVID-૧૯ ના કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરાના વાયરસ COVID-૧૯ ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ, જે અનુસંધાને શહેરના કેટલાક વિસ્તારો કે જેમાં કોરોના વાઇરસ (COVID-૩૯) નું સંક્રમણ વધુ જણાતા તે વિસ્તારને વિવિધ જાહેરનામાં પ્રસિદ્ધ કરી કલસ્ટર જાહેર કરવામાં આવેલ. જે સંદર્ભે માન. મેયરશ્રી, માન. ડે. મેયરશ્રી, માન. અધ્યક્ષશ્રી (સ્થાયી સમિતિ), માન. કમિશનરશ્રી તથા અન્ય પદાધિકારીશ્રીઓ / અધિકારીશ્રીઓ સાથે ચર્ચા વિચારણા કરી જે વિસ્તારમાં છેલ્લા ૨૮ દિવસમાં એક પણ પોઝીટીવ કેસ નોધાયેલ ન હોઈ, તેવા વિસ્તારને કલસ્ટર માંથી મુક્તિ આપી રેડ ઝોનમાં મુકવામાં આવેલ છે. જે મુજબ સેન્ટ્રલ ઝોન અને લિંબાયત ઝોન વિસ્તારમાં આવેલ ટેક્ષટાઈલ માર્કેટ, ઈન્ડસ્ટ્રીયલ એરિયા, મહીધરપુરા હીરા બઝાર વિસ્તારને ક્લસ્ટર માંથી મુક્ત કરવામાં આવેલ છે. પરંતુ આ વિસ્તારના તમામ વેપારીઓ તથા અન્ય લોકોએ COVID-૧૯ અંતર્ગતની ગાઈડ લાઈનનું સંપુર્ણ પાલન કરવાનું રહેશે. અન્ય ઝોનમાં પણ ઉપર મુજબ જે વિસ્તારમાં છેલ્લા ૨૮ દિવસમાં એક પણ પોઝીટીવ કેસ નોધાયેલ ન હોઈ, તેવા વિસ્તારમાં કલસ્ટરમાં ફેરફાર કરી રેડ ઝોન જાહેર કરવામાં આવેલ છે. પરંતુ હવે પછી પણ શહેરના આ વિસ્તાર કે અન્ય કોઈપણ નવા વિસ્તારમાં પોઝીટીવ કેસ નોધાશે તો તે વિસ્તારને ક્લસ્ટર તરીકે જાહેર કરવામાં આવશે. આથી તમામ શહેરીજનોને કોરોના વાઈરસની હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ સોશીયલ ડીસ્ટન્સીગ (Social Distancing) નું પાલન કરવા, ફરજીયાત માસ્ક પહેરવા તથા સેનીટાઈઝરથી નિયમિત હાથ સાફ કરવા તેમજ કામ વગર ઘરની બહાર ન નિકળવા અપીલ કરવામાં આવે છે.

રાજપીપળા ના પો.કો.એ યુવાન પાસે કેસ પતાવટની ધમકી આપી ૧૫૦૦ રૂ.લીધા ના આક્ષેપ સાથે ડિજીપી ને રજુઆત

રાજપીપળા રામબાગ સોસા.ના યુવાને ન્યાય મેળવવા રાજ્ય પોલીસ મહા નિર્દેશક શિવાનંદ ઝા,નર્મદા જીલ્લા કલેકટર,નર્મદા ડીએસપીને લેખીત ફરીયાદ કરી કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવાની માંગ કરી છે



તસવીર : ભરત શાહ

થોડા દિવસ પહેલાજ ડેડીયાપાડા પોલીસના માણસો વાહન ચાલકો પાસેથી પૈસા ઉઘરાવી રહ્યાના આક્ષેપો બાદ જીલ્લામા આ બીજો આક્ષેપ

રાજપીપળા

રાજપીપળા રામબાગ સોસાયટી મા રહેતાં યુવાન ને ત્રણ સવારી મોટરસાઈકલ ઉપર જતાં વડીયા જકાતનાકા ના પોલીસ સર્વેલન્સ કેમેરા મા કેદ થઈ જતાં,નર્મદા એલ. સી. બી. પોલીસ દ્વારા નોટીસ અપાઈ તેમા જણાવ્યા મુજબ તા.૨૫ મેં એ રાજપીપળા પોલીસ સ્ટેશન મા હાજર થવા જણાવવામાં આવ્યું હતું.

આ નોટીસ માં પોલીસ શુ કાર્યવાહી કરે છે તેનાથી અજાણ આ યુવાન પોતાના મિત્ર ને લઈ ને રાજપીપળા પોલીસ સ્ટેશને તા.૨૫ મે ના રોજ હાજર થયો ત્યાં આ કેસ બાબત ની કામગીરી કરતાં એક પોલીસ કોન્સ્ટેબલ એ આ યુવાન વિજયભાઈ જયંતીભાઈ પટેલ ને કેસ ની પતાવટ કરવી હોય તારે મને ત્રણ હજાર રૂપિયા આપવા પડશે એમ કહી ગેરકાયદેસર રીતે નાણાં ની માંગણી કરી હોવાના રજુઆત માં આક્ષેપ લગાવ્યા છે.અને જો નહીં આપે તો તને મોટરસાઈકલ સહીત ગુનાહીત કૃત્ય મા સંડોવી નાંખીશ તેવી તેવી ધમકી આપી તેમ પણ જણાવ્યું હતું.

અરજદાર યુવાન વિજયભાઈ પાસે પૈસા ઓછા હોય રાજપીપળા પોલીસ સ્ટેશન મા જામીનદાર નુ કામ કરતા રાજુભાઈ પંચોલી ને જામીનદાર તરીકે લઈ આવવા જણાવેલ અને જામીનદાર તરીકે રહેવા બદલ રાજુભાઈ પંચોલી ને ૫૦૦ રૂ.અલગ થી આપી દેવા કહ્યુ હતું અને પો.કો.પોતાને ૩૦૦૦ રૂ. ના બદલે ૧૫૦૦ રૂ.આપી દેવા જણાવતા ગભરાઈ ગયેલાં યુવાને કોન્સ્ટેબલ ને ૧૫૦૦ રૂ. રોકડા અને જામીનદાર રાજુભાઈ પંચોલી ને ૨૦૦ રૂ. આપ્યાં હતાં. આમ કુલ ૧૭૦૦ રૂ. આપ્યાં હતાં. ત્યાર બાદ કોન્સ્ટેબલે ધમકી ભર્યા સ્વર મા કહ્યું હતુ કે આ બાબત ની જાણ કોઈ ને પણ કરતો નહીં, અને યુવાન ની તથા જામીનદાર રાજુભાઈ પંચોલી ની સહી કરવ્યા બાદ નાંણા ની કોઈ પણ જાત ની રસીદ કે પહોંચ આપી ન હતી.

આમ રાજપીપળા ના એક પોલીસ કોન્સ્ટેબલે આ યુવાન પાસે થી ગેરકાયદેસર પૈસા પડાવી લઈ ધમકી આપતાં વ્યથિત થયેલાં યુવાને ન્યાય મેળવવા માટે રાજ્ય પોલીસ મહા નિર્દેશક શિવાનંદ ઝા,નર્મદા જીલ્લા કલેકટર તેમજ નર્મદા જીલ્લા એસ. પી. હિમકર સિંહ ને આ બાબત ની લેખીત ફરીયાદ કરી તપાસ કરી કોન્સ્ટેબલ ને નોકરી માથી સસ્પેન્ડ કરવા ની માંગ કરતા નર્મદા પોલીસ બેડા માં આ રજુઆત બાબતે ભારે ચકચાર મચી જવા પામી છે.

નદોદના વાઘેથા ગામનો બનાવ

પોલીસને દારૂની બાતમી આપે છે કહી પિટાઈ બાદ જાન થી મારી નાંખવાની ધમકી



પોલીસના બતમીદાર પર હુમલો કરનારા એક મહિલા સહિત ૫ વિરુદ્ધ આમલેથા પો.સ્ટે.માં ફરિયાદ

રાજપીપળા

નર્મદા જિલ્લા ના નાંદોદ તાલુકા ના વાઘેથા ગામના એક યુવાન ને પોલીસ ને દારૂ ની બાતમી આપી અમારે ત્યાં વારંવાર રેડ પડાવે છે તેમ કહી હુમલો કરનાર પાંચ વિરુદ્ધ ફરિયાદ થવા પામી છે.

પ્રાપ્ત માહિતી મુજબ વાઘેથા ગામના ચંદ્રકાંતભાઈ મનસુખભાઈ વસાવા એ આપેલી ફરિયાદ મુજબ એ પોતાના ખેતરે હતા ત્યારે ગામના પ્રિતેશ દાવનજીભાઈ વસાવા એ અચાનક આવી લાકડી વડે હુમલો કર્યો તેની સાથે બીજા લોકો માં વિરલ બચુભાઈ વસાવા સુનિલ મહેંદ્રભાઈ વસાવા,રેખાબેન મહેંદ્રભાઈ વસાવા ગીરીશ સોમાભાઈ વસાવા એ પણ ગાળો આપી તું પોલીસને દારૂ વેચવા અંગેની બાતમી આપે છે જેથી પોલીસ અમારા ઘરે તેમજ ગામમા અવરનવર આવી રેડ કરે છે. અને હવે પછી જો અમારી બાતમી આપીશ તો જાનથી મારી નાખીસુ તેવી ધમકી આપી એકબીજાને મદદગારી કરી હતી. આમલેથા પોલીસે પાંચ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

નર્મદા જિલ્લા સેવાસદનમાં કાર્યરત બાળ સુરક્ષા વિભાગની કચેરીમાં કર્મચારીઓના માથે મંડરાતું જોખમ



કચેરીની છત ઉપર થી રોજ પોપડા પડે છે છતમાં કટાઈ ગયેલા સળિયા પણ સ્પષ્ટ દેખાતા હોઈ નીચે બેસતા કર્મચારી પર મંડરાતું જોખમ

જિલ્લા સેવા સદનની બિલ્ડીંગ માં આવી ઘણી કચરીઓ જોખમી હશે ત્યારે જોખમ નીચે કામ કરતા કર્મચારીઓ ના હિત માં તાત્કાલિક મરામત જરૂરી

રાજપીપળા

રાજપીપળા ખાતે આવેલી નર્મદા જિલ્લા સેવા સદન બિલ્ડીંગ ના ભોઈ તળિયે આવેલી બાળ સુરક્ષા વિભાગ ની કચેરી માં કામ કરતા કર્મચારીઓ ભય ના ઓથા હેઠળ કામ કરી રહયા છે કેમ કે કચેરી ની છત પર થી રોજ પડતા પોપડા અને ઉપર સિલિંગ માં કાટ ખાઈ ગયેલા બહાર જણાઈ આવતા સળિયા માંથી ગમે ત્યારે જાણે સ્લેબ નીચે પડશે તેવો ડર આ કચેરીમાં કામ કરી રહેલા કર્મચારી ઓને સતાવી રહ્યો છે.

જોકે જાણવા મળ્યા મુજબ સેવા સદન ની આ બિલ્ડીંગ માં ઘણી કચેરીઓમાં આવી હાલત છે તેમ છતાં આવી કચેરી માં કર્મચારીઓ જોખમરૂપ કામ કરવા મજબૂર આખા નર્મદા જિલ્લા નું જ્યાં થી સંચાલન થઈ રહ્યું હોય તેવી જિલ્લા સેવાસદન ની



તસવીર : ભરત શાહ

બિલ્ડીંગ માજ જો આવી બેદરકારી જણાય અને તે બાબતે ત્યાં બેસતા ઉચ્ચ અધિકારીઓ પણ જ્યારે આંખ આડા કાન કરતા હોઈ ત્યારે જીલ્લા નો વિકાસ અને વહીવટ કેવી રીતે થતો હશે એ બાબતે અનેક સવાલો ઉઠી રહયા છે.શુ જીલ્લા કલેક્ટર આ બાબતે અજાણ હશે...?

લોકડાઉન દરમ્યાન પોતાના કર્મચારીઓને પગાર નહીં ચૂકવતા લાર્સન એન્ડ ટુબ્રો કંપનીને અપાઈ નોટીસ

નોટિસ મળતા જ લાર્સન એન્ડ ટુબ્રો (L&T) કંપનીએ તાત્કાલિક પગાર ચૂકવ્યો



તસવીર : ભરત શાહ

રાજપીપળા

કેટલાક અખબારોમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ફરજ બજાવતા કર્મચારીઓને બે મહિનાથી પગાર નહીં મળવા બાબતે અહેવાલ પ્રસિધ્ધ થયા હતા જેમાં એવી સ્પષ્ટતા થઈ કે આ તમામ કર્મચારી ઓ સ્ટેચ્યુ ઓફ યુનિટીના કોન્ટ્રાકટર લાર્સન એન્ડ ટુબ્રો (L&T) હસ્તક ફરજ બજાવે છે.

આ સમગ્ર બાબત ગત રોજ મુખ્ય વહીવટદારની કચેરી, સ્ટેચ્યુ ઓફ યુનિટીના ધ્યાને આવતા લાર્સન એન્ડ ટુબ્રો (L&T) ને નોટીસ આપી ખુલાસો માંગવામાં આવ્યો અને તાત્કાલિક અસરથી કર્મચારીઓને પગાર ચૂકવી આપવા નોટિસ આપવામાં આવતા ત્યારબાદ તમામ કર્મચારીઓને તેમનો નિયત પગાર ચૂકવી દેવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં લોકડાઉન લાગુ પડ્યુ તે દિવસથી જ રાજ્ય સરકારે આદેશ કરેલા કે તમામ સરકારી કચેરી હસ્તકના તમામ કાયમી અને આઉટ સોર્સિંગ એજન્સીના કર્મચારીઓને પગાર ચૂકવવો તે મુજબ મુખ્ય વહીવટદારની કચેરી, સ્ટેચ્યુ ઓફ યુનિટી સાથે જોડાયેલ તમામ એજન્સીને લેખિતમાં જાણ કરી તેમના હસ્તકના તમામ આઉટસોર્સિંગ કર્મચારીઓને તેમનો નક્કી કરાયેલ પગાર ચૂકવવા લેખિતમાં જાણ પણ કરાઈ હતી.જોકે ત્યારબાદ તમામ કર્મચારીઓને તેમનો પગાર ચૂકવી દેવામાં આવતા કર્મચારીઓમાં ખુશી જોવા મળી હતી.

સુરતમાં ૬૫ વર્ષીય વૃદ્ધ કોરોનાને મ્હાત આપી સાજા થયા

સુરત

સિવિલ હોસ્પિટલના તબીબોને કોરોનાની સામેની લડતમાં મોટી સફળતા મળી છે. ૧૭ દિવસ વેન્ટિલેટર પર જિંદગી અને મોતની વચ્ચે લડતા કોરોનાના પોઝિટિવ વૃદ્ધ દર્દીને હોસ્પિટલની ટીમે યોગ્ય સારવાર અને દેખરેખ રાખી મોતના મુખમાંથી બચાવી લીધા છે. આ વૃદ્ધ દર્દી ૧૭ દિવસ વેન્ટિલેટર અને કુલ ૨૧ દિવસની સારવાર બાદ કોરાનાને મ્હાત આપી ઘરે પહોંચ્યા છે.



ધર્મરાજ પાટીલે જણાવ્યું હતું કે, બે અછવાડિયાથી વધુ વેન્ટિલેટર પર રહ્યો હતો. આ બે અઠવાડિયામાં તબીબો અને હોસ્પિટલના સ્ટાફે તેમની સારી દેખરેખ રાખી અને એટલે જ આજે તેઓ બચી શક્યા છે. મને મોતના મુખમાંથી ડોક્ટરોએ ભગવાન બનીને બચાવ્યો છે. ડોક્ટર મારા માટે ભગવાનથી ઓછા નથી. હું ખૂબ ખુશ છું કે હું જીવી ગયો અને હું બીજા દર્દીઓને પણ કહીશકે અહીં ક્ટેલા સારા ડોક્ટરો છે.

નર્મદા લોકડાઉનમાં અટવાયેલા ૨૦૧ પરપ્રાંતિયો પશ્ચિમ બંગાળ માટે રવાના

નર્મદા

જિલ્લાના ૫ તાલુકાઓમાં આવેલા પરપ્રાંતિયોને વહીવટી તંત્ર દ્વારા તેમનું મેડિકલ ટેસ્ટ કરાવીને ૫ જેટલી બસો દ્વારા વડોદરા ખાતે મોકલવામાં આવ્યા હતા. ત્યાંથી ટ્રેન મારફતે પશ્ચિમ બંગાળ રવાના કર્યા હતા. છેલ્લા ૨ મહિનાથી અટવાયેલા પરપ્રાંતિયોમાં દેવળીયા ખાતે આવેલા બચ્ચો કા ઘર મુસ્લિમ મદરેશાના ૨૦



થી વધુ નાના-મોટા વિદ્યાર્થી બાળકોનો પણ સમાવેશ થાય છે. જેમાં એક મુસ્લિમ બાળકે જણાવ્યું કે, છેલ્લા એક વર્ષથી અમો અમારા ઘરે ગયા નથી અને આજે અમે ઘરે જઈએ છે અમને ઈદથી મોટી ખુશી આજે મળશે, તેવું જણાવી તેની આંખો ખુશીના આંસુથી ઉભરી આવી હતી.

સુરત નગરપ્રાથમિક શાળાની સામાન્ય સભા તોફાની બની

વિપક્ષના સભ્યોએ શાસકોની અણઆવડત લખેલા માસ્ક પહેરી વિરોધ નોંધાવ્યો

સુરત

કોરોનાના લોકડાઉન વચ્ચે નગર પ્રાથમિક શાળા સમિતિની બીજી ઓનલાઈન વીડિયો કોન્ફરન્સથી સામાન્ય સભા મળી છે. જેમાં ૧૪ જેટલા મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યાં છે. વિપક્ષે શાળા મર્જ કરવાનો સખત વિરોધ કર્યો છે. સાથે જ વિપક્ષના સભ્યોએ ચહેરા પર શાસકોની અણઆવડતથી અધિકારીઓને લીલા લહેર સહિતના લખાણવાળા માસ્ક પહેરીને વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો છે.વિરોધપક્ષે કહ્યું કે, ૧૦૦થી ઓછા વિદ્યાર્થીવાળી શાળાને મર્જ કરવાની જગ્યાએ ૧૬૦ જેટલા વિદ્યાર્થીઓની શાળા નિરીક્ષકના કહેવાથી મર્જ કરવામાં આવી રહી છે. શાસક પક્ષે કહ્યું કે, તમામ નિર્ણયો વિપક્ષની સંમતિથી જ લેવામાં આવી રહ્યાં છે.

સફી જરીવાળા (ન.પ્રા. શિ. સ.ના સભ્ય, કોંગ્રેસ વિરોધ પક્ષ)ના નેતાએ જણાવ્યું હતું કે, શિક્ષકોને કોવિડ ૧૯માં અપાયેલી જવાબદારીમાં મામા ફોઈની નીતિ અપનાવાઈ રહી છે. કેટલાક શિક્ષકોને ૨-૩ વાર જવાબદારી સોપાઈને ઓર્ડર અપાયા છે.કેટલાકને કોઈ જવાબદારી ન આપી કોવિડ ૧૯ ની કામગીરીથી દુર રખાયા છે.સમિતિની શાળા ક્રમાંક ૩૮-૩૯ મર્જ કરાઈ એ સદંતર ગેરકાયદેસર અને એક નિરીક્ષકના લેખિત ભલામણથી શાળા મર્જ કરાઈ હોવાનો આરોપ કરાયો છે.

સફી જરીવાળાએ કહ્યું કે, મર્જ પહેલા શાળા મેન્ટેનન્સ કમિટીનો ઠરાવ હોવો જોઈએ, આચાર્યની સલાહ અભિપ્રાય હોવો જોઈએ,જે તે વિસ્તારના કોર્પોરેટર શિક્ષણ સમિતિના સભ્યોનો પણ અભિપ્રાય લેવો જોઈએ. આ તમામ બાબતને નજર અંદાજ કરી નિર્ણય લેવાયો છે. શાળાના મર્જિંગથી લઘુમતીની કન્યા શાળાઓ બંધ કરવાનું ષડયંત્ર હોવાનો આરોપ લગાવાયો છે.પ્રાથમિક શિક્ષણ નિયામકના પરિપત્રક મુજબ કોઈ પણ શાળા મર્જ કરવા માટે વિદ્યાર્થીની સંખ્યા ૧૦૦થી ઓછી હોવી જોઈએ. પરંતુ આ શાળામાં ૧૬૦ વિદ્યાર્થીઓ છે. તો મર્જનો હેતુ કૃત્રિમ છે. શિક્ષકની ઘટને સરભર કરવા માટે શાસકો નિરીક્ષકોના ઘૂંટણિયે પડ્યા હોવાનો આરોપ મુકવામાં આવ્યો હતો.

કતારગામમાં હત્યા કરાયેલી અજાણ્યાની લાશ મળી આવી

સુરત

વહેલી સવારે કતારગામ જીઆઈડીસી કોમ્યુનિટી હોલ પાસેથી એક અજાણ્યા પુરૂષની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. કતારગામ પોલીસ ઘટના સ્થળે ધસી જઈ લાશનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે લાશને હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. કતારગામ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ રાત્રિ સમય દરમિયાન કોઈ અજાણ્યા વ્યક્તિએ મૃતકને પથ્થર મારી હત્યા કરી નાસી ગયો હતો. મૃતકની ઓળખ થઈ નથી. પરંતુ ભિક્ષુક હોવાનું કહેવામાં આવ્યું છે. કતારગામ પોલીસે હત્યાનો ગુનો દર્જ કરી તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કોરોના વાયરસ સામેના જંગ માટેના લોકડાઉનમાં ૬૦ જેટલા દિવસોમાં સુરત શહેરમાં ક્રાઈમ રેડ લગભગ નહીંવત બની ગયો હતો. હવે લોકડાઉનમાં છૂટછાટ જાહેર કરાતા જ સુરત શહેરમાં હત્યા, લૂંટ તથા અદાવતમાં મારા મારીના કિસ્સા ફરીથી વધવા લાગ્યા છે.

મેક ઈન ઈન્ડિયા માત્ર કાગળ પર: સરકારને ભારતીય કરતા વિદેશી કંપનીઓથી વધુ લાભ

ભારતની કંપનીઓ દ્વારા તો છેલ્લા છ મહિનાથી પ્રોડક્શન પણ કરવામાં આવ્યું નથી

સુરત

વૈશ્વિક મહામારી કોરોનાના પગલે તમામ વેપાર ધંધાના ગણિત બદલાય ગયા છે, મોટાભાગના વેપાર ઉદ્યોગને કોરોનાના કારણે મોટું નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે ત્યારે બદલાયેલી શિક્ષણ વ્યવસ્થાના કારણે તેમજ ઓનલાઈન વધી રહેલા મીટિંગ્સ ક્લચરના પગલે મોબાઈલના વેપારમાં જબરજસ્ત ઉછાળો જોવા મળી રહ્યો છે, લોકડાઉનમાં છેલ્લા ૬૦ દિવસોથી ઘરમાં રહેલા લોકોએ અને ખાસ કરીને બાળકોનું શિક્ષણ પણ ઓનલાઈન થઈ જતા ટેબ્લેટ્સ અને આઈપેડ્સના વેચાણમાં ત્રણ ગણો વધારો થયો છે. સુરતની વાત કરવામાં આવે તો જ્યાં પુરા એક મહિનામાં ૧૦૦ ટેબ્લેટ્સનું વેચાણ થતું હતું તે વધીને ૩૦૦ જેટલું થઈ રહ્યું છે. ઉપરાંત ઝૂમ અને ગૂગલ મીટ જેવી એપ્લિકેશનોના વધેલા વ્યાપના પગલે મોટી સ્ક્રીનના મોબાઈલ ફોન પણ ડિમાન્ડમાં આવી ગયા છે.

સુરત મોબાઈલ ડીલર્સ એસોસિએશનના પ્રમુખ સંજીવ ભાટિયાના મતે સરકાર મેક ઈન ઈન્ડિયાની વાતો કરે છે પરંતુ સરકારને ચાઈનાથી ઈમ્પોર્ટ થતા મોબાઈલ ફોન્સ ઉપર ૨૭ ટકા જેટલી માતબર ડ્યૂટી મળે છે, જ્યારે ભારતીય કંપનીઓ જેવી કે ઈન્ટેક્સ, માઈક્રોમેક્સ, લાવા, લાઈફમાં મધરબોર્ડ, સ્ક્રીન અને બેટરી ઈમ્પોર્ટ કરે છે અને તેના ઉપર ૨ ટકા ઈમ્પોર્ટ ડ્યૂટી વસુલવામાં આવે છે, જેથી સરકારને ભારતીય કંપનીઓ કરતા બહારની કંપનીઓથી વધુ લાભ થાય છે ઉપરાંત ભારતની કંપનીઓ દવારા તો છેલ્લા છ મહિનાથી પ્રોડક્શન પણ કરવામાં આવ્યું નથી અને માર્કેટિંગમાં પણ રૂપિયા ખર્ચવામાં માનતી નથી જેના કારણે પણ વિદેશી કંપનીઓને મોટું માર્કેટ મળી રહે છે.